# સંઘભેદ નામનું મહાપાપ


## લેખક

પરમગુરુદેવ પૂજ્યપાદ આચાર્યભગવંત

શ્રીમદ્ વિજય રામચન્દ્ર-રવિચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના કૃપાપાત્ર તેજસ્વી પટ્ટધર
જિનાજ્ઞા પ્રભાવક પૂજ્યપાદ આચાર્યદેવ

## શ્રીમદ્ વિજય જયદર્શનસૂરીશ્વરજી મહારાજા



## પ્રકાશક

શ્રી જિનાજ્ઞા પ્રકાશન

# સંઘભેદ નામનું મહાપાપ : એક અવલોકન

શ્રી તીર્થંકર પરમાત્માએ સ્થાપેલો અને એ જ તારકની આજ્ઞાને મસ્તકે ધારણ કરનારો ચતુર્વિધ શ્રીસંઘ વિશ્વમાં સર્વશ્રેષ્ઠ છે. આવા શ્રી સંઘની સ્તુતિ આગમોમાં પણ કરવામાં આવી છે. આવો શ્રી સંઘ એકાંતે ભક્તિપાત્ર છે. તેની આશાતનાનો વિચાર પણ ન થઈ શકે. આવા શ્રી સંઘમાં અયોગ્ય આત્માઓ ઘૂસી જાય તો શ્રી સંઘની ગરિમાને છિન્નભિન્ન કરી નાંખે. માટે તેવાં અનિષ્ટ તત્ત્વોની હકાલપટ્ટી કરવા માટે સદીઓ પહેલા પૂર્વધરોના નિકટકાલીન પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ ત્રાડ નાંખેલી : **आणाजुत्तो संघो, सेसो पुणट्ठीसंघाओ । "જિનાજ્ઞાને સમર્પિત હોય તે જિનેશ્વર પરમાત્માનો સંઘ. જિનાજ્ઞાને ફગાવી દેનારું મોટું ટોળું પણ હાડકાનો માળો કહેવાય."** જિનાજ્ઞા સ્વીકારવાને બદલે મનમાની કરનારાનો સંઘમાંથી વિચ્છેદ કરનારું તેઓશ્રીનું આ શક્તિશાળી વચન છે. આજે પણ એ એટલું જ વજનદાર છે.

વર્તમાન સદીના અમર યુગપુરુષ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ પણ પરમાત્માએ સ્થાપેલા શ્રીસંઘની સુરક્ષા અને ભક્તિ માટે અજોડ પુરુષાર્થ કરેલો. ભગવાનની આજ્ઞાની છડેચોક હાંસી ઉડાવતી વાતો સંઘના નામે કેટલાક તત્ત્વોએ શરું કરેલી તેનો જબ્બર પ્રતિકાર તેઓશ્રીએ કરેલો. **શ્રી નંદીસૂત્ર આગમમાં કરેલી શ્રી સંઘની સ્તુતિના શ્લોકોના આધારે તેઓશ્રીએ જે રીતે શ્રી સંઘની મહાનતાને પ્રગટ કરેલી તે કદાચ સાહિત્યજગતની અદ્ભુત - અભૂતપૂર્વ ઘટના હતી. આટલા ઊંડાણથી, આટલી પારદર્શી, આટલી ધારદાર, આટલી ગંભીર, આટલી નીડર અને માણસના રુવે રુવે સંઘ પ્રત્યે અહોભાવના દીવડા પ્રગટાવતી રજુઆત વર્તમાનના પ્રાપ્ત સાહિત્યમાં અજોડ છે.** કોઈ શાસ્ત્રગ્રન્થની રચના નહિ, પણ લોકભાષામાં થયેલાં પ્રવચનોની એ ધારાબદ્ધ રજૂઆત હતી. ધસમસતા ગંગાપ્રવાહ જેવી એ પ્રવચનધારામાંથી ઝીલાયેલો એ પ્રવચનોનો સાર બે હજારથી વધુ પાનાંઓમાં સંગ્રહિત થયો છે. આજે પણ એને

વાંચનારમાં શ્રી સંઘ પ્રત્યે ભારોભાર અહોભાવ પ્રગટાવે એવી પ્રચંડશક્તિ એ સંગ્રહમાં છે. જોકે અઢી-અઢી કલાક સુધી અસ્ખલિતપણે વહેતી એ પ્રવચનગંગામાંનો આ એક નાનકડો હિસ્સો છે. આ તો હિમશિલાની ટોચ જ ગણાય. બાકી બધું તો પ્રવાહમાં વહી ગયું. 'સંઘ' શબ્દને ઘૂંટી ઘૂંટીને આટલા સમય સુધી અવિરત પ્રવચનો તેઓશ્રીએ કર્યા એ વર્તમાન સમયની તો એકમાત્ર ઘટના છે પણ ભૂતકાળની સદીઓ ઉપર નજર કરીએ તો પણ મળતા આધારોમાં પણ આ ઘટના એકમાત્ર જણાશે.

આવા સમર્થ શાસનનાયક, સંઘહિતચિંતક - સંઘસ્થવિર મહાપુરુષના હૃદયમાં શ્રીસંઘનું સ્થાન ટોચની કક્ષાએ હતું. સંઘમાં સમાવિષ્ટ આત્માઓને જિનાજ્ઞામાં સ્થિર રાખવાનો પ્રબળ પુરુષાર્થ કરનારા આ મહાપુરુષ માટે આજે 'સંઘભેદ કરનારા' તરીકેનો અપપ્રચાર જોરશોરથી ચાલી રહ્યો છે જે તદ્દન ખોટો છે. આમાં ભોળા લોકોનું ટોળું તો જેવું સૂત્ર અપાય તેવો નારો લગાવે. પણ જેઓ પોતાને ભણેલા-ગણેલા સમજે છે તેઓ પણ આની આગેવાની લઈને ચાલે છે તેમને 'અભ્યાખ્યાન' નામનું પાપ લાગે કે નહિ તે તેઓ વિચારી શકે અને બીજા પણ વિચારવાની ક્ષમતા ધરાવતા આજના બુદ્ધિજીવી માણસો પણ સત્ય સુધી પહોંચવાનો પ્રયાસ કરી શકે તે માટે અહીં તેનો ઈતિહાસ વાગોળવાની ભાવના છે. 'સંઘ' શું અને તેનો 'ભેદ' શું એની જેમને ગતાગમ નથી તેવા માણસો પણ આ સરઘસમાં જોડાઈને પોતાની જાતને પાપમાં પાડી રહી છે તેમને પાપ બાંધતા અટકાવવાની ભાવના પણ ખરી.

પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ઉપર સંઘભેદનો આરોપ, સંવત્સરી સિવાયની બાર પર્વતિથિઓની ક્ષય- વૃદ્ધિને શાસ્ત્રાધારે યથાવત્ રાખીને આરાધના કરવાનું તેઓશ્રીએ ફરમાવ્યું,તેને આગળ કરીને મૂકવામાં આવે છે. આમાં દલીલ એવી થાય છે કે જે પ્રવૃત્તિ ઘણા સમયથી ચાલતી હોય તેનું પરિવર્તન શાસ્ત્રધાર મળતો હોય તો પણ સંઘની રજા વિના ન કરાય. જો એવું પરિવર્તન કરવામાં આવે

તો સંઘભેદનું પાપ લાગે. શ્રી સંઘની રજા લીધા વિના પૂ.આ.શ્રી રામચંદ્ર સૂ.મહારાજાએ સંવત્સરી મહાપર્વ સિવાયની બાર પર્વતિથીઓની ક્ષયવૃદ્ધિ સ્વીકારીને આરાધના વિ.સં. ૧૯૯૨ પછી શરું કરી તેથી તેમને સંઘભેદનું પાપ લાગે છે.

આપણે આ વાત ઉપર વિચાર કરીએ. આ આરોપ ખરેખર સત્ય છે કે અભ્યાખ્યાન નામનું ઊઘાડું પાપ છે તે પણ તપાસીએ. સૌથી પહેલી વાત તો એ થઇ કે આ આખાય બનાવમાં એક હળહળતું જૂઠાણું ફેલાવાય છે. પૂ. આ.શ્રી રામચન્દ્ર સૂ. મ. એકલા બાર પર્વ તિથિઓની ક્ષય વૃદ્ધિનો માર્ગ શાસ્ત્રાધારે નવો શરું કરતા હોય તો જરુર વિચારવું પડે પણ તત્કાલીન સમાચાર પત્રો વગેરે જોઇએ ત્યારે ચિત્ર કંઇક અલગ જ દેખાય છે. પૂ. આ. શ્રી સિદ્ધિસૂરીશ્વરજી મહારાજા, પૂ આ. શ્રી લબ્ધિસૂરીશ્વરજી મહારાજા, પૂ. આ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજા અને અન્ય પણ વડીલ આચાર્ય ભગવંતો વગેરેએ બાર પર્વતિથિઓની ક્ષય- વૃદ્ધિ સ્વીકારીને આરાધના ચાલુ કરી હતી. જો સંઘભેદનું પાપ આ જ મુદ્દા ઉપર લગાડવામાં આવે તો આ બધા જ મહાપુરુષો ઉપર પણ આવું જ કલંક મૂકાઇ જાય છે. બીજા તો ઠીક, પણ ઉપરના મહાપુરુષોના વારસદારો પણ અતિ ઉત્સાહમાં આવી સંઘભેદની બૂમો પાડવા માંડે છે ત્યારે પૂ.આ. શ્રી રામચન્દ્ર સૂ.મ. ની આશાતના કરવાનું પાપ તો બાંધે છે, સાથે પોતાના ગુરુવર્યોને કલંક આપવાનું પણ પાપ બાંધે છે.

અહીં ઘણીવાર પોતાના મતને વજનદાર બનાવવા માટે આ બધા મહાપુરુષોના પત્રોને જાહેરમાં મૂકીને બાર પર્વતિથિની ક્ષય- વૃદ્ધિ એ મહાપુરુષોને ઇષ્ટ ન હતી તેવી સિદ્ધિ કરવાનો ગલત પ્રયાસ કરવામાં આવે છે. જેઓ એ પત્ર વાંચે તેમને પણ થઇ જાય કે આ મહાપુરુષો તો કશું જ જાણતા નથી. બધું શ્રી રામચન્દ્ર સૂ. મહારાજાએ બારોબાર કર્યુ હતું. વાચકોની જાણ માટે જણાવું છું કે ઉપરોક્ત ત્રણે મહાપુરુષોના આ તિથિ સાચી છે, એવા સ્વીકાર સાથે એમાંથી ન ખસવાની મક્કમતા દર્શાવતા પત્રો મેં વાંચ્યા છે. કલંકદાતાઓ જેટલી ઉતાવળ કરીને હું તેને જાહેરમાં મૂક્વા જેટલી ઉતાવળ કરતો નથી પણ એનો અર્થ એવો પણ નથી કે એ પત્રો બહાર નહિ

જ મૂકાય. બે વિરુદ્ધ મંતવ્ય રજુ થાય અને એ મહાપુરુષો માટે લોકોમાં વિવાદ ઊભો થાય એ ઈષ્ટ નથી એટલે હાલ તો આટલો ઈશારો જ કરું છું.

હવે મુખ્ય મુદ્દો જ હાથમાં લઈએ. શું ખરેખર બાર પર્વતિથિની ક્ષયવૃદ્ધિ કરવાનું સદીઓથી માંડી વાળવામાં આવ્યું હતું અને પર્વતિથિની ક્ષયવૃદ્ધિએ આગળ-પાછળની તિથિઓની ક્ષય-વૃદ્ધિ કરવાનું સકળ સંઘે સ્વીકારી જ લીધું હતું,? જો સકળ સંઘ આવું જ સ્વીકારીને ચાલતો હોય અને એકાએક જ, સંઘને કશું જ જણાવ્યા કર્યા વિના શાસ્ત્રાધારોને આધારે માર્ગ ચાલું કરી દેવામાં આવે ત્યારે સંઘભેદના પાપનો વિચાર કરવાનો અવસર ઉભો થાય. જૂના શાસ્ત્રાધારો તો બહું પ્રગટ છે જ પણ છેલ્લી સદીનો ઈતિહાસ જોતા પણ લાગે છે કે આવા કોઈ ધારાધોરણ સંઘમાં એકમતે ચાલતા હોય તેવું જોવા મળતું નથી. ઉપરથી કેવી અંધાધૂંધી તે સમયે પ્રવર્તમાન હતી તેનો ઈતિહાસ થોડો યાદ કરી લઈએ. એ જોયા પછી તો તમે પણ સંમત થશો કે સંઘભેદનું પાપ કોઈ પણ પાયા વિના ઉભું કરવામાં આવ્યું છે.

પ્રાચીન શાસ્ત્રાધારોનો અને અર્વાચીન અંધાધૂંધીનો બરાબર ખ્યાલ આવી શકે તેવો આખો સંગ્રહ એક પુસ્તકમાં મળે છે. પુસ્તકનું નામ ખૂબ લાંબું છે પણ તેમાં કરેલું કામ જોતા લાંબા નામની ફરિયાદ કરવાનું ભૂલી જવાય તેવું છે. પુસ્તકનું નામ છે : **'પર્વતિથિ તથા સંવત્સરી મહાપર્વની આરાધનાને અંગે શાસ્ત્રાનુસારી સુવિહિત પરંપરા માન્ય મનનીય વિચારણા.'** છે ને લાંબુ નામ ? આ પુસ્તકને 'મનનીય વિચારણા' એવા ટૂંકા નામે પણ ઓળખી શકાય છે. પુસ્તકના લેખક છે : પ્રશાંતમૂર્તિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભદ્ર સૂરીશ્વરજી મહારાજાના વિદ્વાન શિષ્યરત્ન પૂ. મુનિપ્રવરશ્રી જનકવિજયજી મહારાજ અને ઉપયોગી પરિશિષ્ટ ૧ થી ૧૦ ના સંગ્રાહક છે : પૂ. પંન્યાસપ્રવરશ્રી જિનેન્દ્રવિજયજી ગણિવર (હાલ આચાર્ય). શ્રી જનકવિજયજી મહારાજનું લખેલું આ પુસ્તક વિ. સં. ૧૯૯૩ની સાલમાં ભાભર સંઘ તરફથી 'સાંવત્સરી પર્વતિથિ વિચારણા' આ નામે બહાર પડ્યું હતું. પરિશિષ્ટ સાથે સમૃદ્ધ બનેલ એ પુસ્તકનું પુનર્મુદ્રણ વિ. સં. ૨૦૨૯માં

ઉપરના લાંબા નામે થયું. આ પુસ્તકમાં છપાયેલ આધારો સાથે બીજા બીજા પણ પુસ્તકોના આધારો લઈને સંઘભેદના વિષયને સમજવાનો પુરુષાર્થ આપણે કરીએ.

આજે ઘણીવાર તમારા કાને એવી દલીલો પડી હશે કે 'જૈન પંચાંગ મુજબ તો તિથિની વૃદ્ધિ આવતી જ નથી અને તિથિનો ક્ષય આવે છે તે પણ દર બાસઠમી તિથિનો. એટલે આજે લૌકિક પંચાંગના આધારે આપણે જે તિથિઓ સ્વીકારીએ છીએ તેમાં આ નિયમ સચવાતો નથી. માટે આજે તિથિની બાબતમાં કોઈ જ સાચું નથી.'

જૈન પંચાંગના નામે આજે જેટલી ગેરસમજો ફેલાવવામાં આવે છે તેનો જવાબ **'શ્રી પર્યુષણા સ્થિતિ વિચાર'** નામના વિ. સં. ૧૪૮૬માં રચાયેલા શાસ્ત્રમાં મળે છે. આ ગ્રન્થના કર્તા છે : પૂ. આ. શ્રી સોમસુંદર સૂ.મ.ના શિષ્ય પંડિત શ્રી હર્ષભૂષણ ગણિવર. તેમણે લખ્યું છે :

**"વિષમકાળના પ્રભાવથી જૈન ટિપ્પણાનો વિચ્છેદ થયેલો છે. ત્યારથી ભાંગેલ - તૂટેલ તે ટિપ્પણા ઉપરથી આઠમ ચૌદશ આદિ કરવાથી તે સૂત્રોક્ત થતી નથી એટલા માટે આગમ અને લોકોની સાથે બહુ વિરોધનો વિચાર કરીને સર્વ પૂર્વ ગીતાર્થ આચાર્યદેવોએ 'આ પણ આગમના મૂખવાળું છે.' એવો વિચાર કરીને પ્રતિષ્ઠા - દીક્ષા આદિ સર્વ કાર્યોનાં મુહૂર્તોમાં લૌકિક ટિપ્પણું જ પ્રમાણ કર્યું છે, સ્વીકાર્યું છે. કારણ કે,**

**શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિ મહારાજાનું પણ વચન છે કે 'અન્ય દર્શનીઓનાં શાસ્ત્રોમાં પણ જે સારું છે તે, હે સર્વજ્ઞ પ્રભુ, આપના કથન કરેલા આગમસમુદ્રનાં જ ઉડેલા બિંદુઓ છે.'**

**આ કારણથી વર્તમાનકાલીન ગીતાર્થ સૂરિવરો પણ એ જ પ્રમાણે લૌકિક ટિપ્પણાને જ પૂર્વગીતાર્થસૂરિવરોની જેમ પ્રમાણભૂત માનીને ચાલી રહ્યા છે."**

આ લખાણથી સ્પષ્ટ સમજાય છે કે પંદરમી શતાબ્દિ અગાઉથી સર્વગીતાર્થોએ લૌકિક પંચાંગના આધારે મુહૂર્ત વગેરે માન્ય રાખવાનું સ્વીકાર્યું છે. આજે જૈન ટિપ્પણાની વાત ઉભી કરવાનો પ્રયાસ જે વિદ્વાનો કરે છે એ અનધિકાર ચેષ્ટા જ છે. પંદરમી શતાબ્દિ પહેલાથી આજ સુધીમાં થઈ ગયેલા ધુરંધર ગીતાર્થોમાંથી કોઈએ જૈન પંચાંગ ઊભું કરવાનું સાહસ કર્યું નથી. સર્વગીતાર્થોને માન્ય લૌકિક પંચાંગને અમાન્ય કરવાની વાત તદ્દન અનુચિત છે.

તમને પ્રશ્ન થશે કે આમાં તો પ્રતિષ્ઠા-દીક્ષાના મુહૂર્ત માટે જ લૌકિક પંચાંગ સ્વીકારવાની વાત લખી છે. આપણા પર્વોની આરાધના માટે ક્યાં લખ્યું છે? તો વાંચો હજી આગળ. ગ્રન્થકાર થોડા આગળ જઈને લખે છે કે

**"હમણાં વૃદ્ધિ પામેલ કે વૃદ્ધિ ન પામેલ તિથિ, માસ, ચોમાસી-પર્યુષણા વગેરે પર્વો, પ્રતિષ્ઠા, દીક્ષા આદિ કાર્યો લૌકિક ટિપ્પણાને અનુસારે જ કરવાનો વ્યવહાર બધે છે."**

આમાં તિથિ, મહિનો, ચોમાસી, પર્યુષણા વગેરે પર્વો પણ લૌકિક પંચાંગના આધારે જ કરવાનું સ્પષ્ટ લખ્યું છે. આજે દીક્ષા-પ્રતિષ્ઠા વગેરેના મુહૂર્તમાં લૌકિક પંચાંગમાં ક્ષયવૃદ્ધિ જે પ્રમાણે આવી હોય તેને માન્ય રાખીને જ એકતિથિ પક્ષ ચાલે છે. જૈન દીક્ષા અને જૈનપ્રતિષ્ઠા હોવા છતાં તિથિને 'જૈન' સંસ્કાર આપવાની વાત ઉચ્ચારતા જ નથી. જ્યારે પર્વ દિવસોની આરાધનાની વાત આવે ત્યારે લૌકિક પંચાંગ મુજબ ન થાય, એમાં તો 'જૈન સંસ્કાર' આપવા પડે એવી વાત કરીને પર્વતિથિઓની ક્ષયવૃદ્ધિમાં ફેરફાર કરે છે. 'મુહૂર્તમાં લૌકિક પંચાગ મુજબ ચાલવાનું પણ આરાધનામાં તો આપણા નિયમ લગાડવા પડે ને? આવું મુગ્ધ લોકોને આડા પાટે ચઢાવવા માટે કહી દેનારા વિદ્વાનો ઉપરના પાઠ તરફ ધ્યાન આપે. આ શાસ્ત્રપાઠ તો પ્રતિષ્ઠા - દીક્ષાની જેમ જ તિથિ, ચોમાસી - પર્યુષણા વગેરે પર્વો (પર્વોમાં બધા આરાધ્ય દિવસોનો સમાવેશ થઈ જાય છે.)માં પણ લૌકિક પંચાંગને આધારે વ્યવહાર કરવાનું લખે છે. દીક્ષા-પ્રતિષ્ઠા વગેરેના મુહૂર્તમાં પોતાનો માનેલો ફેરફાર

કરવા જાય તો ખરાબ ફળ મળવાનો ડર લાગે છે. તિથિની આરાધનામાં ફેરફાર કરે તેમાં ભવાંતર બગડવાનો ડર કેમ નહિ લાગતો હોય ? આરાધ્ય તિથિઓનો મનમાન્યો જેવો ફેરફાર કરવામાં આવે છે તેવો જો મુહૂર્તની બાબતમાં કરવામાં આવે તો હિંદુસ્તાનભરનો કોઈ જ્યોતિષ શાસ્ત્રનો અભ્યાસી માન્ય ન રાખે. આવું ઉટપટાંગ ગણિત મુગ્ધ જૈન આરાધકોના માથે કેમ ઠોકી બેસાડવામાં આવે છે ? ઉપરનો શાસ્ત્રપાઠ તો એવું કરવાની રજા આપતો નથી.

શ્રી શ્રાદ્ધવિધિ પ્રકરણ તો બહું જ પ્રસિદ્ધ ગ્રન્થ છે. શ્રાવકાચારની સાંગોપાંગ માહિતી માટે આ ગ્રન્થનો છૂટથી ઉપયોગ થાય છે. પૂ. આ. ભ. શ્રી રત્નશેખર સૂ. મહારાજાએ વિ. સં. ૧૫૦૬માં રચેલો આ ગ્રન્થ પણ ચોક્ખું ફરમાવે છે કે

**"ચાતુર્માસિક, વાર્ષિક, પાક્ષિક, પંચમી, અષ્ટમી પર્વોમાં તે તિથિઓ પ્રમાણ જાણવી કે જેમાં સૂર્યોદય થયો હોય, અન્ય નહિ. ઉદયમાં ન હોય તેવી તિથિ પ્રમાણભૂત માનવામાં આવે તો આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ અને વિરાધના એવા ચાર મોટા દોષો લાગે છે."**

પર્વતિથિની ક્ષયવૃદ્ધિ આવતા આજે જે રીતે અન્ય તિથિઓની ક્ષયવૃદ્ધિ કરી નાંખવામાં આવે છે તેના કારણે સૂર્યોદયવાળી પર્વતિથિ મળતી નથી. ભળતી જ તિથિને પર્વ તિથિ બનાવી દેવામાં આવે છે. આ મોટા દોષનું કારણ છે.

પર્વતિથિની ક્ષયવૃદ્ધિને ખુલ્લંખુલ્લા સ્વીકારવાની વાત કરનારા સોળમી અને સત્તરમી શતાબ્દિના શાસ્ત્રાધારો મોટી સંખ્યામાં છે.

અકબર બાદશાહના પ્રતિબોધક પૂ. તપાગચ્છાધિપતિ આચાર્યભગવંત શ્રી હીરસૂરીશ્વરજી મહારાજાને પૂછવામાં આવેલા પ્રશ્નો અને તેઓશ્રીએ ફરમાવેલા ઉત્તરોના સંગ્રહ સ્વરૂપનો **શ્રી હીરપ્રશ્નોત્તર** નામનો ગ્રન્થ તિથિની

ક્ષયવૃદ્ધિની પણ વાત કરે છે. ઘણાં પ્રશ્નો આ વિષયના છે તેમાંથી તમને તરત જ સમજાઈ જાય તેવો એક પ્રશ્નોત્તર અહીં રજુ કરું છું :

**"પ્રશ્ન : પુનમ અમાસની વૃદ્ધિ હોય ત્યારે પહેલાં તેમાંની ઔદયિકી (બીજી) તિથિ આરાધ્ય ગણાતી હતી પણ કોઈક એમ કહે છે કે આપ (એટલે કે પૂ. હીર સૂ. મ.) પહેલી તિથિને આરાધ્ય જણાવો છો તો તેમાં શું સમજવું ?**

**ઉત્તર : પુનમ અમાસની વૃદ્ધિ હોય ત્યારે ઔદયિકી (બીજી) તિથિ જ આરાધ્ય જાણવી. અર્થાત્ પહેલી પુનમ અમાસ આરાધ્ય નથી.**

આમાં પુનમ-અમાસની વૃદ્ધિને કોઈ પણ ખચકાટ વિના તપાગચ્છાધિપતિએ સ્વીકારી લીધી છે. "બે પુનમ કોઈ દી' હોતી હશે ? બે પુનમના તમે બે ઉપવાસ કરશો ? બે પુનમ આવે ત્યારે બે તેરસ કરી નાંખવાની. પુનમ તો એક જ હોય !" આવી કોઈ વાત તેઓશ્રીએ કરી નહિ. તેઓશ્રીએ બે પુનમ-અમાસને તે જ રૂપે સ્વીકારી લીધી. ફક્ત આરાધના માટે સમાધાન આપ્યું કે પહેલા દિવસની પુનમ આરાધ્ય નથી. બીજા દિવસની પુનમે પુનમ સંબંધી આરાધના કરવી. આ જ સમાધાન અમાસને પણ લાગુ પડે છે. આજે જ્યારે બે પુનમ-અમાસ આવે ત્યારે બે પુનમ-અમાસને બદલે બે તેરસ કરી નાંખવામાં આવે છે તે સમયે વચ્ચે રહેલી ચૌદશની પથારી ફરી જાય છે. સાસરે ગયેલી વહુનું નામ બદલી નાંખવામાં આવે છે ત્યારે વ્યક્તિ એની એ જ રહે છે ફક્ત નામ જ બદલાય છે. અહીં તો પુનમ-અમાસ અને તેરસના પરિવર્તનમાં આખી ને આખી ઔદયિકી ચૌદશ જ ખોવાઈ જાય છે. ચૌદશને પોતાનું ઘર છોડીને પહેલી પૂનમમાં જઈને બેસવું પડે છે.

તપાગચ્છાધિપતિ આચાર્યભગવંતશ્રી વિજયહીરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર તપાગચ્છાધિપતિ આચાર્યભગવંતશ્રી વિજયસેનસૂરીશ્વરજી મહારાજા પણ પોતાના ગુરૂદેવના પગલે જ ચાલ્યા હતા. બાર પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ ન થાય તેવી માન્યતા તેઓશ્રીની પણ ન

હતી. તેઓશ્રીના **'શ્રીસેનપ્રશ્ન'** ગ્રન્થના એક પ્રશ્નોત્તરને જ આપણે અહીં મુકીએ છીએ.

**"પ્રશ્ન : અષ્ટમી આદિ તિથિની વૃધ્ધિ હોય ત્યારે બીજી અષ્ટમી આદિમાં તિથિનું આરાધન કરાય છે. પણ તે દિવસે પચ્ચક્ખાણ વખતે એ તિથિ ઘડી, બે ઘડી હોય છે. એટલી તિથિની જ આરાધના થાય છે. પછી નોમ વગેરે લાગુ પડી જાય છે. તેથી સંપૂર્ણતિથિની તો વિરાધના થઈ. કારણ કે સંપૂર્ણ આઠમ તો પહેલી આઠમે હતી. હવે જો પચ્ચક્ખાણ સમયમાં જોઈએ તો પહેલી તિથિએ બન્ને, પચ્ચક્ખાણના સમયે પણ તિથિ છે અને આખા દિવસ સુધી પણ તિથિ રહે છે એટલે પહેલી તિથિએ આરાધન સારું થાય છે. આ પ્રશ્ન થયો.**

**ઉત્તર : 'क्षये पूर्वा तिथिः कार्या, वृद्धौ कार्या तथोत्तरा' આ પ્રમાણે શ્રી ઉમાસ્વાતિવાચકનું વચન પ્રમાણભૂત હોવાથી વૃદ્ધિ હોય ત્યારે થોડી હોવા છતાં પણ બીજી તિથિ પ્રમાણભૂત છે."**

આમાં બાર પર્વતિથિની વૃદ્ધિનો જાહેર સ્વીકાર તો કર્યો જ છે. સાથે શ્રી ઉમાસ્વાતિ ભગવંતના પ્રઘોષનો અર્થ પણ સ્પષ્ટ કરી આપ્યો છે. પર્વતિથિની વૃદ્ધિ આવે ત્યારે નથી તો આગળની તિથિની વૃદ્ધિ કરી નાખવાની, નથી તો પાછળની તિથિની વૃદ્ધિ કરવાની, તે પર્વતિથિની વૃદ્ધિ જ માન્ય રાખવાની છે. वृद्धौ कार्या तथोत्तराનો અર્થ પર્વતિથિની પણ વૃદ્ધિ આવે ત્યારે પહેલી નહિ પણ બીજી તિથિને પ્રમાણભૂત માનવાની છે. અને તેમાં તે તિથિ સંબંધી આરાધના કરવાની છે. પૂ. તપાગચ્છાધિપતિ સેનસૂરીશ્વરજી મહારાજાનું આ માર્ગદર્શન સ્વીકારવામાં શરમાવાનું છોડી દેવામાં આવે તો વિવાદ બધો સમેટાઈ જાય. શ્રી ઉમાસ્વાતિજી ભગવંતના પ્રઘોષના અર્થ વિષયક સ્પષ્ટતા આ પ્રશ્નોત્તરની આગવી વિશેષતા છે.

જગદ્‌ગુરૂ શ્રી હીર સૂ.મ.ની પુણ્યતિથિ અગિયારસ છે. ક્યારેક અગિયારસની વૃદ્ધિ આવે તો એ તિથિ સંબધી નિર્વાણ મહિમા, પૌષધ,

ઉપવાસ, વગેરે કૃત્ય પહેલી અગિયારસે કે બીજી અગિયારસે કરવું એવો પ્રશ્ન પણ છે. તેમાં પણ **'સેનપ્રશ્ન'**માં ઉત્તર આપતા 'બે-અગિયારસ હોય જ નહિ' તેવો જવાબ નથી આપ્યો. જવાબમાં લખ્યું કે "ઔદયિકી" (પહેલી તિથિ ફલ્ગુ કહેવાય એટલે ઔદયિકી તિથિ બીજી જ ગણાય ) અર્થાત્ બીજી અગિયારસે શ્રી હીરવિજયસૂરિ નિર્વાણ-પૌષધ વગેરે કરવું."

સાધુ મર્યાદાપટ્ટક વિક્રમની ૧૫૮૩ની સાલમાં રચાયો છે. પટ્ટક બનાવનાર છે : પૂ.આ.શ્રી આણંદવિમલ- સૂરીશ્વરજી મહારાજા, તેમાં નવમો અને દસમો બોલ તિથિની વાત કરે છે. વાંચો :

**બોલ નવમો : "બીજ, પાંચમ, આઠમ, અગિયારસ, ચઉદસ, અમાવાસી, પુનમ એવં માસ માહે ૧ ૨ દિન વિગઈ મ વહિરવી.**

**બોલ દશમો : તિણી વાધઈ તિંહા એક દિન વિગઈ ન વહિરવી"**

જૂની ભાષામાં લખાયેલ છે. સાધુ જીવનમાં ચુસ્તતા વધે તે માટે પટ્ટક બનાવવામાં આવેલો છે. નવમા બોલમાં મહિનામાં બાર પર્વીના બાર દિવસ વિગઈ વહોરવાનો નિષેધ કર્યો છે. દશમા બોલમાં જો બાર પર્વમાંની કોઈપણ તિથિની વૃદ્ધિ આવે તો એક દિવસ વિગઈ ન વહોરવી તેવો ખુલાસો પણ કર્યો છે. હવે તમે જ વિચારો : બાર પર્વતિથિઓની ક્ષય વૃદ્ધિ સ્વીકારવાનો મત નવો છે કે શાસ્ત્રીય છે !

આપણા શાસનનું પરમપવિત્ર કલ્પસૂત્ર દરેક જૈન માટે પરમ આદરણીય છે. આ આગમ ઉપર ધુરંધર ટીકાકારોએ વિવેચન કરેલું છે. તેમાંથી પણ આપણને દીવા જેવું સ્પષ્ટ માર્ગદર્શન મળે છે. એનો સ્વીકાર કરવામાં કયો જૈન બચ્ચો આનાકાની કરે ? વાંચો એ ટીકાના મશાલ જેવું અજવાળું પાથરતા શબ્દો :

શ્રી કલ્પસૂત્ર આગમ ઉપર કલ્પકિરણાવલી નામની ટીકા મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી ગણિવરે રચી હતી. રચનાસમય વિક્રમ સંવત ૧૬૨૮નો

છે. આ પૂ. મહોપાધ્યાયશ્રી પૂ. આ. શ્રી દાન સૂ. મહારાજાના શિષ્ય છે અને અકબર બાદશાહના પ્રતિબોધક જગદ્ગુરુ પૂ. શ્રી હીર સૂ. મહારાજાના વડીલ ગુરુભાઈ છે. તેઓશ્રીએ ટીકામાં એવો પ્રશ્ન ઉઠાવ્યો કે બે ભાદરવા મહિના આવે ત્યારે શ્રી પર્યુષણા મહાપર્વની આરાધના કયા ભાદરવામાં કરવી, પહેલા કે બીજા ? તેના ઉત્તરમાં તેઓશ્રીએ બીજા ભાદરવા મહિનામાં પર્યુષણા કરવાનું કહ્યું. આ વાતના સમર્થનમાં તેઓશ્રીએ સ્પષ્ટ શબ્દોમાં લખ્યું છે :

**"પાક્ષિક પ્રતિક્રમણ ચૌદશના દિવસે નિયત છે. તે ચૌદશની જો વૃદ્ધિ આવે તો પહેલી ચૌદશને છોડીને બીજી ચૌદશને ગ્રહણ કરવી."**

જો બે ચૌદશ હોય જ નહિ તો આવા શબ્દો પૂ. મહોપાધ્યાયશ્રી ધર્મસાગરજી મહારાજ લખી જ ન શકે. તેઓશ્રીએ સ્પષ્ટ શબ્દોમાં બે ચૌદશનો સ્વીકાર કર્યો છે. તપાગચ્છમાં જો બે ચૌદશ સ્વીકારવામાં આવતી જ ન હોય તો તેઓશ્રી બે ચૌદશનો સ્વીકાર કરીને પહેલી ચૌદશ છોડવાની અને બીજી ચૌદશે પ્રતિક્રમણ કરવાની વાત લખી શકે જ નહિ. આજે બે તિથિ પક્ષ તરીકે ઓળખાતો વર્ગ પૂ. ધર્મસાગરજી મહારાજના વચન મુજબ આરાધના કરે છે ત્યારે 'બે તિથિવાળા નવો પંથ કાઢે છે' આવું બોલવું એ પ્રગટ મૃષાવાદ છે. જેઓશ્રીનું નામ જોડીને દેવસૂર સંઘના નામે આજે જે વાત ચાલી પડી છે તે પૂ. તપાગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી દેવસૂરીશ્વરજી મહારાજાના વડીલ અને શિરોધાર્ય હતા, પૂ. ધર્મસાગરજી મહારાજ. પૂ. ધર્મસાગરજી મહારાજે સ્પષ્ટ લખેલી ચૌદશની વૃદ્ધિને ઉત્થાપીને 'પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ થાય જ નહિ' એવો નવો પંથ ખુદ પૂ. દેવસૂરિ મહારાજ કાઢે ? છતાં આજે આવી ઉટપટાંગ વાતો ઠંડે કલેજે વહેતી મૂકાઈ છે અને પોતાને બુદ્ધિમાન ગણતો વર્ગ આંખ મીંચીને સ્વીકારી પણ લે છે !

શ્રી ધર્મસાગરજી મહારાજની આ જ વાતને સમર્થન આપવાનું કામ ત્યાર પછીના સમર્થ ટીકાકારોએ પણ કર્યું છે. જગદ્ગુરુ પૂ. આ. શ્રી હીર સૂ. મ.ના પ્રશિષ્ય પંડિત પ્રવર શ્રી જયવિજયજી મહારાજે **'શ્રી કલ્પદીપિકા'**

નામની ટીકા રચી છે. રચનાકાળ વિ. સં. ૧૬૭૭નો છે. તેમાં પણ એ જ લખ્યું કે

**"પાક્ષિક પ્રતિક્રમણ ચૌદશના દિવસે કરવાનું નિયત છે. જો ચૌદશની વૃદ્ધિ હોય તો પહેલી ચૌદશને છોડીને બીજી ચૌદશ સ્વીકારવી."**

એ જ રીતે પૂ. જગદ્‌ગુરુ હીર સૂ. મહારાજાના પ્રશિષ્યરત્ન પૂ. મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજે પણ શ્રી કલ્પસૂત્ર આગમ ઉપર **'સુબોધિકા'** નામની ટીકા રચી છે તેઓશ્રીનો રચનાકાળ છે : વિ. સં. ૧૬૯૬. તેઓશ્રીએ પણ ટીકામાં લખ્યું છે કે

**"ચૌદશની વૃદ્ધિ આવે ત્યારે પહેલી ચૌદશને છોડીને બીજી ચૌદશમાં પાક્ષિક કૃત્ય કરાય છે."**

આમ શ્રી કલ્પસૂત્ર આગમની ત્રણ ત્રણ ટીકામાં ચૌદશની વૃદ્ધિનો સ્વીકાર ખુલ્લંખુલ્લા કરવામાં આવ્યો છે. જો તપાગચ્છની સામાચારી પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ ન જ સ્વીકારવાની હોય તો કદાચ એકાદ ટીકાકાર ભૂલમાં બે ચૌદશ લખી નાંખે. ત્રણ ત્રણ ટીકાકાર એક સરખી જ ભૂલ કરે ? ખરા અર્થમાં જુઓ તો આ ત્રણ ટીકાકારની ભૂલ કદી ન કહેવાય. ત્રણેય ટીકાકારે બે ચૌદશની લખેલી વાત તપાગચ્છની નક્કર માન્યતા કહેવાય. તેમાંય પૂ. મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજે તો સુબોધિકા ટીકામાં કિરણાવલીટીકાની ક્ષતિઓ તરફ ધ્યાન પણ દોર્યું છે. જો બે ચૌદશની વાત પણ ક્ષતિ હોય તો તેના અંગે પણ સુબોધિકા ટીકામાં ઉલ્લેખ મળી શકત. ઉપરથી તેઓશ્રીએ પણ ચૌદશવૃદ્ધિને સ્વીકારી જ છે તે જ બતાવે છે કે તપાગચ્છની માન્યતા 'પર્વતિથિની ક્ષયવૃદ્ધિ ન થાય' તેવી નથી.

જેમના સ્તવનો લોકજીભે રમી રહ્યા છે તે પૂ. આ. શ્રી જ્ઞાનવિમલ સૂ. મહારાજાએ **શ્રી પાક્ષિક પર્વસારવિચાર**ની રચના કરી છે. રચનાકાળ છે : વિ. સં. ૧૭૨૮. આ ગ્રન્થમાં પણ ચૌદશના પાક્ષિક આરાધના કરાય તેવી સિદ્ધિ કરવા માટે અવચૂર્ણિનો પાઠ આપતા લખે છે કે

**“જ્યારે પાક્ષિક વગેરે તિથિ પડે છે (અર્થાત્ ક્ષય હોય છે) ત્યારે પૂર્વતિથિએ તે ક્ષય પામેલી તિથિનું કાર્ય કરવું જોઈએ પણ અગ્રતિથિ એટલે કે પછીની તિથિમાં તે ક્ષય પામેલી તિથિનું કાર્ય કરવું જોઈએ નહિ કારણ કે જે તિથિનો ક્ષય છે તેની પાછળની તિથિમાં ક્ષય પામેલી તિથિની ગંધ સરખી પણ હોતી નથી. એવું અવચૂર્ણિમાં કહ્યું છે.”**

આટલું લખ્યા પછી શ્રી ઉમાસ્વાતિ વાચકવર્યની ‘क्षये पूर्वा’ વાળા પ્રસિદ્ધ પ્રઘોષની પણ સાક્ષી આપી છે.

આમ પર્વતિથિનો ક્ષય અને વૃદ્ધિને જણાવતાં શાસ્ત્રો જોયાં પછી હવે વચમાંના ગાળામાં જે અંધાધૂંધી ફેલાઈ હતી તેના પર પણ એક દૃષ્ટિપાત કરીએ. પૂર્વગ્રહરહિત નિરીક્ષણ આપણને સત્યની નજીક લઈ જશે.

જગદ્ગુરુ પૂ. હીર સૂ.મ.ના સમય પછી વચમાંના ગાળામાં પર્વતિથિની ક્ષયવૃદ્ધિ અંગે જે અંધાધૂંધી ફેલાઈ હતી તે આપણને તે સમયે લખાયેલાં પત્રો, જે આજે ઉપલબ્ધ છે, તેમાંથી જાણવા મળે છે. હવે ક્રમસર એ પત્રો અહીં રજું કરું છું. જે પુસ્તકમાંથી આ પત્રો લઉં છું તેના નામ-ઠામ પણ સાથે જ લખું છું. **‘પર્વતિથિની આરાધના અંગે પ. પૂ. આ. શ્રી વિજય દાનસૂરીશ્વરજી મહારાજ સાહેબનું મંતવ્ય’** આવું લાંબું નામ ધરાવતું એક પુસ્તક છે. તેમાંની મેટરના સંગ્રાહક - લેખક છે, પ.પૂ. આ. વિ. હિમાંશુસૂરીશ્વરજી મ.સા., આ પુસ્તકને વિ. સં. ૨૦૪૨ની સાલમાં શ્રાવણ સુદ ૧૦, શુક્રવારના દિવસે શ્રી શ્વે. મૂર્તિ પૂ. તપગચ્છ જૈન સંઘ, ઉપરકોટ, જૂનાગઢે બહાર પાડ્યું છે. આ પુસ્તકમાં શ્રી હિમાંશુ સૂ. મ. એ પોતાના મનમાં ઘોળાતી વાતો લખી છે. સૌથી છેલ્લે તેમણે વિ. સં. ૧૮૮૯ વગેરે સાલનાં પત્રો છાપ્યા છે. તે પત્રોને રજુ કર્યા પછી શ્રી હિમાંશુ સૂ. મ. લખે છે કે

“ઉપર મુજબ સં. ૧૮૬૬ ના શ્રાવણ વદ ૫ ના અમદાવાદથી પં. ધરમવિજયજીગણિએ વડોદરાના પ્રમુખ મોદી શ્રી વીરચંદ (કસલચંદ)ને

પત્ર લખેલ છે તેમાં તે વર્ષે એટલે સં. ૧૮૬૬માં શ્રાવણ વદ અમાસ બે છે તેના બે પડવા કરવાનું પં. રામ વિ., પં. રતન વિ. ને જણાવવાનું સૂચન કરેલ છે. કે જેઓ ડહેલાના ઉપાશ્રયના મુખ્ય ગણાય છે. ઉપરનો પત્ર નં. ૨ જૂના કાગળ અસલ ઉપરથી નકલ ઉતારી છે."

શ્રી હિમાંશુ સૂ. મ. એ પોતાના એ પુસ્તકમાં છાપેલાં એ પ્રાચીન પત્રો અક્ષરશઃ આ પ્રમાણે છે :

### પત્ર-૧

સં. ૧૮૮૯માં માગશર વદ ૦)) બે અંગે પં. વીર વિ. મ. ઉપર ખંભાતના સંઘનો પત્ર અને જવાબ :

સ્વસ્તિ શ્રી અમદાવાદ મહાશુભ સ્થાને પૂજ્યારાધ તમોતમ પરમ પૂજ્યાર્ચની આણ સકલ ગુણ નિધાન ચારિત્રપાત્ર ચુડામણી કુંમતિ અંધકાર ભોમણી અનેક શુભોપમા કોટી વીરાજમાન સકલ પંડિત શિરોમણી પંન્યાસજી ૧૦૮ શ્રી શ્રી શ્રી શ્રી વીર વિજયજી ચરણાનુ શ્રી ખંભાત બંદરથી લીખીતં સમસ્ત સંઘતાપરી શેઠ જેસંઘ હીરાચંદ તાપરી શા. લખમીચંદ જેસંગ, શા. રૂતેચંદ ખુબચંદ શા જવેરચંદ જેઠા પરી. ધરમચંદ દેવચંદ શા. રતનચંદ દેવચંદ શા માણેકચંદ જેચંદ શેઠ રતનચંદ ઝવેરચંદ શા. વખતચંદ લખમીચંદ શા. કસ્તુરચંદ માકા શા. ઝવેરચંદ ધરમચંદ શા. નથુભાઈ મુલચંદ શા. અનોપચંદ હીરાચંદ શા. રૂપચંદ શા. જેઠા શા. મારફતીયા સંતોષરાય મલુકચંદ શા. સારાભાઈ સોમચંદ મારફતીયા મનોરાયજી પૂજા શા. ફુલચંદ જુઠા. શા. જેસંઘ હીરાચંદ શા. દીપચંદ પૂજા શા. ગુલાબ વાંદરડા પરી જેસંઘ આણંદજી શા. સોમચંદ જીવરાજ શા. મોતીચંદ કીકા, ઝવેરી સરૂપચંદ મુલચંદ શા. તારાચંદ હીરાચંદ શા. લક્ષ્મીચંદ સીરચંદ શા, ચોક્સી પીતાંબરદાસ પ્રેમચંદ, મોદી હર્ષદચંદ જગજીવન શા. ઘેલા ભુલા. શા. લખમીચંદ સવાઈ શા. મુલચંદ પ્રેમચંદ, શા. ધરમચંદ ફુસલચંદ શા. રૂપચંદ સૌભાગ્યચંદ શા. દેવચંદ હર્ષદચંદ શા. હર્ષદચંદ મુલકચંદ શા. વીરચંદ

તલકચંદ પાનાચંદ ગુલાબચંદ શા. કસ્તુરચંદ અમરસી પ્રમુખની સંઘ સમતની વંદના ૧૦૮ વાર અવધારશોજી અત્રે દેવગુરુ પસાય સુખશાતા છે તમો સુખશાતા પત્ર હરઘડી શ્રી સંઘ ઉપર કૃપા કરશોજી.

જત. જ. શ્રી ખંભાતના સંઘની વિનંતી એહ છે તીથીનો વિરોધ ૧૦/૧૫ વરસ થયો છે ચાલે છે અને હમણાં વર્તમાન માગશર વદ ૦)) બે હતી તે બાબત કેટલાક લોકો બે તેરસ કરી કેટલાક લોકોએ બે પડવા કરી તેથી સંઘ લોકોમાં ઘણી અકળામણ ચુંથા ચુંથ થઈ છે તેરસ ઘડી ૫૩ ચઉદશ ઘડી ૫૮ અમાવાસ ઘડી ૬૦ પસ્તક્ષરૂ ત્રણ મીતા તીથી પૂર્ણ હતી અને તીથી વિરાધીને બે તેરસ કરી તેનું શું લાભ અને તેહનું શું ફળ=તપગચ્છ વાળા પલ ૩૬ ઉદયાત્ માને છે તે ચઉદશ તો ઉદયાત્ નહી રહી પડીકમણા વેલાએ ચઉદશ ન આવી ૧૪ તીથીનું પડીકમણું અમાવાસ્યાએ થયું અમાવાસ્યા તીથીનું પડીકમણું પડવે થયું. ચઉદશ તીથીએ લીલોત્તરી મહારંભ થયા એનો સ્યો ફળ સ્યો લાભ વળી વર્તમાન વૈશાખ વદ ૦))નો ક્ષય હતો તેથી બારસ તેરસ ભેગા કર્યા ને ચઉદશ ઉદયાત્ વિરાધ્યાનું સ્યોફળ સ્યો લાભ વળી વર્તમાન હમણાં માગશર વદ ૦)) બે આવે છે તેહમાં તેરસ ઘડી ૫૨ ચઉદશ ઘડી ૫૭ અમાવાસ્યા ઘડી ૬૦ એ રીતે ત્રણ તીથી સંપૂર્ણ છે એહવું ધારજો વળી એ તો તમારા ગીતાર્થ લોક એમ કહે છે જે જોતિસાપાહુઆ માટે એ વીચારજો આઠમથી સાત દિવસ પાખી કરવી એ ૧૫/૩૦ અમાવાસ્યા માનનારા ચઉદશે પાખી કરે તો તેહને આઠમથી ૬ દિવસે પાખી કરવી વૈશાખ વદ-૩૦ અમાવાસ્યા આઠમથી ૫ દિવસે પાખી કરી ત્યારે જોતીસયાનો કીમ મેલ રહ્યો ? ૬ દિવસે ગણધરનો હુકમ કઈ રહ્યો ! માટે તીથી બાબત ઘણી કલ્પના થાય છે તે ઉપર જણાવવામાં આવ્યું આ કજીયો સુરતથી ચાલ્યો છે અને સુરતમાં સમાધાન થયો તે હકીકત જાણીને સુરત પત્ર કાસીદ મોકલીને હકીકત લખી તેહની નકલ મંગાવી તે નકલ મધ્યે ઠીક છે તે લખ્યા પ્રમાણે ચોક્કસ વાત છે.

સં. ૧૮૬૯ (૧૮૬૬)ના તેહની સાલે પરમાણગીતાર્થ મોટા પં. ઉત્તમવિજયજી પં. રંગ વિજયજી મોટા મોટા પાંચ સાત ધર્મશાસ્ત્ર જોઈને

**વિરોધ-મટાડ્યો અને વળી પાછળથી બીજા ગીતાર્થોએ વિરોધ પેદાસ કર્યો તીવારે પાંચ-સાત ધર્મશાસ્ત્ર ને પં. ઉત્તમવિજયજી ખરા કે પાછળથી તે વિરોધ કર્યો તે ખરા, એ બે માંથી સાચા કોણ ને ખોટા કોણ, ને વિરાધક કોણ એ વાતની ચોક્કસ કરીને દેવગુરુ ધર્મની સાખે લખી મોકલજો** વળી અત્રેના ગીતાર્થ તથા બીજા ક્ષેત્રના ગીતાર્થ એમ કહે છે કે પં. ઉત્તમજી પં. રંગવિજયજી શાસ્ત્રની રીતે કજીયો તોડ્યો તે શાસ્ત્રનામ તત્વતરંગણી-૧ હીરપ્રશ્ન-૨ સેનપ્રશ્ન- ૩ તીર્થદ્રુમ કર્ણીકા-૫ તીથીમંજરી-૬ પાસસરસા-૭ પાખી સીમરી-૮ જોઈસ પાહુડી-૯ (આમાં ચોથો નંબર લખ્યો નથી) જો નવ શાસ્ત્ર છે એ નવ શાસ્ત્ર એ રીતે શાસ્ત્ર રીતે વીઘ્ન મીટાવ્યો એ વાત ખોટી છે કે ખરી છે એ ઉત્તરની કૃપા કરવી. વલી તમો સાહેબ સઘળા લોકોને શ્રી શેત્રુજી મહાતમ સંભળાવો છો તે વ્યાખ્યાન કરો છો જે ભરતજીની પાઠે આઠમે દંડવીર્યજી થયા છે તેહને ચલાવવા અપચ્છરા આવી તેણે તીથી માગી લીધી દંડવીર્યજીએ ગલે તલવાર ઘાલીને પ્રાણ છોડવા કબુલ કર્યું પણ તીથી વિરોધી નહિ એ રીતે સાહીબ ગીતાર્થ સંઘ લોકોને (પોટાવા) સંભરાવો છો અને **આપણે પ્રત્યક્ષ તીથી વીરાધીએ છીએ તે આપણી સી ગતિ થશે** બીજુ અનંત કાળે અનંતા કાળે તીર્થંકર ને વારે પાખી પડીકમણું કરતા હતા અને ત્રણ પુનમે ચોમાસી પડિકમણું કરતા હતા અને બાકીના પુનમ અમાવાસ્યા દેવસી પડિકમણું કરતા હતા તે કાલિકાચાર્યજીએ ત્રણ પુનમનાં ચોમાસી પડિકમણું જે હતું તે ચઉદશે ભર્યું અને પુનમે વિહાર કરતા હતા અને બાકીની પુનમ અમાવાસ્યા તો જીમ હતી તીમ જ દેવસી પડિકમણું કરતા હતા એ મરજાદા છે હમણાં મરજાદા મૂકીને એ એકઠું કરતા હતા. અને પડિક્કમણું કાલિકાચાર્યથી માંડીને ૫૩૬ વરસ સુધી... પડિક્કમણું...

પદ્યે કડુઆમતી આગમીયા પુનમીયા લુંકા આંચબીયા પાયચંદ ઢુંઢીયા બીજામતી પ્રમુખ જુદુ કર્યું તે સવે પુનમ અમાવાસ્યા પાખી પડિકમણું કરતા હતા અને આપણે તો કાલિકાચાર્યજીના મતે પુનમનો ચોમાશી પડિકમણો તે વીર ભગવાન બાપના બોલથી કાલિકાચાર્યજીએ ચઉદશે પાખી પડિકમણું સદ્દહતો તે મધ્યે ચઉમાસી પડિકમણું ભેળવ્યું તે દિવસથી ચોથ ચઉદશ કરતા

હતા. અને જોતિષ પાહુડાના લેખે આઠમથી સાત દિવસ પાખી છ દીવસે પાખી એ મેળ ન રહ્યો પાંચ દિવસ કરતા તે દિવસે પાખી પડિકમણું કરતાં પનરસ દિવઆણં પનરસે રાઈ દિયાણામ્ એ કીમ પ્રમાણ થાય માટે **ખંભાતના સંઘની વિનંતી એહ જે તીથી બાબત ઘણી ચુંથાચુંથ થાય છે માટે આપણા પ્રતિ ગીતાર્થ જાણીને વિનંતી લખી છે આપ મોટા છો તુમારા વચનથી અમારો પ્રતીત છે તુમે ભવના ભીરૂ છો સંસારના ભય વાલા છો શાસ્ત્ર તુમથી અજાણ્યાં નથી પર ઉપગારી છો ફરતા પાંચ હજાર કૌસમાં આવો છો. પુછા.... સંસયના ટાલણહાર છો અને વિગર વિચાર્યો ઉત્સૂત્ર નહિ બોલો માટે ખાસ વિચારીને એહના ઉત્તરની કૃપા કરવી પત્ર લખજો શ્રી સંઘની એ વિનંતી છે. શ્રી તીર્થંકર ગણધર શાસ્ત્રની પ્રમાણે લખ્યો છે તે વચન પ્રમાણ છે સંઘ ઉપર** કૃપા રાખો છો તેહથી વિશેષ રાખજો દેવ દર્શન સંભારજો સં. ૧૮૮૯ના કારતક સુદ-૭ સપ્તમીવાર ભોમ અત્ર ૫૧ મોટા મોટા શ્રાવક પોતપોતાની હાથના અક્ષરની વંદના સહીત લખું છું પત્ર-૩ અમદાવાદ મોકલ્યા તેહનો જવાબ પં. વીર વિ. લખ્યો છે.

'લખીતં પં. વીર વિજય કા. ૬ પરમ મૃગશીર વદ ૦)) બે છે તેનો પોષ વદ પડવા બે કરજો અત્ર પં. રૂપવિજય પં. ઉદ્યોત વિજયજી અમે સર્વે બે પડવા કરીશું એ રીતે પં. વીર વિજયજીનો પત્ર સહસ વીરજી નાનજીના ઉપર આવ્યો છે મૃગશીર સુદ-૧૫. બે ફરે હસ્તાક્ષરે પત્ર આવ્યો. લખીતં પં. દીપ વિજય કવીરાજ સંવત ૧૮૮૮ના માગશર વદીથી એ કાગળનો ઉદ્યમ અમોએ કરવા માંડ્યો હતો તે સંવત ૧૮૮૯ના માગશર સુદ ૧૫ શાસ્ત્ર રીતીએ પં. વીર વિજય અમદાવાદ લખું જે બે અમાવાસ્યા હોઈ ત્યારે બે પડવે કરવી એહનો જવાબ સહસ વીરજી નાનજી ઉપર આવ્યો મૃગશીર સુદ-૧૫ દિને પત્ર આવ્યો તે જાણવો એ નકલ ઉતારેલી છે. સહી ॥ શ્રી ॥

સં. ૧૮૬૬માં શ્રાવણ વદ ૦)) બે હોવાથી બે પડવા કરવા માટે પં. ધરમ વિ. ગણિનો પત્ર વડોદરાના સંઘ મુખ્ય ઉપર લખ્યો તે નીચે મુજબ

... સંવત ૧૮૬૬ શ્રાવણ વદ ૫ દિન।

उण पजुसण श्रावण वद १३ सोमे अट्ठाइधर छे १४ मंगलवार पाखी पडिकमणु करवो। पजुसण मध्ये बे अमावास्या थाय छे ते ठेकाणे बे पडवा करवो। ए रीते अमारे उपासरे पं. रामविजयने पं. रतन विजयने कहवो। अने पं. रतन विजयने राम विजयने अमारी वंदना कहेवो आपणा घर मध्ये सर्वे बाल गोपालने अमारो धर्मलाभ कहेवो

मोदी श्री (वीरचंद फसलचंद कागल १ श्री वडोदरानो छे)
धीइनोकांटों।

ઉપર રજુ કરેલા પત્રોમાં ખંભાતના શ્રી સંઘનો પત્ર ઘણી બધી વાતોનો નિર્દેશ કરે છે. સૌ પ્રથમ તો આજે જે જોરશોરથી નગારા વગાડવામાં આવે છે કે 'તિથિનો ઝઘડો પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મહારાજાએ વિ. સં. ૧૯૯૨ થી શરૂ કર્યો' એ કહેવું હડહડતું જૂઠાણું છે તેનો ખ્યાલ પત્રની પહેલી લીટીમાંથી આવે છે. ફરી ધ્યાન આપો. ખંભાતનો શ્રી સંઘ વિ. સં. ૧૮૮૯ની સાલમાં એમ લખે છે કે

"જત. જ. શ્રી ખંભાતના સંઘની વિનંતી એહ છે તીથીનો વિરોધ ૧૦/ ૧૫ વરસ થયો છે ચાલે છે."

વિ. સં. ૧૮૮૯માં ૧૦/૧૫ વર્ષ પહેલા તિથિનો વિવાદ થયો એમ લખ્યું છે તેનો અર્થ એ થયો કે વિ. સં. ૧૮૭૪ કે ૧૮૭૯માં તિથિવિવાદ ઉભો થયો હોય. આમાંથી વિવાદના પ્રણેતા કોણ હતા તેનું નામ જાણી શકાતું નથી. પરંતુ સમયગાળાનો અંદાજ પાકો આવે છે. શ્રી હિમાંશુ સૂ. મહારાજે વિ. સં. ૨૦૪૨ની સાલમાં પુસ્તિકા બહાર પાડીને જાહેર કર્યું હતું તે છતાં આ જ શ્રી હિમાંશુ સૂ. મહારાજને આયંબિલનું પારણું કરાવવા ભેગા થયેલા આચાર્યશ્રીઓ વગેરેએ વિ. સં. ૨૦૪૪ પછી પણ તિથિનો ઝઘડો વિ. સં. ૧૯૯૨ થી ચાલુ થયાનું જૂઠાણું ઠંડે કલેજે હાંક્યે રાખ્યું. લોકો તો ઊંડા ઉતરીને તપાસ કરવાના નથી એટલે એમ જ માની લે કે તિથિવિવાદ પૂ. આ. શ્રી.

રામચન્દ્ર સૂ. મહારાજાએ શરૂં કર્યો છે. જ્યારે ખરેખરી વાસ્તવિકતા શું છે તે આ પત્રમાંથી જાણવા મળે છે.

હવે બીજી વાત વિચારીએ. આજે જે એવું કહેવાય છે કે દેવસૂર સંઘની માન્યતા છે કે પૂનમ-અમાસની ક્ષય-વૃદ્ધિએ તેરસની ક્ષય-વૃદ્ધિ કરવી. આમાં પણ કેટલું તથ્ય હોઈ શકે તે વિચારવું જોઈએ. પૂ. તપાગચ્છાધિપતિ આચાર્યશ્રી વિજય દેવસૂરિ મહારાજાનો કાળધર્મ વિ. સં. ૧૭૧૩ના અષાઢ સુદ ૧૧ ના રોજ ઉના મુકામે થયો હતો. એમ "જૈન પરંપરાનો ઈતિહાસ ભાગ-૪"માં લખવામાં આવ્યું છે. વિ. સં. ૧૭૧૩માં પૂ. દેવ સૂ. મ.નો કાળધર્મ થયો અને વિ. સં. ૧૮૭૪ કે ૧૮૭૯ આસપાસમાં તિથિવિવાદ થયો એમ ખંભાતના શ્રી સંઘના પત્ર દ્વારા જણાય છે. આ બે વચ્ચે દોઢસો વર્ષ કરતા વધુ સમયનું અંતર થયું. પૂ. દેવ સૂ. મ.ના કાળધર્મને ૧૫૦ થી વધુ વર્ષ થયા હોય તે વખતે તિથિનો વિરોધ ઉભો કરનાર પોતાને કદાચ દેવસૂર સંઘનો ગણાવી પૂ. દેવ સૂ. મ.ને વચમાં લાવે તેથી તિથિનો વિરોધ ઉભો કરાવનારની માન્યતા પૂ. આ. શ્રી દેવ સૂ. મ. ની પોતાની માન્યતા ન બની જાય. પૂ. દેવ સૂ. મ.નું પોતાનું વિધાન એના માટે જોઈએ. જે આજ સુધીમાં ક્યાંય મળ્યું નથી.

ખંભાતનો શ્રી સંઘ આગળ લખે છે : **"અને હમણાં વર્તમાન માગશર વદ ૦)) બે હતી. તે બાબત કેટલાક લોકો બે તેરસ કરી, કેટલાક લોકોએ બે પડવા કરી. તેથી સંઘ લોકોમાં ઘણી અકળામણ ચુંથાચુંથ થઈ છે.** તેરસ ઘડી ૫૩, ચઉદશ ઘડી ૫૮, અમાવસ ઘડી ૬૦ પસ્તક્ષરૂ **ત્રણ મીતા તીથી પૂર્ણ હતી અને તીથી વિરાધીને બે તેરસ કરી તેનું શું લાભ ? અને તેહનું શું ફળ ? = તપગચ્છવાળા પણ ૩૬ ઉદયાત્ માને છે તે ચઉદશ તો ઉદયાત નહી રહી. પડીકમણા વેળાએ ચઉદશ ન આવી. ૧૪ તીથીનું પડીકમણું અમાવાસ્યાએ થયું. અમાવાસ્યા તીથીનું પડીકમણું પડવે થયું. ચઉદશ તીથીએ લીલોત્તરી મહારંભ થયા. એનો સ્યો ફળ ? સ્યો લાભ. વળી વર્તમાન**

**વૈશાખ વદ અમાસનો ક્ષય હતો. તેથી બારસ તેરસ ભેગા કર્યા ને ચઉદશ ઉદયાત્ વિરાધ્યાનું સ્યો ફળ ? સ્યો લાભ ?**

આ લખાણથી સ્પષ્ટ થાય છે કે બે અમાસની બે તેરસ અને બે પડવા કરી. આવા બે પક્ષ પડવાથી સંઘ લોકોમાં ઘણી અકળામણ અને ચૂંથાચુંથ થઈ. આજે જ્યારે દાંત પીસી પીસીને બોલવામાં આવે છે કે તિથિના ઝઘડાએ શાસનની ઘોર ખોદી નાંખી છે ત્યારે એ લોકોને કહેવાનું મન થાય છે કે 'ભાઈ, જરા ટાઢા પડો. ઈતિહાસ જુઓ. આવું તો ૧૮૮૯માં પણ થયું હતું પણ તે લોકો આમાં કોઈને નિશાન બનાવી તૂટી પડ્યા ન હતા. તમે લોકો પૂ. આ. શ્રી રામચન્દ્ર સૂ.મ.ને બદનામ કરવા માટે ખોટી શાસનદાઝ બતાવી રહ્યા છો.' આમાં નોંધપાત્ર વાત એ છે કે અહીં બોલ્ડ કરેલા ટાઈપવાળી વાત ફરી ધ્યાનથી વાંચી જાઓ. ખંભાતના શ્રી સંઘે ઉદયાત્ તિથિનો જ આગ્રહ રાખ્યો છે અને તત્કાલીન ગીતાર્થો પં. વીર વિજયજી મ., પં. રૂપ વિજય મ., પં. ઉદ્યોત વિજય મ. વગેરેએ પણ તેને જ અનુમોદન આપ્યું છે. બે તેરસ કરનારને વિરાધક માન્યા છે. આજે ઉદયાત્ તિથિની વાત પૂ. આ. શ્રી રામચંદ્ર સૂ.મ. કહી રહ્યા છે તે કોઈ નવી નથી. તિથિવિવાદમાં પણ પૂનમ-અમાસની ક્ષય-વૃદ્ધિએ બે તેરસ કરનાર કે તેરસનો ક્ષય કરનાર માટે વપરાયેલા શબ્દો આંખ ઉઘાડનારા છે.

પૂનમ-અમાસની ક્ષયવૃદ્ધિએ તેરસની ક્ષયવૃદ્ધિ કરવાથી ચૌદશની વિરાધના થાય છે તે બાબતમાં ખંભાતના શ્રી સંઘના શબ્દો વિ. સં. ૧૮૮૯ની સાલમાં કેવા હતા તેનો વિચાર અત્યારે ખાસ કરવા જેવો છે. **આજે જ્યારે પૂનમ-અમાસની ક્ષયવૃદ્ધિના સમયે તેરસની ક્ષયવૃદ્ધિ કરી નાંખવામાં આવે છે ત્યારે આવું કરનારાને વિ. સં. ૧૮૮૯ ની સાલમાં 'વિરાધક, ચૌદશ ન હોય તે દિવસે પખ્ખી કરનારા, ચૌદશે લીલોતરીનો મહારંભ કરનાર' તરીકે ઓળખાવવામાં આવ્યા છે એ જરાય ભૂલવા જેવું નથી.** તે સમયે કદાચ એ બધાને 'સંઘભેદ' કરનારા તરીકે પણ ઓળખાવી શકાય. આજે પરિસ્થિતિ પલટાઈ છે. આજે પૂનમ-અમાસની ક્ષયવૃદ્ધિને જેમ છે તેમ જ રાખીને ઉદયાત્

ચૌદશની આરાધના કરનાર કે તેવી આરાધના કરવાની વાત કરનાર ને 'સંઘભેદ કરાનારા છે' તેવી બૂમો પાડી બદનામ કરવામાં આવે છે. અને પૂનમ-અમાસની ક્ષયવૃદ્ધિએ તેરસની ક્ષયવૃદ્ધિ કરીને ચૌદશ વિરાધનારા વિ. સં. ૧૮૭૪ કે ૧૮૭૯ જેવી કોઈ સાલમાં કો'ક અનામીએ કાઢેલા નવા પંથના અનુયાયી હોવા છતાં આજે તેઓ પોતે તપાગચ્છની મૂળ પરંપરાના હોવાનો દાવો જાહેરમાં કરે છે. અને ઉદયાત્ ચૌદશને આરાધનારા માટે 'તેઓ તપાગચ્છના નથી' તેવો ભ્રમ ફેલાવે છે. કોઈ પણ વિચારક માણસ આમાંથી સત્ય શોધી શકે તેમ છે. આમાં ઝઘડાની કોઈ વાત જ નથી. ઉદયાત્ તિથિ લોપવાને કારણે ઝઘડો ઉભો થયો છે. એ વાત બરાબર યાદ રાખો. એ ઝઘડાને જો શાંત કરવો હોય તો દરેકે મૂળભૂત રીતે તપાગચ્છમાં આરાધાતી આવેલી ઉદયાત્ તિથિને સ્વીકારી લેવી પડે. શાંતિપ્રિય આત્માઓ અને સત્યપ્રિય આત્માઓ બન્ને માટે આ જ એક માર્ગ સ્વીકાર્ય બને તેવો છે. આનાથી શાંતિ પણ સ્થપાશે અને સત્ય પણ સચવાશે. આ તો મેં અંગૂલીનિર્દેશ જ કર્યો છે. તમે તમારી જાતે ખંભાત શ્રી સંઘના પત્રને વિચારક બનીને વાંચશો તો તમે આથી પણ વિશેષ વિવરણ તમારી જાતે કરી શકશો.

હવે એક પત્ર વિ. સં. ૧૮૭૧ ની સાલનો પૂ. કવિરાજ શ્રી દીપવિજયજી મહારાજનો રજું કરું છું. જેમનું રચેલું હાલરડું શ્રી પર્યુષણા મહાપર્વમાં દરેક સંઘોમાં ઉલ્લાસથી ગવાતું હોય છે.

## પૂ. કવિરાજ શ્રી દીપવિજયજીના પત્રનું અક્ષરશઃ અવતરણ

સ્વસ્ત શ્રી ભરુઅજ સુરત કાંહાંનમ પરગણે શ્રી વિજયાનંદસૂરિ ગચ્છિયા સમસ્ત સંપ્રદાય પ્રતિ શ્રી વડોદરેથી લિ. પં. દીપવિજયની વંદના । બીજું તીથી બાબતઃ તુમારો ખેપીઓ આવ્યો હુતો તે સાથૈ પત્ર મોકલ્યું તે પહોતું હસ્યૈ. બી. અમાંસ પુંન્યમ તુટતી હોઈ । તે ઉપર દેવસુરજીવાલા તેરસ ઘટાડેં છે । તમે પડવેં ઘટાડોં છો એ તંમારેં કજીઓ છૈ । પણ બેહું એક ગુરુના સીષ્યવાલા છે । બેહુંજણ હીરપ્રશ્નઃ સેનપ્રશ્નઃ ઉપર લડો છો । અનેં માંહે વિચાર કરીનેં બોલતા નથી તે પ્રત્યક્ષ ગચ્છ મમત્વ જણાંઈ છૈં માટેં વિચારવું।

પુન્યમ અમાસ તુટતી હુઈ તાંઈ તેરસ તોડો છો જ્યારે અમાસ બે થતી હોઈ તારેં બે તેરસ કરસ્યો । કેં । બે પડવે કરસ્યો । એમના મતનેં લેખેં તો અમાંસ ઘટેં તેરસ ઘટાડેં છે । તીમ અમાસ વધતી હોઈ તો બે પડવા કરેં તારેં એમનો મત રહે નહીંતર મિથ્યા થાઈ છૈં । અને હીરપ્રશ્નમાં ત્રીજે..... અધીકારે નગરાજ રિખીઈ ૧૨ મે પ્રશ્ને કહ્યું છે । ૧૨ પ્રશ્ન પૂછ્યા છે જે મહારાજ : પજુસણમાં બે અમાંસ હોઈ તારે છિઠ કીમ કરીંઈ । પહેલો કરીંઈ કે છેહલો કરીંઈ તારે હીરસૂરિજી બોલ્યા જે ગમે તો પહેલાં કરો ગમે તો છેહલો કરો માટે પજુસણમાં બે અમાંસ હોઈ તારે તેરસે પજુસણ બેસે ચઉદસેં પારણું આવે અમાસે કલ્પ લેઈ જાઈ અને પેંહલેં પડવે ઈ કલ્પ વંચાઈ । અને બીજે પડવે ઈં વીરનો જન્મ વંચાઈ । એ રીતેં અસલથી અમાસ બેં હોઈ તેહના બે પડવા કર્યા છેં । અને પ્રશ્ન પૂછ્યું છૈ । અનેં..... આપણ બેં અમાંસના બેં પડવા ન કરીંઈ એવડા આપણેં કુંણ મોટા પુરુષ ઠર્યા. માટે વીચ્યારી જોજ્યો. હીરપ્રશ્ન કાઢીનેં ત્રીજેં પ્ર૦૦ નગરાજ રીખીનાં ૨૨ પ્રશ્નમાં જોઈને ચોકસ કરજ્યો જે ૨ અમાંસ થતી હોઈ અને તેરસેં પજૂષણ બેંસારીનેં બેં પડવા કર્યા ઠરે તારેં અમાસઃ પૂંન્યમ ત્રુટેં પડવો તોડવો કીમ ઠરેં માટે વિચારીનૈં સુખીથી ઉતર દેજ્યો. અમાંસ પૂંન્યમ તૂટતી નીસાકૃએ (?) અમાંસ વૃદ્ધ ગાંમંની છૈં - પછી ન માનેં તો એ મમત્વીં છે. હીરસૂરી જાણૈં પણ સુજ્ઞ હો તો વિચારી જોજ્યો હે વિનંતિ બીજું પૂર્વનું ૪ શાસ્ત્ર નાભ્યક્ષનું પત્ર અને એહ પત્ર એકઠું રાખજ્યો શ્યા માટે જે તે પત્રમાં એ પત્રમાં એક જ સમાચાર છેં તે સવાય તીથી વિચાર ગ્રન્થ છેં તે કાઢીને વલી વિસેષે લખીસું સં. ૧૮૭૧ આસો સુદિ ૧ વિના સ્વારથેં શ્યાંનેં વિગ્રહ જોઈંઈ પાધરો ન્યાય છેં તે કરજ્યોજી ।।

પૂ.કવિરાજ શ્રી દીપવિજયજી મહારાજનો આ પત્ર **"જૈન દૃષ્ટિએ તિથિદિન અને પર્વારાધન"** નામના દળદાર પુસ્તકના પેજ ૨૧૦-અ અને ૨૧૦-અ-૨ પર છાપ્યો છે તેમાં પહેલા હસ્તલિખિત પત્રની મૂળનકલનો બ્લોક છાપ્યો છે અને બીજા પાને તે જ પત્ર આજના અક્ષરોમાં છપાવ્યો છે. ખંભાતના શ્રી સંઘના જણાવ્યા મુજબ તિથિનો વિવાદ તે સમયમાં કેવો ચાલ્યો હતો તેનો અંદાજ આ વિ.સં.૧૮૭૧ની સાલના પત્રને જોતા પણ આવી શકે

છે. આ વખતે તિથિ વિષયક મતમાં કેવું અંધેર ચાલતું હતું તેનું પ્રતિબિંબ આ પત્રમાં પણ પડે છે. આજના સમયમાં શ્રીહીરપ્રશ્ન ગ્રંથ આપણી સામે છે. તેમાંના પ્રશ્નો અને ઉત્તરોના શબ્દો સ્પષ્ટ છે. છતાં તેનાં અર્થઘટનો કેવાં થતાં હતાં તે પણ આ પત્રથી જાણી શકાય છે.શ્રી હીરપ્રશ્નના  એ પ્રશ્નમાં બે અમાસના બે પડવા કરવાની વાત લખી નથી છતાં તેવું તારણ નીકળ્યું છે. પર્યુષણનો છઠ્ઠ ક્યારે કરવો તેનો જ પ્રશ્ન છે અને તેનું જ સમાધાન છે તેમાં ક્યાંય અમાસ-એકમનો ફેરફાર કરવાનું શ્રી હીરપ્રશ્નમાં લખ્યું નથી. આજે ભાષાંતર કઢાવીને વાંચો તોય તમને સમજાય તેમ છે. છતાં ચર્ચા કયા પાટે ચઢી ગઈ હતી તે વાંચીને પણ આશ્ચર્ય થાય તેવું છે.

આ પત્રમાં દેવસૂર અને આણસૂર પક્ષ વચ્ચે જે મતભેદ તે સમયે ચાલતો હતો તે દેખાઈ આવે છે. એમાં બીજાની પાસે સલાહો લેવાતી હતી તે પણ સ્પષ્ટ છે. તિથિનો પ્રશ્ન તે સમયે પણ કેવો ગૂંચવાયેલો હતો તેને યાદ રાખીને એક નોંધપાત્ર વાત ઉપર ધ્યાન આપીએ કે આ પત્રમાં બે અમાસની બે તેરસ કરવાની ના પાડી છે. આજે જે આનો હઠાગ્રહ રાખવામાં આવે છે તે કેટલે અંશે ઉચિત ગણાય ? તમે જ વિચારો.

આ જ પુસ્તકમાં પેજ ૧૬૦-આ અને પેજ ૧૬૦-ઈ પર પૂ.રૂપવિજયજી મહારાજનો એક પત્ર પણ મૂળપત્રના બ્લોક સાથે છાપ્યો છે. તિથિવિષયક આ પત્ર પણ જાણવા જેવો છે. વિ.સં. ૧૮૯૬માં લખાયેલો પત્ર છે.

## પં. રૂપવિજયજી મહારાજના પત્રની ફોટોકોપીનું અક્ષરશઃ અવતરણ

સ્વસ્તિ શ્રી પાર્શ્વેશં નત્વા શ્રીમદ હમ્મદાવાદ નગરતઃ સંવિજ્ઞમાર્ગી પં. રૂપવિજય ગણિલિખિતં શ્રી નરપતિ હયપતિ ગજપતિ ધરાપતિશતસૈ સેવ્યમાન પદપંકજ શ્રી સિંહાજી રાજાધિરાજસંશ્રિતે શ્રી વટોદર મહાનગરે સુશ્રાવક પુન્યપ્રભાવક દેવગુરુભક્તિકારક સંઘમુખ્ય સંઘનાયક સંઘલાયક સંઘતિલકોપમ ઝવેરી વીરચંદ રૂપચંદ તથા ઝવેરી કરમચંદ કપૂરચંદ તથા ઝવેરી મૂલચંદ મંગલદાસ તથા ઝવેરી સોમચંદ ધરમચંદ તથા ઝવેરી જયચંદ

લાલચંદ તથા સા. તારાચંદ જાદવજી તથા સા. અમરચંદ પાનાચંદ તથા સા. ભગવાનદાસ ઝવેર તથા સા. વીરચંદ ફુલચંદ પ્રમુખ સમસ્તસંઘ સમવાય જોગ્યં ધર્મલાભ જાણવો. અપરંચાત્રથી દેવગુરુપ્રસાદેં સુખસાતા છેં. તુમારી ધર્મકરણી કરવા પૂર્વકનો પત્ર આવ્યો તે વાંચીને સમાચાર સર્વ જાણ્યા છેં. અપરં તુમે લાયક નાયક યોગ્ય ધર્મધુરંધર જોગ્ય ગ્રહસ્થ અમારે ઘણી જ વાત છો. તુમારી ધર્મ કરણી અનુમોદિઈં છીઈં તે જાણવું જી અપરં અત્ર કાર્તિક સુદિ ૧૪ ચઉદશ મંગલવીરી કરી છેં. ચોરાસીઈં ગચ્છવાલેં સ્રાવકેં તે જાણજ્યો. તથા બુધવારી પૂનિમ કરી છે બુધવારી પુનિમ દિને ચતુરવિધ સંઘ શ્રી સિદ્ધાચલજીના પટનાં દર્શન ચતુરવિધ સંઘેં કર્યા છેં તે જાંણજ્યોજી. એકલો વિજયાનંદસૂરનો શ્રીપૂજ્ય કાર્તિક વદિ એકમ ગુરુવારે ભોજિકનો પટ બાંધીને એકલો ગયો હતો. તેહની હાંસી ઘણી જ થઈ છેં તે જાંણજ્યોજી ॥

અપરં કાર્તિક વદિ અમાવાસ્યા ૨ હતી તે મધ્યે શુક્રવારી અમાવાસ્યા માનવા જોગ્ય છેં. પહેંલી અપ્રમાણ છેં તે જાણવુંજી' તથા પોસ સુદિ ૧૪ ચઉદશિ શુક્રવારી થાસ્યેં બારસ તેરસ ભેલાં થાસ્યેં શનીવારી પૂનિમ થાસ્યેં તે જાંણવુંજી. અપરં સરવત્ર ઠેકાણેં પાટણ પાલણપર સીદ્ધપર ખેરોલ વડનગર વીસલનગર વીજાપુર મેંસાણા રાધનપુર સમી સાંતલપુર અમદાવાદ સાણંદ ખેડા લીંબડી વઢવાંણ ભાવનગર ઘોઘા પ્રમુખ સરવત્ર મંગલવારી ચઉદશ થઈ છેં. બુધવારૂં ચોમાસું ઉતર્યું છે તે જાંણજ્યોજી ધર્મશાસ્ત્ર પ્રમાણેં પણ ઈમજ છે તે જાંણજ્યોજી અત્ર તો વિજયાણંદસૂરના ગચ્છના સેરીપૂજ ચરચા પણ કરી નહિ તિમ સંઘે પણ એહનું વચન પ્રમા. કર્યું નથી ગહેંલો કરીને ઉવેખી મૂક્યો છેં. કોઈ માનતું પણં નથી તે જાણજ્યોંજી.

અત્રથી પં અમીવિજય પ્રમુખ ઠાણું સાતનો ધરમલાભ જાણવોજી તત્ર સંઘ સમવાયનેં ધરમલાભ કહેંવોજી મિતિસંવત ૧૮૯૬ ના મિગસર સુદિ ૬ ગુરુવાસરે પાછો પત્ર સંભારીને લખવાજી ઈતિ.....

સંઘમુખ્ય ઝવેંરી વીરચંદ રૂપચંદ પ્રમુખ સંઘ સમવાય જોગ્યં શ્રી વડોદરા નગરે ॥

પં. રૂપવિજયજી મહારાજનો આ પત્ર પણ બે અમાવસ્યાનો સ્વીકાર કરે છે. પહેલી અમાસ અપ્રમાણ છે. બીજી અમાસ આરાધ્ય છે. વૃદ્ધિનો સ્વીકાર કરનારો આ પત્ર પાછી ક્ષયના વિષયમાં અલગ વાત કરે છે. આથી પણ ખ્યાલ આવશે કે તે સમયે પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ આવતા કેવી અંધાધૂંધી ફેલાતી હતી. વૃદ્ધિમાં હા અને ક્ષયમાં ના. આવા ધોરણો અપનાવાતા હતા. બે અમાસ થતી જ નો'તી એવું બોલનાર પ્રગટ મૃષાવાદી ન બને ? ખોટી વાતની પક્કડ પણ પાછી કેવી છે તે જુઓ : વિજયાનંદસૂરનો શ્રી પૂજ્ય કા.વ. ૧ના દિવસે પટ જુહારવા એકલો ગયો એવી પણ નોંધ આ પત્રમાં લેવાઈ છે. વૃદ્ધિની બાબતમાં તો આ પત્ર મુજબ કોઈ ફેરફાર કરવાની વાત ઊભી રહેતી નથી. જ્યારે પૂ. દીપવિજયજી કવિરાજના પત્રમાં બે અમાસના બે પડવા કરવાની વાત છે. આ વાત એટલા માટે ધ્યાનમાં લેવાની છે કે આજે એવો પ્રચાર થઈ રહ્યો છે કે પર્વતિથિની ક્ષય-વૃદ્ધિનો પ્રશ્ન વિ.સં. ૧૯૯૨ થી ઊભો થયો છે તે કેવું પ્રગટ જુઠાણું છે તેનો ખ્યાલ આવે. આ અસત્યનો પ્રચાર ભલે તમે અટકાવી ન શકો એ બને પણ એ અસત્ય પ્રચાર તમે તો ન કરો એટલું તો જરૂર થઈ શકે. ક્ષય અંગે પણ ઈતિહાસ તમને બતાવું છું. પણ તે પહેલા પં. શ્રી વીર વિજયજી મ. એ પણ તિથિચર્ચા સૂબાના દરબારમાં કરેલી તે વાતને પણ અહીં જોઈએ.

પં. શ્રી વીરવિજયજી મહારાજ વિ. સં. ૧૯૦૮માં કાળધર્મ પામ્યા. તેઓશ્રી દેવસૂર તપાગચ્છના જ હતા. (જો કે આજના તપાગચ્છના જેટલા પણ સમુદાયો છે તેની પાટ પરંપરા દેવસૂર સાથે મળે જ છે. જેમની પાટ પરંપરા નથી મળતી તેઓ પણ ચોક્કસ કારણોસર પોતાને દેવસૂરગચ્છના કહેવડાવે છે. પર્વતિથિની ક્ષયવૃદ્ધિ ન માનવી દેવસૂરગચ્છની પરંપરા છે જ નહિ એ આટલા ઈતિહાસ અને હવે પછી રજુ થતા ઈતિહાસ આધારોથી સિદ્ધ થાય છે. છતાં પર્વતિથિની ક્ષયવૃદ્ધિ ન સ્વીકારનારા જ દેવસૂરસંઘના કહેવાય તેવી ભ્રમણા ફેલાવવાનું ઝનૂન આજે વ્યાપક પ્રમાણમાં ફેલાયું છે. બીજું મહાવ્રત લેનારા અને નહિ લેનારા ઘણા બધા આ અસત્યની ઉપાસના કરી રહ્યા છે એ મોટા અફસોસની વાત છે.) વિ.સ. ૧૯૧૧ની સાલમાં શ્રી

વીરવિજય નિર્વાણ રાસની રચના થઈ. તેમાં પં. શ્રી વીરવિજયજી મહારાજના મુખ્ય જીવન પ્રસંગોને આવરી લેવામાં આવેલ છે. આ રાસમાં તેઓશ્રીએ રાજદરબારમાં તિથિચર્ચા કરીને જતીઓ સામે વિજય મેળવ્યો હતો તેની વાત જે શબ્દોમાં કરી છે તે વાંચો.

"જીરે મારે માલને ઉપધાન, ગુરુઇં ઘણાને દેવરાવીઆ જીરે જી.

જીરે મારે જતી ખેદ ભરાય, તે સહુ દરબારે ગયા જીરે જી.

જીરે મારે ટોપીવાલો તેણી વાર, સહુને તેડાવીયા જીરે જી.

જીરે મારે કુણ છે કજીયો જેહ, સ્યે કારણ લડાઈ કરો જીરે જી.

જીરે મારે તિથિનો કજીયો જેહ, ઈમ જતી સહુ કરે જીરે જી.

જીરે મારે વીર ગુરુ તેણી વાર, એ સઘળો જૂઠો કહે જીરે જી.

જીરે મારે ટોપીવાલો કહે ઈમ, શાસ્ત્રીને સાથ મેલાવિઇં જીરેજી.

જીરે મારે જોતી શાસ્ત્ર પ્રમાણ, વર્તારો કરે ખરો જીરે જી.

જીરે મારે શાસ્ત્રી બોલ્યો તેણીવાર, વીરવિજયજીઇં કહી જીરેજી.

જીરે મારે તે તિથિ કહેવાય, ઈમ સાહેબે સાંભળ્યું જીરે જી."

આના આધારે તો એમ સમજાય છે કે જ્યોતિષ શાસ્ત્રના ટિપ્પણા મુજબ જે તિથિ આવે તે મુજબ પં. શ્રી વીરવિજયજી મહારાજ માનતા હોવા જોઈએ. જોકે ખંભાતના શ્રી સંઘના પત્રનો જવાબ આપતા તેમણે બે અમાસની બે એકમ કરવાની સલાહ આપી છે. પણ તેમાં ઉદયાત્ ચૌદશ સચવાતી હોવાથી જતીઓ સામે તેઓશ્રી જીત્યા હશે ! જતીઓનું બખળ-જંતર તેઓશ્રીએ માન્ય નહિ જ રાખેલું એ વાત તો એકદમ સ્પષ્ટ જણાય છે.

હવે હું તમને એક એવા પુસ્તકની વાત જણાવું છું. જેમાં આધાર સાથે જતીઓના બખડ-જંતરને નિર્ભય રીતે પ્રગટ કરવામાં આવ્યાં છે. પુસ્તકનું

નામ છે, **પર્વતિથિ ચર્ચા સંગ્રહ,** (પહેલો પરિચ્છેદ - પર્વતિથિનો ઈતિહાસ) પુસ્તકના લેખક છે, મુનિરાજશ્રી કલ્યાણ વિજયજી મહારાજ. તેનું પ્રકાશન વિ. સં. ૧૯૯૩માં ૧૫૦૦ નકલ રૂપે શ્રી ક. વિ. શાસ્ત્રસંગ્રહ સમિતિ - જાલોર (મારવાડ) તરફથી થયું છે. આ પુસ્તકના પેજ ૩૫ થી ૩૮ પર શ્રી શાંતિ સાગરનું હેંડબિલ છાપ્યું છે તે અક્ષરશઃ અહીં ઉતારું છું. હેન્ડબિલબાજીનો યુગ કદાચ એ સમયથી શરૂં થયો હોય એમ પણ બને.

## શ્રી શાન્તિસાગરજીનું હેંડબિલ

"સ્વસ્ત શ્રી પાર્શ્વજીન પ્રણમ્ય, શ્રીમત્ ભટારક શ્રી શાંતિસાગર સુરીશ્વરજી આદેસાત લી. પં. વીમલસાગરજી

તત્ર શ્રી...... જોગ લખવા કારણ એ છે જે આ વરસમાં ભાદરવા સુદ ૧ બે છે, ને ગઈ સાલમાં પણ એકમો બે હતી તે ઉપરથી ગઈ સાલમાં દેવસુરગચ્છના શ્રીજી વીજયધરણેંદ્રસૂરી પાટણમાં ચોમાસું હતા તે વખતે તેમણે શ્રી અમદાવાદ કાગળ લખ્યો તેમાં લખ્યું હતું કે ભાદરવા સુદિ ૧ બે છે, પણ તમારે શ્રાવણ વદ ૧૩ બે કરવી, તે કાગળ પજુસણની લગભગ વખતમાં આવેલો કે કોઈ જગો ઉપર કાગળ લખી ન શકાય. તે કાગળ ઉપર અતરેના માણસોએ કાંઈ લક્ષ્ય ન રાખતા એમના ભરૂસા ઉપર કેટલાક માણસોએ શ્રાવણ વદ ૧૩ બે કરી, ને કેટલાક માણસોએ પંચાંગ જોતાં એ શ્રીજીના કાગળ ઉપર ભરૂસો ન પડવાથી ભાદરવા શુદ ૧ બે કરી હતી.

આ સાલમાં પણ એ દેવસુરના શ્રીજીએ અમદાવાદના નગર શેઠ પ્રેમાભાઈ હીમાભાઈ તથા તે શીવાય સંઘના બીજા માણસોને બોલાવ્યા વીના પોતાના અપાશરામાં રોજના માણસો આવતા જતા હશે તેમની વીદમાણે એકદમ શ્રાવણ વદ ૧૩ બે મુકરર કરી. એ વાત ઘણા લોકોના સાંભળવામાં આવી **તેથી વિસમય પામ્યા કે આ અજુકતું ન કરવાનું કામ શું કર્યું કે ઉદીયાત ચઉદશ લોપી,** તેથી સંઘના ઘણાક માણસો સાગરગચ્છના શ્રીજી સાહેબ શાંતીસાગરજી સાહેબને ઘણી વીનંતી કરી કે, ગઈ સાલમાં ઉપર પ્રમાણે બે

તેરશોની ગરબડ ચાલી હતી ને હાલ પણ તે વાતની ગડબડ ચાલે છે. માટે તે વીશે આપે શાસ્ત્ર પ્રમાણે નક્કી કરી આપવું જોઈએ, વલી આપ ઘણા વર્ધ છો ને ઘણા શાસ્ત્રો પણ જોવામાં આવ્યાં હશે, માટે એ બાબત આપ સંઘની વીદમાણે શાસ્ત્રથી નક્કી કરી આપો, એવી રીતે સંઘના ઘણા આગ્રહથી શ્રીજીસાહેબે પોતાના ઉપાશરામાં શેઠ પ્રેમાભાઈ વીગેરે તથા તપાગચ્છના તથા ખડતર ગચ્છ તથા પાયચંદ ગચ્છ વીગેરેના સંઘના માણસો તથા તે ગચ્છોના ચોમાસીઓ તે સરવેને વીદમાણ સાગરગચ્છના શ્રીજી સાહેબે શાસ્ત્ર મુજબ ભાદરવા સુદ ૧ બે હતી તે શાસ્ત્ર પ્રમાણે કાયમ રાખી છે. તે મુજબ સંઘ તથા સંઘના અધીપતી વગેરે કબૂલ રાખી છે.

ઉપરની ભાદરવા સુદ ૧ બે મુકરર થયાની વાત દેવસૂર ગચ્છના શ્રીજીએ સાંભળી બે ચાર દિવસ સુધી વિચાર કરીને બીજી વાર પોતાના ઉપાસરામાં પોતાના પક્ષના માણસો જુજની વીદમાણ સાવણ વદ ૧૩ બે મુકરર કરીને પોતાના પક્ષને મલતા જે ઉપાસરાઓ છે તે ચાર અપાસરાઓએ પોતાનું બોલ્યું કબૂલ રહે એવી જુક્તિઓ લખી કાગળ મોકલ્યા છે પણ **તે કાગળોમાં હીરપ્રશ્ન વગેરેના જે અર્થો લખ્યા છે તે ગીતાર્થની સીલી પ્રમાણે નથી ફક્ત પોતાનું બોલ્યું મંજુર રહે એવો અર્થ કર્યો છે તે કારણ અમો નીચે બતાવીયે છીએ.**

દેવસુરગચ્છના વરતમાનના શ્રીજી પોતાના કાગળમાં લખે છે કે વીજેજીનેન્દ્રસૂરીજી જે વરસમાં વીરમગામ ચોમાસુ હતા તે સાલમાં રાજનગરના પં. રૂપવીજેજીને કાગળ લખ્યો કે આ વરસના પજુસણમાં ભાદરવા સુદ ૧ બે છે તેની તમો સાવણ વદ ૧૩ બે કરજો એવી રીતના કાગલ ઉપર દેવસુરના શ્રીજીએ બે તેરસો કરી પણ તે વાત અજુક્ત છે. તેનું કારણ નીચે બતાવીએ છીએ.

તે વરસમાં ભાદરવા સુદ ૧ બે હતી એવી ખાતરી ભરેલી વાત સંભવતી નથી કારણ કે વીજેજીનેંદ્રસૂરીજી સંવત ૧૮૪૧ ની સાલમાં શ્રીજીપદને પામ્યા ને આશરે સંવત ૧૮૮૪ની સાલમાં કાલ કર્યો છે. ને સંવત ૧૮૬૨ની સાલમાં

પં. પદમવિજેજીએ કાલ કર્યો છે માટે તેમને પાટે પં. રૂપવિજેજી તે જ સાલમાં થયા હશે ને **સંવત ૧૮૬૨ થી સંવત ૧૮૮૪ ની સાલ સુધીના પંચાંગ જોયાં તો બે એકમો એકે સાલમાં નીકળતી નથી તો વીજેજીનેંદ્રસૂરીનો કાગળ બતાવે છે તે ઉપર ભરૂસો શી રીતે રાખવો વળી તે કાગળમાં સંવત પણ બતાવતા નથી.** ને વળી પં. રૂપવિજેજીએ વીજેજીનેંદ્ર સૂરીજીના કાગળથી ભાદરવા સુદ ૧ બેની શ્રાવણ વદ ૧૩ બે કરી હોય તો સંવત ૧૯૦૨ની સાલમાં ભાદરવા સુદ ૧ બે કરી છે એવી ખાતરી અમને છે વળી તેઓના સંઘાડાના પં. ઉમેદવીજેજી તથા શ્રાવક વ્રજલાલ પાનાચંદ તથા પં. વીરવીજેજીના ઉપાસરાના જનાર શ્રાવક ગુલાબચંદ ફુલચંદ વીગેરે ઘણા માણસો ભાદવા સુદ ૧ બે કરી કહે છે ને વળી જે **કાગળ ઉપર ભરૂસો રાખે છે તે અસલ કાગળ બતાવતા નથી તેની નકલ બતાવે છે.** વળી પં. રૂપવીજેજીએ તેરસો બે કબુલ કરી એવો કાગળ પણ દેવસૂરના શ્રીજી તેમના લખેલા કાગળને વીશે બતાવતા નથી માટે પં. રૂપવીજેજીએ બે પડવેઓ કરી એ વાત સત છે તેથી વીરમગામના કાગળ ઉપર શ્રી સંઘને ભરૂસો રાખી બે તેરસો કરવી જુક્ત નથી. બે પડવેઓ કરવી તો હીરપ્રશ્ન વીગેરે ગ્રન્થની શાખ બતાવીએ છીએ માટે શ્રી સંઘે બે પડવેઓ કરવામાં શંકા રાખવી નહીં.'' (હેંડબિલ પેજ ૧-૨)

શ્રી કલ્યાણવિજયજી મહારાજ આ હેન્ડબિલ અહીં સુધી છાપ્યા પછી આગળ લખે છે કે ''એ પછી શ્રી શાંતિસાગરસૂરિજીએ હીરપ્રશ્ન આદિ ગ્રન્થોના પ્રમાણ આપીને પોતાની વાતનું સમર્થન કર્યું છે.''

શ્રી શાંતિસાગરસૂરિજીનું હેન્ડબિલ જોતા તે સમયે શ્રી પૂજ્યો કેવા અજ્ઞાન અને કદાગ્રહી હતા અને તેમના અવિચારી આદેશો કેવા ઉલ્કાપાત મચાવતા હતા તે સ્પષ્ટ સમજાય છે. એક સિંહાવલોકન આ હેંડબિલ અંગે કરી લઈએઃ

વિ. સં. ૧૯૨૮ની સાલમાં ભાદરવા સુદ ૧ ની વૃદ્ધિ હતી. તે સમયે દેવસુરગચ્છના શ્રીપૂજ્ય (જતી) વિજયધરણેન્દ્રસૂરિજી પાટણમાં ચોમાસુ રહ્યા હતા. તેમણે અમદાવાદ કાગળ લખીને જણાવેલું કે 'આ વખતે ભાદરવા

સુદિ ૧ બે છે પણ તમારે શ્રાવણ વદ ૧૩ બે કરવી.' આપણે સમજી શકીએ છીએ કે આમાં શ્રીપૂજ્યની જાડી બુદ્ધિએ શું વિચાર્યું હશે. ચાલો, એ પણ જોઈ લઈએ :

"ભાદરવા સુદ એકમ તો ભગવાનના જન્મવાંચનનો દિવસ. એની વૃદ્ધિ થાય જ કેમ ? માટે બે અમાસ કરો. અમાસ તો કલ્પધરનો દિવસ કહેવાય. એ કેમ બેવડાય ? તો હવે નંબર આવ્યો ચૌદશનો. ચૌદશ-અમાસ બંને પર્વતિથિ કહેવાય તેની વૃદ્ધિ ન થાય. માટે કરો બે તેરસ." આવું જ કંઈક વિચાર્યું હશે ને ? ઠીક છે, એ જે હોય તે.

બે એકમની બે તેરસ કરવાનો કાગળ પર્યુષણા આસપાસ આવેલો એટલે તે સમયે ક્યાંય કાગળો લખવાનો સમય રહેલો નહિ. આથી જેમણે માની લીધું તેમણે બે તેરસ કરી અને જેમને વાત પર ભરોસો ન બેઠો તેમણે બે એકમ જ રાખી.

આગલા વર્ષના અનુભવ પછી વિ. સં. ૧૯૨૯માં પણ ભાદરવા સુદિ ૧ ની વૃદ્ધિ આવતા શ્રી પૂજ્ય ધરણેન્દ્રસૂરિજીએ અમદાવાદના નગરશેઠ પ્રેમાભાઈ અને સંઘના આગેવાનોને બોલાવ્યા વિના પોતાના ઉપાશ્રયે આવનારા આગળ બે તેરસ કરવાનું નક્કી કરી દીધું. આ સાંભળીને ઘણા વિસ્મય પામ્યા કે આ અજુગતું ન કરવાનું કામ શું કર્યું કે ઉદયાત્ ચઉદશ (ચૌદશ) લોપી. (અહીં વાચકોનું ધ્યાન દોરું છું કે પૂ. આ. શ્રી. રામચંદ્ર સૂ. મ. ના જન્મ પહેલા પણ 'ઉદયાત ચૌદશ ન લોપવી' તેવું શ્રી સંઘ માનતો હતો. આજે એને 'નવોપંથ' કહેનારા પ્રગટ મૃષાવાદી બને છે.)

પછી તો સંઘના ઘણા માણસોએ સાગરગચ્છના શ્રી પૂજ્ય શાંતિસાગરસૂરિજીને ઘણી વિનંતી કરી કે ગઈ સાલમાં પણ બે તેરશની ગરબડ ચાલી હતી અને અત્યારે પણ એ જ ગરબડ ચાલે છે. (ગરબડને પરંપરા ન કહેવાય એવું સંઘના માણસો સમજતા હતા) માટે એ વિષયમાં આપે શાસ્ત્ર પ્રમાણે જે થતું હોય તે નક્કી કરી આપવું જોઈએ. આપ વૃદ્ધ છો

તેથી ઘણાં શાસ્ત્રો આપના જોવામાં આવ્યાં હશે માટે સંઘની હાજરીમાં શાસ્ત્રથી (સાચો સંઘ શાસ્ત્રને વચમાં રાખવાની વાત કરે જ.) નક્કી કરી આપો.

પછી તો એ શ્રી પૂજ્યે પોતાના ઉપાશ્રયે નગરશેઠ, તપગચ્છ, ખરતરગચ્છ, પાયચંદગચ્છ વગેરે સંઘના માણસો, એ ગચ્છના ચોમાસીઓ સમક્ષ શાસ્ત્ર મુજબ ભાદરવા સુદ ૧ બે હતી તે શાસ્ત્ર પ્રમાણે કાયમ રાખી. આ વાત સંઘ અને સંઘના અધિપતિએ કબૂલ રાખી.

આ વાત છાની તો કેમ રહે ? દેવસૂર ગચ્છના શ્રી પૂજ્ય વિજય ધરણેન્દ્રસૂરિજીએ ભાદરવા સુદ બે એકમ કાયમ રાખવાનો નિર્ણય સાંભળ્યો. સ્વાભાવિક છે કે તેમને આ ન જ ગમે. **શાસ્ત્ર અને અહં વચ્ચે ટકરાવ થાય ત્યારે અહંકારી માણસો શાસ્ત્રને મસ્તકે ધારણ તો ન કરે ઉપરથી પોતાના અહંકારને માફક આવે તેવી રીતે શાસ્ત્રના અર્થને મરડતા હોય છે.** બે-ચાર દિવસ વિચાર કરીને બીજીવાર તેમણે પોતાના ઉપાશ્રયમાં પોતાના પક્ષના થોડા માણસો સમક્ષ બે એકમની બે તેરસ કરવાની પોતાની જીદ તેમણે મુકરર કરી. પોતાની માન્યતા સ્વીકારે તેવા ચાર ઉપાશ્રયે કાગળો લખ્યા અને તેમાં શ્રી હીરપ્રશ્ન વગેરેના અર્થો પોતાને માફક આવે તેવા કર્યા જેનો સ્વીકાર ગીતાર્થો કરી શકે નહિ.

શ્રીહીરપ્રશ્ન વગેરે ગ્રંથો આજે આપણી સમક્ષ છે તેમાંનો કોઈ પ્રશ્નોત્તર ભાદરવા સુદ ૧ની વૃદ્ધિ હોય ત્યારે શ્રાવણ વદ ૧૩ની વૃદ્ધિ કરવી એવું ફરમાવતો નથી. છતાં એનો જ આધાર આપીને શ્રીપૂજ્ય ધરણેન્દ્રસૂરિજીએ શ્રી હીરપ્રશ્ન વગેરેના અર્થો લખ્યા હશે ત્યારે કેવી વિચિત્ર રીતે શાસ્ત્રોની પંક્તિઓને મરડી હશે તે આપણે સમજી શકીએ છીએ. લાગે છે કે આ બધા ગ્રંથોના અર્થોને મરડવાની શરૂઆત કદાચ જતીઓથી થઈ છે. સંવેગી સાધુઓ આવા ઉત્સૂત્રના માર્ગને કેવી રીતે સ્વીકારી શકે ?

શ્રીપૂજ્ય ધરણેન્દ્રસૂરિજીએ કરેલા શ્રીહીરપ્રશ્ન વગેરે ગ્રન્થોના અર્થો ગીતાર્થોની સીલી-પદ્ધતિ પ્રમાણે નથી એટલું કહીને શ્રીશાંતિસાગરસૂરિજી અટકતા નથી તેના કારણોની પણ ચર્ચા કરે છે.

શ્રીપૂજ્ય ધરણેન્દ્રસૂરિજી પોતાના પત્રમાં એવું લખે છે કે "વિજય જિનેન્દ્ર સૂરિજી જે વરસમાં વિરમગામ ચોમાસુ હતા તે સાલમાં રાજનગરના પં. રૂપવિજયજી મ. ને વિજય જિનેન્દ્ર સૂરિજીએ કાગળ લખેલો કે "આ વરસના પર્યુષણામાં ભાદરવા સુદ ૧ બે છે તેની તમો શ્રાવણ વદ ૧૩ બે કરજો" આ કાગળના આધારે અમે ભાદરવા સુદ ૧ બે છે તેની શ્રાવણ વદ ૧૩ બે કરી છે."

શ્રીધરણેન્દ્ર સૂરિજીની આ દલીલનું ખંડન શ્રીશાંતિસાગરસૂરિજી ખૂબ જ સ્વસ્થતાથી સંશોધન સાથે મુદ્દા પૂર્વક કરે છે :

૧, પહેલી વાત તો એ છે કે જે કાગળને તેઓ આગળ ધરે છે તે કઈ સાલનો છે તે સ્પષ્ટ જ કરતા નથી. સાલ વિના તપાસ કેમ થાય ?

૨, છતાં સાલ કઈ હોઈ શકે તે માટે ઈતિહાસ આવો છે. વિજયજિનેન્દ્રસૂરિજી વિ.સં. ૧૮૪૧ની સાલમાં શ્રીજીપદ પામ્યા અને આશરે વિ.સં.૧૮૮૪નીસાલમાં કાળધર્મ પામ્યા. જ્યારે વિ.સં. ૧૮૬૨ની સાલમાં પં. પદ્મવિજયજી મ. કાળધર્મ પામ્યા એટલે તે જ સાલમાં પં.રૂપવિજયજી મ. તેમની પાટે આવ્યા હશે. આ હિસાબે અમે વિ. સં. ૧૮૬૨ થી ૧૮૮૪ સુધીના પંચાંગો જોયા તેમાં ભાદરવા સુદ ૧ બે હોય એવું એકે સાલમાં નથી. જો આટલા વર્ષમાં ભાદરવા સુદ ૧ બે આવી જ નથી તો તેની શ્રાવણ સુદ ૧૩ બે કરવાનો એ બંને વચ્ચે પત્રવ્યવહાર થાય જ ક્યાંથી ?

૩, વિજય જિનેન્દ્ર સૂરિજીના કાગળથી પં.રૂપવિજયજી મ. એ ભાદરવા સુદ ૧ બે હતી અને તેની શ્રાવણ વદ ૧૩ બે કરી હોય તેવું સંભવિત પણ નથી કારણકે વિ.સં. ૧૯૦૨ ની સાલમાં ભાદરવા સુદ ૧ બે હતી ત્યારે પં. રૂપવિજયજી મ. એ ભાદરવા સુદ ૧ બે કરી હતી તેની મને ખાતરી છે. સાથે પં.રૂપવિજયજીના જ સમુદાયના પં.ઉમેદવિજયજી, શ્રાવક વ્રજલાલ પાનાચંદ, પં.વીરવિજયજીના ઉપાશ્રયે જનારા શ્રાવક ગુલાબચંદ ફુલચંદ

વગેરે ઘણા માણસો કહે છે કે પં. રૂપવિજયજીએ તે સમયે ભાદરવા સુદ ૧ બે કરી હતી.

૪, વિજય ધરણેન્દ્રસૂરિજી વિજયજિનેન્દ્રસૂરિજીના જે કાગળની વાત કરે છે તેની નકલ જ બતાવે છે. અસલ કાગળ બતાવતા જ નથી તો કેમ મનાય ?

૫, પાછી મુદ્દાની વાત તો એ છે કે વિજય ધરણેન્દ્રસૂરિજીના કહેવા મુજબ વિજય જિનેન્દ્ર સૂરિજીએ પં.રૂપવિજયજીને ભાદરવા સુદ ૧ બે હતી તેની શ્રાવણ વદ ૧૩ બે કરવાનો કાગળ લખેલો પણ એ કાગળને માન્ય રાખીને પં.રૂપવિજયજી મ. એ તે સમયે ભાદરવા સુદ ૧ બે ની શ્રાવણ વદ ૧૩ બે કબૂલ રાખી તેવો પં.રૂપવિજયજી મ. નો કોઈ પત્ર તો બતાવતા જ નથી માટે આ બધી બાબતો વિચારતા પં.રૂપવિજયજી મ. એ ભાદરવા સુદ બે એકમની શ્રાવણ વદ બે તેરસ કરી હતી એ વાત સાચી ઠરતી નથી. આ જ કારણથી વિરમગામના એ કાગળ પર ભરોસો રાખી શ્રીસંઘે બે તેરસ કરવી યોગ્ય નથી.

ભાદરવા સુદ એકમ બે કાયમ રાખવા માટે અમે હીરપ્રશ્ન વગેરે ગ્રન્થોની સાક્ષી બતાવીએ છીએ માટે શ્રીસંઘે બે એકમ કાયમ રાખવામાં કોઈ શંકા રાખવી નહિ.

શ્રી શાંતિસાગરસૂરિજીના હેન્ડબિલનું સિંહાવલોકન અહીં સમાપ્ત થાય છે.

પંન્યાસ શ્રીકલ્યાણવિજયજી મહારાજ “પર્વતિથિ ચર્ચા સંગ્રહ” પુસ્તકના ૩૮ મા પાને આગળ લખે છે કે

“શ્રી શાંતિસાગર સૂરિજી કેવળ હેંડબિલ છપાવીને જ બેસી નથી રહ્યા પણ પાટણ વિગેરે સ્થળોએ પત્રો લખીને બે તેરસોના ભુલાવામાં ન પડતાં બે

એકમો કરવાની સાગરગચ્છના સંઘોને સૂચના પણ કરી હતી એમ તેમના એક પત્ર ઉપરથી જણાય છે.''

## પર્વતિથિ ચર્ચા સંગ્રહમાં આગળ લખ્યું છે :

શ્રી પૂજ્ય શાન્તિસાગરજીના ઉક્ત હેંડબિલના ખંડનમાં શ્રી વિજયધરણેન્દ્રસૂરિજી તરફથી સંવત્ ૧૯૩૦ (ગુજરાતી ૧૯૨૯) તા. ૧૩ અગસ્ત ઈ.સ. ૧૮૭૩ના દિવસે એક હેંડબિલ બહાર પડ્યું હતું. પણ શાન્તિસાગરજીના હેંડબિલની યુક્તિઓ અને પ્રમાણોનું ખંડન કરવામાં લેખક સફલ થયા જણાતા નથી.

આક્ષેપો અને શાસ્ત્રપાઠોના કલ્પિત અર્થો લખીને શ્રી પૂજ્યે આ હેંડબિલ પૂરૂં કર્યું છે, વાચકગણની જિજ્ઞાસા તૃપ્તિને નિમિત્તે અમો તે હેંડબિલનો પ્રારંભનો થોડોક ભાગ નીચે આપીએ છીએ.

## શ્રી ધરણેન્દ્રસૂરિજીનું હેંડબિલ –

"સ્વસ્તિ શ્રી પારશ્વજીનું પ્રણામ્ય શ્રી ભટ્ટારક શ્રી શ્રીવિજય ધરણેંદ્રસૂરિશ્વરજી આદેસાત લી. પં.મોતીવિજય ગ. તથા લીખતા કારણ એ છે જે પર્યુષણ પર્વ પંચાંગ દેખતાં પડવા બે દેખાય છે તે ઉપરથી કેટલાક લોકોને સંદેહ પડે છે જે પર્યુષણમાં શી રીતે કરવું તેની ખબર લખ્યા પ્રમાણે જાણવી. સંવત-૧૯૨૯ના વર્ષમાં પર્યુષણમાં પંચાંગમાં બે પડવા દીઠી તે ઉપર શ્રી ૧૦૮ શ્રી વિજયધરણેંદ્રસૂરિશ્વરજીએ વિચાર્યું જે આપણે શ્રી દેવગુરૂ (સૂર?) ગચ્છની સમાચારી શી રીતે છે. એમ વિચારીને ઠામ ઠામ દેષાંતરના ગીતા-રથાઉને કાગળ લખ્યા તે જાણીને ઉદેપુરના આદેશીએ લખ્યું કે આપણી પરંપરામાં પર્યુષણમાં બે પડવા હોય ત્યારે બે તેરશ કરવી તેહેનો પ્રમાણ જ્યારે શ્રી ૧૦૮ શ્રી વિજયજીનેંદ્રસૂરીશ્વરજી વીરમગામ ચોમાસું રહ્યા તે વર્ષમાં બે પડવે હતી ત્યારે શ્રી રાજનગરથી પં. રૂપવિજયજીએ કાગલ લખી ખેપીઓ મોકલ્યો તે કાગળ વાંચીને શ્રીજીએ લખ્યું જે તમો બે તેરશ કરજો

અને બે પડવે કરીએ તે તો અન્ય ગચ્છની સમાચારી છે ઈત્યાદિક ઘણા સમાચાર લખ્યા તે ઈહાં લખતા નથી તે કાગલની નકલ જોઈને તથા મુંબઈના ચોમાશી પં. રૂપસાગરજીની સંમત લેઈને તથા ચરિતાનુવાદ ગ્રંથ લેઈને બે તેરશ કરી તથા આ વર્ષમાં પણ પડવે બે હતી તેની બે તેરસ કરી વળી શ્રી રાજનગરમાં ડેલાને ઉપાશ્રયે તથા વિમલને ઉપાશ્રયમાં તથા વિરવિજયજીના ઉપાશ્રયનો મુક્ષ સંઘ તથા લુહારની પોળમાં તથા સર્વ સંઘ એકઠો થઈને શ્રીજી સાહિબની આજ્ઞાથી તેમજ ઠરાવ કર્યો છે. તે જોઈને કેટલાક પોતાની મતકલ્પનાના ચાલણહાર તથા ખંડ ખંડ પંડિત થઈને તથા જે વર્તમાન કાળે જે ગચ્છ વર્તે છે ત્હેની પરંપરાની કશી પણ માલમ નહીં એવા લોકોના (આ કટાક્ષ શ્રી મુક્તિવિજયજી (મૂલચંદજી)ના સંબન્ધમાં છે.) અણલીધાથી સાગરગચ્છના શ્રીજીએ તથા તે સંબંધી કેટલોક સંઘ મળીને બે પડવે કરી છે પણ એ સામાચારી લુંકાગચ્છ તથા વિજયમતીગચ્છ તથા પાયચંદગચ્છ તથા કથલાગચ્છ તથા કોરંટગચ્છની છે પણ તપાગચ્છની સામાચારી તો બે તેરસ કરવી યુક્ત છે (છે ને કમાલ. આ શ્રી પૂજ્યને તપાગચ્છની સામાચારી શું છે તેની જ ખબર નથી અને કેવી લાંબી લાંબી વાતો કરે છે. તપાગચ્છની સામાચારીને બીજા ગચ્છની સામાચારી તરીકે ઓળખાવે છે અને પોતાના મતાગ્રહને તપાગચ્છની સામાચારી તરીકે ઠોકી બેસાડે છે. જોકે આજના કાળમાં પણ કેટલીક માન્યતા તપાગચ્છની ન હોવા છતાં આ શ્રી પૂજ્ય કરતા પણ વધારે ઉત્સાહથી એને તપાગચ્છની હોવાનું ઘણા વિદ્વાનો જાહેર કરે છે અને ખરેખરી તપાગચ્છની માન્યતાને તપાગચ્છની બહાર હાંકી કાઢવા જોર લગાવી રહ્યા છે. આ કલિકાલનું નાટક જ કહેવાય, બીજું તો શું હોય ! શ્રી પૂજ્યની આવી ઈજારાશાહીની શ્રી ઝવેરસાગરજી મહારાજે જેવા આકરા શબ્દોમાં ખબર લઈ નાંખી છે તેની વાત હમણાં જ આવે છે.) તે ઉપર શ્રી હીરપ્રશ્નની શાખ છે.'' (હેંડબિલ પેજ ૧)

તે પછી શ્રી વિજયધરણેન્દ્રસૂરિજીએ શ્રી હીરપ્રશ્ન વિગેરેમાં પાઠો લખીને પોતાની માન્યતા સિદ્ધ કરવાની ચેષ્ટા કરી છે. પરંતુ તેમાં તેઓ સફળ થયા નથી.

આટલી વિગત પં. શ્રી કલ્યાણવિજયજી મહારાજે ‘પર્વતિથિ ચર્ચા સંગ્રહ’ ના પેજ ૩૮-૩૯-૪૦માં જણાવી છે. શ્રી પૂજ્ય શ્રી ધરણેન્દ્રસૂરિજીએ પોતાના હેંડબિલમાં જે ગપ્પાબાજી કરી છે તેને આજના તપાગચ્છના એક પણ આચાર્ય સ્વીકારવાની વાત ન કરે. હેંડબિલની વાત વાચ્યા પછી વિચારક કોઈ પણ વાચક તેને મહત્ત્વ ન આપે. છતાં **એક શ્રી પૂજ્યની સત્તાના જોરે તેમણે થાય તેટલા ધમપછાડા કરી લીધેલા. સત્તાના જોરે સિદ્ધાંત સામે બખેડા હજી કઢાય પણ સિદ્ધાંત લોપી શકાતો નથી. શ્રી પૂજ્યના દાવા મુજબ તે વખતે તેમણે ઘણા સ્થાનોમાં બે પડવાની બે તેરસ કરાવી હતી. આજે તેમના હવાઈ તરંગને તપાગચ્છનો એક માણસ સ્વીકારતો નથી.**

આ ઈતિહાસ એટલા માટે યાદ કરાય રહ્યો છે કે લોકોને કેવા કેવા સંયોગોમાં કેવું કેવું બને છે તેનો ખ્યાલ આવે. થોડા કે વધારે ને નાના કે મોટાના ગણિત સાથે સત્ય શોધાતું નથી. બધાના વડા તરીકે બેસી ગયેલા શ્રી પૂજ્ય સિદ્ધાંતની વાતમાં સાવ અભણ હતા અને મતાગ્રહના કારણે સાવ ખોટા હતા તેની કબુલાત કોઈ પણ સમજુ માણસને કરવી જ પડે છે. આવડા મોટા શ્રી પૂજ્ય ખોટા હોય - એવી મુગ્ધ દલીલ અહીં કોઈ ન કરે. ભૂતકાળ માટેનું આ ડહાપણ જો દરેક કાળ માટે લગાવાય તો વ્યામોહ ક્યાંય ઉભો ન થાય. હવે આપણે ઉદયપુરની ઘટનાને યાદ કરીએ.

શ્રી સાગરાનંદ સૂ. મ. ના ગુરુ શ્રી ઝવેરસાગરજી મ. ઉદયપુરમાં ચાતુર્માસ હતા. તે સમયે શ્રીપૂજ્ય ધરણેન્દ્રસૂરિજી પણ ઉદયપુરમાં જ ચાતુર્માસ હતા. યોગાનુયોગ વિ.સં. ૧૯૩૫ની એ સાલમાં ભાદરવા સુદ- ૨નો ક્ષય આવ્યો હતો.આજે બીજનો ક્ષય સાંભળીને ભડકનારા પુણ્યવાનોના પૂર્વજો બીજનાં ક્ષયનો પણ કેવી સહજતાથી સ્વીકાર કરતા હતા તે તમને તે વખતની જૂની ભાષામાં નીકળેલું હેન્ડબીલ વાંચતા જાણવા મળશે. શ્રીપૂજ્ય ધરણેન્દ્રસૂરિજીએ તો વિ.સં.૧૯૩૫ની સાલમાં ભાદરવા સુદ બીજનો ક્ષય આવતા પોતાની અસલ અદામાં જાહેર કરી દીધું. ભાદરવા સુદ બીજનો ક્ષય છે. એ ક્ષય ના થાય. શ્રાવણ વદ તેરસનો ક્ષય કરી દો.

અત્યાર સુધી તો ઠીક હતું કે શ્રીપૂજયની મોં માથા વિનાની વાત ચાલી

જતી. આ વખતે તેમના દુર્ભાગ્યે અને શ્રી સંઘના સદ્‌ભાગ્યે શ્રી ઝવેરસાગરજી મહારાજ ત્યાં જ હતા. તેમને આ પ્રશ્ને પૂછવામાં આવતા તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે ,**જેમ તિથિની હાનિ વૃદ્ધિ આવે તે તેમજ કરવી, માટે આ વખતના પર્યુષણામાં એકમ-બીજ ભેગી કરવી.**

આજે આ જ માન્યતાને બે તિથિની માન્યતા, કહીને વગોવવામાં આવે છે પણ **જ્યારે પૂ.આ. શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાનો જન્મ પણ થયો ન હતો તે વખતે પૂ.ઝવેરસાગરજી મહારાજે કરેલી આ સિંહગર્જના છે. બીજના ક્ષયનો નિખાલસ સ્વીકાર છે.**

પર્વ તિથિ ચર્ચા સંગ્રહમાં શ્રી કલ્યાણ વિજયજી મ.એ પૃ. ૪૦ થી૪૩ પર છાપેલા એ હેન્ડબીલને વાંચો તેમના જ શબ્દોમાં-

સંવત ૧૯૩૫ની સાલની ચર્ચા.

આપણે ઉપર જોઇ આવ્યા કે ભાદરવા સુદી ૧-૨-૩-૪ની હાનિ વૃદ્ધિમાં શ્રીપૂજય ધરણેન્દ્રસૂરિજી શ્રાવણ વદી ૧૩ની હાનિ વૃદ્ધિ કરતા હતા, સંવત ૧૯૩૫ના વર્ષમાં

શ્રીપૂજય ધરણેન્દ્રસૂરિજી અને મુનિશ્રી ઝવેરસાગરજી બંને શ્રી ઉદયપુરમાં ચોમાસે રહ્યા હતા. આ વર્ષમાં ભાદરવા સુદ-૨ નો ક્ષય હતો પણ શ્રી ધરણેન્દ્રસૂરિજીએ શ્રાવણ વદી-૧૩ નો ક્ષય કરવાનું જાહેર કર્યું, આ વાત શ્રી ઝવેરસાગરજીના કાને પહોંચી અને તેમણે શ્રાવકોને જણાવ્યું કે, ભાદરવા સુદિ-૨ ના ક્ષયમાં એકમ બીજ ભેગી કરાશે પણ બારસ તેરસ ભેગી નહી કરાય, ઇત્યાદિ ઘણો વિસ્તારપૂર્વક ખુલાસો આપ્યો જે ઉદયપુરના સંઘે હેન્ડબીલના રુપમાં છપાવીને બહાર પાડ્યો હતો, વાંચકોને જાણવા માટે તે હેન્ડબીલનો પણ પ્રારંભનો થોડોક ભાગ નીચે આપીએ છીએ.

શ્રી ઝવેરસાગરજીનું હેન્ડબીલ.

**श्री उदयपुरसे श्री सकलसंघ जैन धर्मी को जाहिर करवा में आता है कि श्री तपगच्छ के संवेगी साधुजी महाराज श्री जवाहीरसागरजी पोष शुदी पंचमी के दीन यहां पधार्या है व्याख्याण में श्री उवाइसूत्रकी टीका वांची ते सुण कर संघ बहुतआनन्द पाम्या**

और घणा जीव धर्म में द्रढ हुआ अठ्ठाइ महोछवादिक होने से जैनधर्मकी घणी उन्नति हुइ बाद जेठ मास में श्रीपाली १रामपुर २,पंचमहाल ३,लुणावाडा ४,गोधरा ५,वगेर केतलाक गामों का संघकी तरफसे चौमासा की विनति छति पीण यहां के संघे बहुत अरज करके चौमासा यहां करवाया है यहां दो ठिकाने व्याख्यान वंचता है अेक तो मुनी जवाहीरसागरजी श्री आचारांगसूत्र निर्युक्ति टीका समेत वांचते है श्रावक-श्राविका वगेरेह आनंद सहित सुनने को रोजीना आता है तेथी श्री धर्मकी वृद्धि होती है दुजा श्री तपगच्छ के श्रीपूज्यजी महाराज श्री विजयधरणेन्द्रसूरिजीकु भी संघने चौमासा यहां करवायो है वां श्री पन्नवणा सूत्र वंचाता है अेक दिन श्रावको मुनी जवेरसागरजीने पूछा की अब के श्री पर्युषण मे सुदी २ टुटी है सो अकम दूज भेली करणी के कोइ का केहेणा बारस तेरस भेगी करणी का हे वो करणी इसका उत्तर इस माफक दिया कि श्री रत्नशोखरसूरिकृत श्राद्धविधिकौमुदी अपर-नाम श्राद्धविधि ग्रंथ मे कह्यो छे कि प्रथम मनुष्य भवादिक काममां पामी निरंतर धर्मकरणी करवी निरंतर न बने तेने तिथि के दिने धर्मकरणी करवी यदुक्तं-जह सव्वेसु दिने (णे)सु पालह किरिअं तओ हवइ लठं (ट्ठं) जय (इ)पुण तहा न सक्कह, तह विहु पालिपिव्व...१ अेक पखवाडामे तिथी छ होवे-यदुक्तं-बि (बी) या पंचमी अष्ट (ट्ठ) मी ग्यारसी (अगारसी) चौ (चउ) दसि (इसी) पण तिहीउ (ओ) अआओ सुह (य) तिहीउं (ओ) गोयमगणहारिणा भणिआ १,,

एवं पंचपर्वी पूर्णिमामावास्याभ्यां सह षट्पर्वी च प्रतिपक्षमुत्कृष्टतः स्यात् तिथी पिण जे प्रभाते पचखाण वेलाए उदियात होवे सो लेणी यदुक्तं तिथी (थि) श्च प्रातः प्रत्याख्यानवेलायां यः स्यात् स प्रमाणं सूर्योदयानुसारेणैव लोके पि दिवसादिव्यवहारात् आहुरपि-चाउम्मासी (सि) अवरिसे पक्खी (क्खि) अ पंचठ्ठमीसु नायव्वा। ताउ (ओ) तिहीउ जासिं उदेइ सु (सू) रो न अणा (ण्णा) ओ १ पूआ पच्चक्खाणं पडिकमणं तह य नियमगहणं च जीए उदेइ सु (सू) रो तीह ती (ति) हीए उ कायव्वं २ जो तिथिनो क्षय होवें तो पूर्वतिथिमें करणी जो

वद्धि होवे तो उत्तर तिथि लेणीं. यदुक्तं–क्षये पूर्वा तिथिः कार्या वृद्धौ कार्या तथोत्तरा, श्री वीरज्ञाननिर्वाणं कार्यं लोकानुगैरिह ॥ १ ॥ ओ उदियात तिथिको छोडकर आगे पीछे तिथि करे तो तीर्थंकरकी आणानो भंग ॥ १ ॥ अनवस्था एटले मरजादानो भंग मिथ्यात्व एटले समकितनो नाश ३ विराधक ४ ए चार दुषण होवे यदुक्तं – उदयंमि जा तिहि (ही) सा पमाणमिअरि (री) ए कीरमाणीए । आणाभंगणवत्थामिच्छत्तविराहणं पावे ॥ १ ॥ और श्री हीरप्रश्नमें पिण कह्या है कि जो पर्युषणका पिछला चार दिवसमें तिथिका क्षय आवे तो चतुर्दशीथी कल्पसूत्र वांचणा जो वृद्धि आवे तो एकमथी वांचणा एथी पीण मालम हुवा की जेम तिथिकी हानि वृद्धि आवे ते तेमज करणी वास्ते अव के पर्युषणमें एकम दुज भेली करणी वद ११ शनिवारे प्रारंभ वद १४ मंगलवारे पाखी तथा कल्पसूत्रकी वांचना पिण सोमवारे पाखी करवी नहि वदी ३० अमावस्याये जन्मोछवः शुद ४ शनिवारे संवत्सरी करणी कोई कहै छै कि बडा कल्पकी छठ्ठकी तपस्या टूटे तथा पांचमे दिवसे पाखी करणी वास्ते पजुषणका पिछला चार दिवस में तिथिकी हानी वृद्धि आवे तो बारस तेरस भेगा करां छां वा दो तेरश करां छां इसका उत्तर के ये बात कोई शास्त्र में लिखी नथी और चोवीसकी सालमें दूज टूटी तीसकी सालमें दो चौथ हुई ते वखतें श्री अमदावाद वगेरेह प्रायें सर्व शहेरमें साधु साध्वी श्रावक श्राविकायें बारस तेरस भेली वा दो तेरशां करीं नहि कोइ गच्छमें मतमें दरसनमें शास्त्रमें नहि है कि सुदकी तिथि बदमें मे बदकी तिथी सुदमें हानि वृद्धि करणी किं बहुना आत्मार्थी को तो हठ छोड कर शास्त्रोक्त धर्मकरणी करके आराधक होणा चाहिए ।

આજના સમયમાં વારંવાર એક વાત પ્રચારવામાં આવે છે કે 'શાસ્ત્ર ગમે તે કહેતું હોય, પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ ન થાય તેવી પરંપરા સદીઓથી ચાલુ છે. માટે 'શાસ્ત્ર-શાસ્ત્ર'ની બૂમો નહિ પાડવાની. પરંપરા પણ જિનશાસનને માન્ય છે.' જે પરંપરાની દાંડી પીટવામાં આવે છે તે પરંપરાની વાત કેટલી ખોટી છે તે શ્રી ઝવેરસાગરજી મહારાજના આ હેન્ડબીલથી સમજાય છે. વિ. સં. ૧૯૩૫ની સાલમાં તેવી કોઈ સામાચારી ન હોવાથી જ શ્રી ઝવરેસાગરજી મહારાજ ચોક્ખા શબ્દોમાં જણાવે છે કે "तिथी पिण जे प्रभाते

पचखाण वेलाए उदियात होवे सो लेणी x x x जो तिथिनो क्षय होवे तो पूर्वतिथिमें करणी जो वृद्धि होवे तो उत्तरतिथि लेणी x x x जो उदियात तिथिको छोडकर आगेपीछे तिथि करे तो तीर्थंकरकी आणानो भंग, अनवस्था एटले मरजादानो भंग, मिथ्यात्व एटले समकितनो नाश, विराधक ए चार दुषण होवे x x x जेम तिथिकी हानि वृद्धि आवे ते तेम ज करणी वास्ते अब के पर्युषणमें एकम दुज भेली करणी."

આજની ભાષામાં આનો અર્થ એવો થાય કે "તિથિ પણ જે સવારે પચ્ચક્ખાણ સમયે ઉદયમાં હોય તે લેવી... જો તિથિનો ક્ષય હોય તો પૂર્વતિથિમાં કરવી, જો વૃદ્ધિ હોય તો ઉત્તરતિથિ લેવી.... જો ઉદયાત તિથિને છોડીને આગળ-પાછળ તિથિ કરે તો તીર્થંકરની આજ્ઞાનો ભંગ, અનવસ્થા એટલે મર્યાદાનો ભંગ, મિથ્યાત્વ એટલે સમકિતનો નાશ અને વિરાધના એ ચાર દૂષણ થાય.... જેમ તિથિની ક્ષય વૃદ્ધિ આવે તે તેમજ કરવી માટે આ વખતના પર્યુષણમાં એકમ-બીજ ભેગી કરવી."

તમને એવું લાગશે કે આ તો પૂ. આ. શ્રી. રામચન્દ્ર સૂ. મ. કહી રહ્યા છે. આજે આ શબ્દો બે તિથિની માન્યતા તરીકે વગોવવામાં આવે છે પણ એ શબ્દો શાસ્ત્રોના જ છે, શાસ્ત્રપ્રેમી દરેક મહાત્માઓ આ શબ્દો ઉચ્ચારે તે મુજબ શ્રી ઝવેરસાગરજી મહારાજે પણ આ શાસ્ત્રશુદ્ધ માર્ગ જાહેર કર્યો છે. આજે આ જ પંક્તિઓના ઊટપટાંગ અર્થ કરવાનો પ્રયાસ થાય છે ત્યારે શ્રી ઝવેરસાગરજી મહારાજે કરેલો સીધો અને સાચો અર્થ જો સ્વીકારી લેવામાં આવે તો તિથિ અંગેના મતભેદો આપોઆપ સમાપ્ત થઈ જાય. 'જેમ તિથિની ક્ષય-વૃદ્ધિ આવે તે તેમજ કરવી' આ શબ્દો પૂ. આ. શ્રી રામચંદ્ર સૂ. મ. ના જન્મના ઘણા વર્ષો પહેલા શ્રી ઝવરેસાગરજી મહારાજે કહેલા છે. જો 'પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ થાય જ નહિ' તેવી કહેવાતી પરંપરાનું અસ્તિત્વ હોત તો શ્રી ઝવેરસાગરજી મહારાજ આવું બોલી શકત જ નહિ. તત્કાલીન બીજા ગીતાર્થ મહાપુરુષોએ તેમને જરૂર પડકાર્યા હોત. પણ એવું કશું બન્યાનો ઈતિહાસ મળતો નથી. આજ સુધીમાં કોઈએ શ્રી ઝવેરસાગરજી મહારાજને

'પરંપરા લોપક' કહી વગોવ્યા નથી અને શ્રી ઝવેરસાગરજી મહારાજે કહેલી જ વાત કહેનારા પૂ. આ. શ્રી રામચન્દ્ર સૂ. મ. પર 'પરંપરાલોપક'થી માંડીને મનમાં આવે ને મોંઢે ચઢે તેવા આળ ચઢાવનારા 'અભ્યાખ્યાન' નામનું તેરમું પાપ આચરનારા બને છે. એવું સૌ કોઈ સમજી શકે તેમ છે.

હાલમાં કેટલાક પંડિતો એવી દલીલ કરતા હોય છે કે 'ક્ષય-વૃદ્ધિના નિયમને જો વધારે પડતું મહત્ત્વ આપીએ અને ઉદય તિથિનો આગ્રહ રાખીએ તો કલકત્તા વગેરે દૂરના પ્રદેશોમાં મુંબઈના સૂર્યોદય મુજબની તિથિ કરે છે તેમને પણ જિનાજ્ઞાનો ભંગ, અનવસ્થા, મિથ્યાત્વ અને વિરાધના જેવા મોટા ચાર પાપ લાગે. જો કલકત્તા વગેરેમાં રહેનારા આરાધકો માટે આવા દૂષણો આપવામાં નથી આવતા તો અહીં ઉદયમાં ચોથ હોય કે પાંચમ હોય બહુ મગજમારી કરવી નહિ. કલકત્તાવાળાને પણ ઉદયમાં ચોથ નથી, અહીં રહેનારાને પણ બે પાંચમની બે ત્રીજ કરનારને ઉદયમાં ચોથ નથી અને સંવત્સરી આરાધે છે. માટે તેમને પણ ચાર મોટા દૂષણો લગાડવા નહિ. ઉદય તિથિની ચર્ચા ન કરવી, આપણે તો આરાધનાથી મતલબ છે. સંવત્સરી કરે છે ને ? બહું થયું.'

શ્રી ઝવેરસાગરજી મહારાજના હેંડબીલને વાંચતા બહુ સ્પષ્ટ સમજાય છે કે તેઓ આવા કુતર્કમાં માનતા ન હતા. સૂર્યોદય સમયે બધા સ્થળે એક તિથિ હોય જ એવું બનતું નથી એમ માનીને તેમણે શાસ્ત્ર પંક્તિઓને છોડી દીધી નથી. ઉપરથી શ્રી પૂજ્ય ધરણેન્દ્રસૂરિજીની સામે હેંડબીલ બહાર પાડીને તેમણે જાહેર કર્યું કે તિથિની આવતી ક્ષય-વૃદ્ધિમાં કોઈ સત્તાધીશ પણ ચેડા કરે તેની સામે 'બધા ગામોમાં સૂર્યોદય સમયે એક જ તિથિ ક્યાં રહે છે' જેવો કુતર્ક સ્વીકારીને ચૂપ ન રહેવાય. શ્રી આનંદસાગર સૂ.મ. અને પૂ. આ. શ્રી રામચન્દ્ર સૂ.મ. જેવા ધુરંધર આચાર્યો પણ લવાદી ચર્ચા દ્વારા એનો નિર્ણય લાવવા માટેની મહેનત ન કરત અને શેઠ કસ્તુરભાઈ લાલભાઈ જેવા શ્રાવક લવાદી ચર્ચા ગોઠવીને ચૂકાદો લાવવા સુધીનો પુરુષાર્થ પણ ન કરત. આ વસ્તુ જ બતાવે છે કે આ કુતર્ક પૂર્વના કોઈ મહાપુરુષોને માન્ય ન હતો.

જોવાની ખૂબી પાછી એ છે કે આવા કુતર્કો કરનારને તો કોઈ પણ સૂર્યોદયે તિથિ માનવામાં વાંધો નથી તો શા માટે એક તિથિનું તૂત પકડી બેઠા છે ? બે તિથિવાળાને તો સંઘમાન્ય પંચાંગના સૂર્યોદયવાળી તિથિનો આગ્રહ છે. તેમને સિદ્ધાંતનો સવાલ છે. આ કુતર્કવાળાને એ પ્રશ્ન નડતો નથી. એ તો તિથિ કરતા આરાધનાને વધુ મહત્ત્વ આપે છે તો તેઓ બે તિથિવાળાની શાસ્ત્રીય તિથિના દિવસે આરાધના કરી લે તો તેમને કોઈ કુતર્ક કે ઘોંઘાટ કરવાનો રહે નહિ. આ તો પ્રાસંગિક વાત થઈ.

મૂળ વાત પર આવીએ તો શ્રી ઝવેરસાગરજી મહારાજના હેંડબીલમાં બીજી પણ મહત્ત્વની વાત મળે છે. 'चौवीस की साल में दूज टूटी, तीसकी साल में दो चौथ हुई ते वखते श्री अमदाबाद वगेरेह प्रायें सर्व शहेरमें साधु-साध्वी-श्रावक-श्राविकायें बारस तेरस भेगी वा दो तेरस करी नहि.' શ્રી ઝવેરસાગરજી મહારાજ એમ લખે છે કે 'વિ. સં. ૧૯૨૪ની સાલમાં પણ ભાદરવા સુદ બીજનો ક્ષય હતો અને વિ. સં. ૧૯૩૦ની સાલમાં ભાદરવા સુદ ચોથની વૃદ્ધિ હતી તે વખતે અમદાવાદ વગેરે પ્રાયઃ બધા શહેરોમાં ચતુર્વિધ શ્રી સંઘે બારસ તેરસ ભેગી કરી ન હતી કે બે તેરસ પણ કરી ન હતી.' આ વાત પણ તે સમયે બાર પર્વતિથિઓની ક્ષય-વૃદ્ધિ આવતી તે તેમજ રાખવામાં આવતી એનો પ્રત્યક્ષ દાખલો છે. સૌને આરાધક બનવા માટે આ લીટી પછીની લીટીમાં શ્રી ઝવેરસાગરજી મહારાજે જે શબ્દો વાપર્યા છે તે શ્રી પૂજ્યને વીંધી નાંખે તેવા છે. 'કોઈ ગચ્છમાં, કોઈ મતમાં, કોઈ દર્શનમાં, કોઈ શાસ્ત્રમાં નથી કે સુદની તિથિ વદમાં અને વદની તિથિ સુદમાં ક્ષય-વૃદ્ધિ કરવી.' શ્રી પૂજ્યના જુઠાણાના તેમણે આ લીટીમાં સાવ જ લીરા ઉડાવી દીધા છે.

આટલી વાત તો આપણે શ્રી ઝવેરસાગરજી મહારાજના હેંડબીલમાંથી વિચારીએ છીએ પણ તે સમયે પં. શ્રી કલ્યાણવિજયજી મહારાજે પોતાના પુસ્તકના પેજ ૪૩-૪૪ પર લખ્યું છે કે "ઉપરોક્ત હેંડબીલો વાંચવાથી વાંચકગણ સમજી શકશે કે તેમના વખતના ગચ્છાધિપતિ ગણાતા શ્રી પૂજ્યો તિથિ - ક્ષય - વૃદ્ધિના સંબંધમાં કેવી કેવી વિચિત્ર આજ્ઞાઓ બહાર પાડતા

હતા અને શ્રાવક વર્ગને જ નહિ, સુવિહિત સાધુઓ સુધાંને (એટલે સુવિહિત સાધુઓને પણ) તેમનું કથન માનવું પડતું હતું. આપણામાં 'પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ ન થાય, પૂનમ - અમાવસ્યાની હાનિ - વૃદ્ધિમાં તેરસની હાનિવૃદ્ધિ કરવી' ઇત્યાદિ કેટલીક જે અઘટિત પ્રવૃત્તિઓ ચાલતી જોવાય છે તે આવા શ્રી પૂજ્યોના જ પ્રતાપે ચાલેલી છે. આવી અગીતાર્થ અને અસુવિહિતોની પ્રવર્તાવેલી નિરાધાર રૂઢિઓ તે વખતે તેમનું પ્રાબલ્ય હોવાથી ભલે ચલાવી લીધી હોય પણ હવે પરમાર્થ જાણ્યા પછી તો ગાડરિયા પ્રવાહ રૂપે ચાલતી એ રૂઢિઓ છોડવી જ જોઈએ."

આ તો શ્રી ઝવેરસાગરજી મહારાજની વાત થઈ. પણ તેમના સમકાલીન પૂ. આત્મારામજી મહારાજ પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ માનતા હતા કે નહિ તે પણ જોઈ લઈએ.

મુનિ અશોકસાગરજી મ. (હાલ આચાર્ય)ની ગણી પદવી પ્રસંગે વિ. સં. ૨૦૩૬ની સાલમાં આગમોદ્ધારક ગ્રન્થમાળા કપડવંજ તરફથી એક પુસ્તક બહાર પડેલું. નામ છે : 'સાગરનું ઝવેરાત.' આ પુસ્તકમાં મુનિશ્રી ઝવેરસાગરજી મ.નું જીવન ચરિત્ર છે. તેમાં શરૂઆતના પાનાંઓમાં તેમના પર આવેલાં પત્રો છાપ્યાં છે. આમાં પૂ. આત્મારામજી મહારાજે રાધનપુરથી પત્ર લખેલો છે, ઉદયપુરમાં બિરાજમાન મુનિશ્રી ઝવેરસાગરજી મહારાજને ! આ પુસ્તકના શરૂઆતના પાનાંઓમાં પેજ ૨૨ પર પૂ. આત્મારામજી મહારાજ લખે છે કે "આપને પર્યુષણ બાબત લીખા સો એકાદશીવાલે દિન પર્યુષણ બેસે ઔર અમાવસકે દિન જન્મ હોગી દુજ એકમ ભેગા છે. ચોથ કે દિન સંવચ્છરી છે. તેણી રીત છે. માલુમ કરણા એજ."

અહીં પૂ. આત્મારામજી મહારાજે 'દુજ એકમ ભેગા છે' એમ લખીને બીજના ક્ષયનો સ્પષ્ટ સ્વીકાર કર્યો છે. એકદમ સમજાય તેવી વાત છે કે પૂ. આત્મારામજી મહારાજ, શ્રી ઝવેરસાગરજી મહારાજ જેવા ધુરંધરો તે સમયે પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ ન થાય તેવી કોઈ પક્કડ રાખ્યા વિના જે તિથિ જેમ આવે તેમ સ્વીકારવાના મતના હતા.

ફરી પાછા પંન્યાસશ્રી કલ્યાણવિજયજી મહારાજની ‘પર્વતિથિચર્ચા સંગ્રહ’ નામની પુસ્તિકાની વાત પર આવીએ તો આ પુસ્તિકામાં તેમણે પોતાની પાસે રહેલા ઘણા જૂનાં પંચાંગોનાં જરૂરી પાનાંના બ્લોક બનાવીને પણ છાપ્યાં છે. એક નજર એના પર પણ કરી લઈએ :

પંચાંગોની ફોટોકોપીઓ અને તેની નીચે લખેલી નોંધો પ્રમાણે –

વિ. સં. ૧૮૭૦ સાલમાં શ્રાવણ વદ અમાસનો ક્ષય હતો.

વિ. સં. ૧૮૭૦ સાલમાં ભાદરવા સુદ ચૌદસ બે હતી.

વિ. સં. ૧૮૭૦ સાલમાં આસો સુદ આઠમ બે હતી.

વિ. સં. ૧૮૭૦ સાલમાં આસો સુદ પૂનમનો ક્ષય હતો.

હસ્તલિખિત ચંડૂ પંચાંગ પ્રમાણે

વિ. સં. ૧૯૩૦ (આષાઢાદિ ૧૯૩૧)માં ભાદરવા સુદ ૪ બે હતી.

વિ. સં. ૧૯૩૧ (આષાઢાદિ ૧૯૩૨)માં ભાદરવા સુદ ૪ બે હતી.

આ ઐતિહાસિક પંચાંગના પૃષ્ઠો પણ પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ અંગે સારો પ્રકાશ પાથરે છે. એ પૃષ્ઠોની ફોટોકોપી નીચે પં. શ્રી કલ્યાણવિજયજી મ.એ જે નોંધ મૂકી છે તે ખાસ વાંચવા જેવી છે. પાછળ આપેલ પ્રશ્નોત્તરીમાંથી પણ ઘણો જૂનો ઈતિહાસ બહાર આવે છે.

હવે, સંઘભેદ નામના પાપને તિથિચર્ચાના વિષયમાં આજે કેટલાક પંડિતો ખૂબ ચગાવે છે. આ પાપનો ટોપલો વગર કારણે પૂ. આ. શ્રી વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના માથે ઢોળવામાં આવે છે. તિથિચર્ચાના વિષયમાં ખરેખર જ જો સંઘભેદના પાપને ઓઢાડવાનું હોય તો એ પાપ કોના માથે પડે તેમ છે તે વિષય પંન્યાસશ્રી કલ્યાણવિજયજી મ.ના

શબ્દોમાં જ જોઈએ. તેઓ પોતાના પુસ્તકમાં પૃ. ૪૪-૪૫-૪૬-૪૭ પર લખે છે કે —

### "(૮) સંવત્ ૧૯૫૨ની સાલથી સંવચ્છરી સંબંધી ઝગડાનો સૂત્રપાત

જેમને ઈતિહાસની ખબર નથી તેઓ ગયા વર્ષથી (એટલે કે ૧૯૯૨ની સાલથી) આ ઝઘડાની શરૂઆત માને છે અને તેનો દોષારોપ શનિવારે સંવચ્છરી કરનાર વર્ગ પર મૂકે છે, પણ ખરી રીતે આ ઝઘડાનો સૂત્રપાત ૧૯૫૨ની સાલથી થયેલો છે અને તેની શરૂઆત શ્રી આનંદસાગરજી (આજના શ્રી સાગરાનંદસૂરિજી)ના હાથે થયેલી છે.

સંવત્ ૧૯૫૨ના વર્ષમાં ભાદરવા સુદિ ૫નો ક્ષય હતો. સામાન્ય રીતે ૫ ના ક્ષયમાં પહેલાની ચોથે પંચમીનું કૃત્ય કરી લેવાય છે પણ પર્યુષણ ચતુર્થી પછીની પંચમીનો ક્ષય હોય તો શું કરવું ? કેમકે તે પૂર્વેની ચોથ તો પંચમી કરતાં યે વિશેષ મહત્ત્વની હોય છે. આવા પ્રકારની શંકા ઉત્પન્ન થતાં ભરૂચ નિવાસી વિદ્વાન શ્રાવક શ્રી અનોપચંદભાઈ મલુકચંદે શ્રી વિજયાનંદસૂરિજી (શ્રી આત્મારામજી) મહારાજને પૂછ્યું કે ભાદરવા શુદિ પંચમીના ક્ષય નિમિત્તે પર્યુષણનો દિવસ આઘોપાછો કરવો એ મ્હને યોગ્ય લાગતું નથી. આપનો એ વિષે શો અભિપ્રાય છે તે જણાવવા કૃપા કરશો. આ અનુપચંદભાઈના પ્રશ્નના ઉત્તરમાં મહારાજશ્રી આત્મારામજીએ જણાવ્યું કે 'ઠીક છે, આ વખતે પંચમીનો ક્ષય કરવો એજ અમને પણ યોગ્ય લાગે છે.'

ઉક્ત હકીકત સિનોર નિવાસી શ્રાવક મગનલાલ મેળાપચંદે કે જેઓ અનોપચંદભાઈના શિષ્ય ગણાતા, સં. ૧૯૮૧ની સાલમાં છપાયેલ પ્રશ્નોત્તરરત્ન ચિંતામણિ નામના ગ્રંથમાં આપેલ શેઠ અનોપચંદભાઈના જીવનચરિત્રમાં નીચે પ્રમાણે જણાવી છે.

"સંવત્ ૧૯૫૨ની સાલમાં ભાદરવા સુદિ ૫નો ક્ષય હતો તે ઉપરથી અનુપભાઈએ શ્રીમદ્ આચાર્ય મહારાજશ્રી આત્મારામજી મહારાજને પૂછેલું

કે ભાદરવા સુદ ૫નો ક્ષય છે તો આખા પર્યુષણની તિથિ ફેરવવી પડે છે તો પાંચમનો ક્ષય કરીએ તો શું વાંધો છે ? કારણ પાંચમની કરણી ચોથે થાય છે તો પછી આ વખતે બધા પર્યુષણ ફેરવવા એ ઠીક લાગતું નથી માટે આપનો અભિપ્રાય શું છે ? તેનો જવાબ શ્રીમદ્ આચાર્ય મહારાજશ્રી આત્મારામજી મહારાજે એ આપ્યો કે પાંચમનો ક્ષય આ વખતે કરવો સારો છે, એવો જવાબ આવ્યો હતો અને ત્યારબાદ ૧૯૫૨ના જેઠ મહિનામાં શ્રીમદ્ આચાર્ય મહારાજે કાળ કર્યો, ત્યારબાદ અનુપભાઈના વિચારમાં આવ્યું કે મહારાજે લખ્યું એ વ્યાજબી છે, એઓના વચન પ્રમાણે બને તો સારું છે અને એઓનું વચન કબુલ રાખવું એમ ધારી શ્રીમદ્ આચાર્ય મહારાજના શિષ્યોના સમુદાયમાં આ બાબત લખી તેમનો અભિપ્રાય મંગાવ્યો. તેઓએ મહારાજના લખવા પ્રમાણે કરવા સંમતિ આપી. તેમની સંમતિ આવ્યા બાદ બીજા સાધુઓ તથા શ્રાવકોને કાગળ લખી તેમને પૂછ્યું તે લોકો જવાબ લખે તેનો જવાબ પાછો લખી સમાધાન કરી તેઓના અભિપ્રાય એ પ્રમાણે કરવાનો ઘણાનો વિચાર આવ્યો વળી કેટલાક અમદાવાદના ભાઈઓ અને કેટલાક સાધુઓનો વિચાર મલતો નહિ તે ઉપરથી શ્રીમદ્ આચાર્ય મહારાજશ્રી સિદ્ધિસૂરિજી છાણી ચોમાસું રહ્યા હતા તેમની પાસે સુરત અમદાવાદ વગેરે ગામોના કેટલાક ભાઈઓ આવ્યા હતા ત્યાં અનુપચંદભાઈ પણ ગયેલા હતા, તેઓને એ બાબતમાં સેનપ્રશ્ન હીરપ્રશ્ન વગેરેના પુરાવા આપી તેઓનું સમાધાન કર્યું. સઘળા એ પ્રમાણે કરવા સંમત થયા, આવી રીતે આખા હિન્દુસ્તાનમાં રૂબરૂમાં વા કાગળની લખાપટીથી સમાધાની કરી એકત્ર કરી એ પ્રમાણે આચાર્ય મહારાજશ્રી આત્મારામજી મહારાજનું વચન મંજુર કર્યું; ફક્ત પેટલાદમાં જુદા જુજ માણસોના હૃદયમાં ન રુચવાથી અને સુરતમાં એક ભાઈને તે ન સમજમાં આવવાથી તેમને શાંત કરી પ્રતિક્રમણ જુદું કર્યું. બાકી બધે એકત્ર થયું હતું. આ એઓની ગુરુભક્તિ જણાય છે.''

(પ્રશ્નોત્તર રત્નચિંતામણિ પૃ. ૧૯-૨૦)

'પર્વતિથિચર્ચા સંગ્રહ' નામની પુસ્તિકામાં પંન્યાસશ્રી કલ્યાણવિજયજી મહારાજ 'પ્રશ્નોત્તર રત્નચિંતામણિ' પુસ્તકના આગળના પેજનું આવું અવતરણ આપીને આગળ લખે છે :

"ઉપર ઉદ્ધરેલ શેઠ અનુપચંદભાઈના જીવનપ્રસંગથી સ્પષ્ટ જણાઈ આવે છે કે સં. ૧૯૫૨ની સાલમાં ભાદરવા સુદિ ૫નો ક્ષય માનવાનો નિર્ણય થયો હતો. અને તે હિસાબે સંવત્સરી કરવામાં આવી હતી, માત્ર પેટલાદમાં ચાતુર્માસ રહેલ શ્રી આનંદસાગરજી (આજના સાગરાનંદસૂરિજી) અને તેમના ભાઈ શ્રી મણિવિજયજી આ બે સાધુઓએ ઉપર જણાવેલ નિર્ણયથી વિરુદ્ધ પડી એક દિવસ પહેલાં સંવત્સરી કરી હતી, પણ પેટલાદ સિવાય બીજા કોઈ સ્થળનો તેમને સાથ નહોતો મળ્યો.

સંવત ૧૯૬૧ની સાલમાં પણ ભાદરવા સુદિ ૫નો ક્ષય હતો અને આખા તપાગચ્છે તે ક્ષય કબૂલ રાખીને ચોથે સંવત્સરી કરી હતી, તે વખતે શ્રી સાગરજીનું ચોમાસુ કપડવંજમાં હતું, આ વર્ષમાં શ્રી સાગરજી મહારાજે ત્રીજે સંવત્સરી કરી હતી કે પંચમીનો ક્ષય માનીને ચોથે, તે ચોક્કસ જણાયું નથી, પરંતુ સાંભળવા મુજબ તેમણે આ વખતે ચોથે સંવત્સરી કરી હતી.

સંવત ૧૯૮૯માં પણ જોધપુરી પંચાંગમાં ભાદરવા સુદિ ૫ નો ક્ષય હતો અને આખા તપાગચ્છે ભાદરવા સુદિ ૪ ના દિવસે સંવત્સરી પર્વની આરાધના કરી હતી, પણ શ્રી સાગરજીના સમુદાયે આ વખતે પણ ઔદયિક ત્રીજને ચોથ કલ્પીને તે હિસાબે પર્યુષણ પર્વની આરાધના કરવાનો કાર્યક્રમ બહાર પાડ્યો હતો, જેની સામે શ્રી વિજય નીતિસૂરિજી મહારાજે એક પુસ્તિકા બહાર પાડી તેનો વિરોધ કર્યો હતો અને બીજા પણ કેટલાક લેખો તેમના ખંડનમાં નીકળ્યા હતા, પરિણામે તમામ સમુદાયોએ ચોથ અને શુક્રવારે સંવત્સરી કરી હતી, પણ શ્રી સાગરાનંદસૂરિજીએ આ વખતે પણ પોતાનો આગ્રહ ન છોડતાં ત્રીજ અને ગુરુવારે સંવત્સરી કરી હતી.

ઉપર પ્રમાણે છેલ્લા ૪૦ વર્ષમાં જોધપુરી પંચાંગમાં ત્રણ વાર ભાદરવા સુદિ પંચમીનો ક્ષય આવ્યો અને ત્રણે વાર આખા તપાગચ્છે તે કબૂલ રાખ્યો

હતો, માત્ર કેટલાક ગામોમાં બીજા ટીપણાનો આધાર લઈને ભાદરવા સુદિ ૬ નો ક્ષય માનીને મન સમજાવ્યું હતું, છતાં આ પ્રસંગે પણ શ્રી સાગરનંદસૂરિજી બધાથી જુદા પડ્યા હતા, સંવત્સરી સંબંધી ઝઘડાનો સૂત્રપાત ક્યારે અને કોના તરફથી થયો તે ઉપરના વિવરણથી વાચકગણ સારી રીતે સમજી શકશે.''

પંન્યાસ શ્રી કલ્યાણવિજયજી મહારાજની આ વાત એટલી બધી સ્પષ્ટ છે કે કોઈ પણ માણસ આને જાણ્યા પછી 'પૂ.આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ વિ.સં. ૧૯૯૨ – ૯૩ થી સંઘભેદ કર્યો છે.' આવું હડહડતું જુઠાણું જે એક ચોક્કસ વર્ગ તરફથી પ્રસારિત કરવામાં આવે છે તેને કદી સ્વીકારી શકે નહિ. આ બધી વાતોમાં મોટાભાગના બનાવો તો પૂ. આ. શ્રી રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાના જન્મ પહેલાના છે. પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ હોય જ નહિ, થાય જ નહિ – તેવી શ્રી પૂજ્યોની માન્યતાનો પ્રતિકાર તે સમયના સંવિજ્ઞ સાધુઓએ કર્યો છે. આજે એ જ સંવિજ્ઞોની માન્યતાને શિર પર ધારણ કરનાર પૂ.આ. શ્રી રામચન્દ્ર સૂ.મ. અને આ જ સંવિજ્ઞ માન્યતાની આરાધના કરનારા તેઓશ્રીના સમુદાયને બદનામ કરવા સાથે શ્રી પૂજ્યોની માન્યતાને ગળે લગાડવામાં આવે છે તે કેટલી હદે ઉચિત છે તે વાચક સ્વયં વિચારી શકશે.

સંઘભેદ નામના પાપની જ જો વિચારણા કરવામાં આવે તો પૂ.આ. શ્રી રામચન્દ્ર સૂરીશ્વરજી મ.એ કોઈ સંઘભેદ કર્યો જ નથી. તેઓશ્રીએ તો સ્વનામધન્ય પૂ.આ. શ્રી સિદ્ધિ સૂ. મહારાજા (પૂ.બાપજી મહારાજા), પૂ.આ.શ્રી લબ્ધિ સૂ.મ. અને પૂ.આ.શ્રી પ્રેમ સૂ.મ. જેવા ધુરંધર ગુરુવર્યો – વડીલવર્યોના સાન્નિધ્યમાં રહી તે સૌ પૂજ્યોની સાથે સંવિજ્ઞ માર્ગની રક્ષા અને આરાધના કરી છે. સંવિજ્ઞ સાધુઓની માન્યતાને છોડીને બધાએ શ્રી પૂજ્યોની માન્યતાનો સ્વીકાર કર્યો ત્યારે પણ આ મહાપુરુષો સંવિજ્ઞ-માન્યતામાં અડગ રહ્યા. શું આને સંઘભેદ કર્યો કહેવાય ? સૌ શાંતિથી વિચારે.

હવે સંઘભેદની વાત જ જો કરવાની હોય તો વિ.સં. ૧૯૫૨ ની સાલ પહેલા કોઈએ ઔદયિકી ચોથની વિરાધના કરી ન હતી. આમાં સંઘથી જુદા

પડી, સંઘની કોઈ પણ જાતની રજા લીધા વિના પં. શ્રી કલ્યાણ વિજયજી મ.ના જણાવ્યા મુજબ શ્રી સાગરજી મહારાજે સંવત્સરી અલગ કરી. આને સંઘભેદ કહેવામાં કદાચ સંકોચ થતો હોય તોય કહેવો પડે તેમ છે. કારણ કે વિ.સં. ૧૯૫૨માં પાડેલા આ ભેદને કારણે જ ૪૦-૪૦ વર્ષ સુધી જરાય મચક ન આપનારા બધા સમુદાયો ૪૦ વર્ષે પલટી મારીને સંઘભેદમાં બેસી ગયા. આ સત્યને છૂપાવવા માટે સંઘભેદના પાપનો ટોપલો પૂ.આ.શ્રી રામચન્દ્ર સૂ.મ. ઉપર ઢોળી દેવામાં આવ્યો – ઈતિહાસનું આ કેટલાકને અણગમતું સત્ય આટલો ઈતિહાસ વાંચી ગયા પછી કોઈ પણ વાચકના દિમાગમાં ઝબકશે એ નક્કી છે. જ્યારે પૂ.આ.શ્રી રામચન્દ્ર સૂ.મ. પારણામાં ઝૂલતા હતા ત્યારે સંઘભેદ થઈ ગયો હતો એવું કોઈ વાચક કહે તો તેમાં અતિશયોક્તિ ન કહેવાય.

હવે વિક્રમ સંવત ૧૯૯૨ પહેલા પણ પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ થાય કે નહિ તે વિષયમાં કોના કોના કેવા અભિપ્રાય હતા તે પણ એકવાર યાદ કરી જવા જેવા છે. ચાલો, આપણે હવે એ જોઈએ.

વિ. સં. ૧૯૫૨ થી વિ. સં. ૧૯૯૨-૯૩ના સમયગાળામાં પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ અંગે કોણ શું માનતું હતું તેના આધારો પર પણ એક દૃષ્ટિપાત કરવો જોઈએ. એથી ખ્યાલ આવશે કે આજે બીજ, પાંચમ, આઠમ, અગિયારસ, ચૌદશ, પૂનમ કે અમાસ જેવી પર્વતિથિની ક્ષય કે વૃદ્ધિ સ્વીકારનારા નવા મતવાળા છે – એવો ફેલાવવામાં આવેલો ભ્રમ તદ્દન ખોટો છે. જેમનો સમુદાય એકતિથિ તરીકે ઓળખાય છે તેમના પૂર્વજો પણ જરાય સંકોચ વિના પર્વતિથિનો ક્ષય કે વૃદ્ધિ તે તે પ્રસંગે સહજતાથી સ્વીકારતા હતા અને લખતા પણ હતા.

યોગનિષ્ઠ તરીકે પ્રસિદ્ધ આચાર્ય દેવશ્રી બુદ્ધિસાગરસૂરિ મહારાજનું એક પુસ્તક છે. વિ. સં. ૧૯૭૩-૭૪માં બહાર પડેલા એ પુસ્તકનું નામ છે : **ધાર્મિક ગદ્ય સંગ્રહ તથા પત્ર સદુપદેશ ભાગ-૧.** ૯૭૬ પાનાંનાં આ પુસ્તકમાં પુસ્તકના નામ પ્રમાણે સાહિત્ય છે. પત્ર સદુપદેશમાં રોજનીશીરૂપે લખાયેલા

વિચારો પ્રગટ થયા છે. 'સંવત ૧૯૬૮ની સાલના વિચારો' આ હેડીંગ હેઠળ રોજરોજની તિથિ - વાર - તારીખ - ગામ સાથે તેમણે પત્ર સદુપદેશ લખેલો છે. તેમાં પર્વતિથિનો ક્ષય આવે કે વૃદ્ધિ આવે ત્યારે તેને સ્વીકારીને જ તેમણે તિથિઓ લખી છે. તે સમયમાં આજે જેની ઠોકી-વગાડીને વાત કરવામાં આવે છે તે તિથિની ક્ષય-વૃદ્ધિ ન જ કરવાનો નિયમ હોત તો તેમણે પણ આજની જેમ પર્વતિથિના ક્ષયે કે વૃદ્ધિએ બીજી-બીજી તિથિઓની ક્ષયવૃદ્ધિ કરી નાંખી હોત પણ શ્રી બુદ્ધિસાગરસૂરિ મ.એ એવું કર્યું નથી. વાંચો તેમના હેડીંગની તિથિઓ :

સંવત ૧૯૬૮, જેઠ વદિ ૨, શનિવાર, તા. ૧ લી જૂન, ૧૯૧૨, અમદાવાદ

સંવત ૧૯૬૮, જેઠ વદિ ૨, રવિવાર, તા. ૨જી જૂન, ૧૯૧૨, અમદાવાદ

(જુઓ, પૃ. ૩૧૬-૩૧૭)

અહીં શ્રી બુદ્ધિસાગરસૂરિ મ. એ બે બીજનો સ્વીકાર લેખિતમાં કર્યો છે. આજની જેમ તેઓ બે એકમ કરી શકતા હતા પણ એવું નથી કર્યું. બે બીજ જ રાખી છે, લખી છે.

સંવત ૧૯૬૮ ના અષાઢ સુદિ ૧૪, શનિવાર, તા. ૨૭ મી જુલાઈ, ૧૯૧૨, અમદાવાદ

સંવત ૧૯૬૮ ના અષાઢ સુદિ ૧૪, રવિવાર, તા. ૨૮ મી જુલાઈ, ૧૯૧૨, અમદાવાદ.

(જુઓ, પૃ. ૩૭૮-૩૭૯)

સંવત ૧૯૬૮ના આસો સુદિ ૧૪ ને ગુરુવાર, તા. ૨૪મી ઑક્ટોબર, ૧૯૧૨.

સંવત ૧૯૬૮ના આસો સુદિ ૧૪ને શુક્રવાર, તા. ૨૫ મી ઑક્ટોબર, ૧૯૧૨.

(જુઓ, પૃ. ૪૫૬-૪૫૮)

આસો માસની સુદ પક્ષની બે ચૌદશનો લેખિત સ્વીકાર શ્રી બુદ્ધિસાગર સૂ. મ. એ કર્યો છે. એટલું જ નહિ, તે વર્ષમાં અષાઢ મહિના બે હતા. તેમાં બીજા અષાઢ મહિનામાં આવતી ચોમાસી ચૌદશ બે આવી હતી. ચોમાસી ચૌદશની વૃદ્ધિ પણ તેમણે બેધડક લેખિતમાં સ્વીકારી છે. 'ચોમાસી ચૌદશ બે આવે અને બે સ્વીકારીએ, લખીએ તો શું બે દિવસ ચોમાસી પ્રતિક્રમણ કરવાનું ? શું ચોમાસીના બે છઠ્ઠ કરવાના ?' આવો કોઈ કુતર્ક શ્રી બુદ્ધિસાગરસૂરિ મહારાજને તે સમયે નડ્યો ન હતો. આજના વિદ્વાનોની વાત અલગ છે. બે પૂનમ કે અમાસ આવે ત્યારે તેની બે તેરસ કરી નાંખે અને મૂળભૂત તેરસને પહેલી તેરશ બનાવીને એ પહેલી તેરસે પ્રતિષ્ઠા કે દીક્ષા છે તેવું આમંત્રણ પત્રિકામાં લખી પણ નાંખે. આખી દુનિયા જાણે છે કે વૃદ્ધિ તિથિ હોય ત્યારે પહેલી તિથિમાં કોઈ મુહૂર્ત આપે નહિ. છતાં પહેલીતિથિએ પણ દીક્ષા-પ્રતિષ્ઠા આદિ થાય તેવો ઈતિહાસ માટે પૂરાવો ઉભો કરવા પાછળ કયો શુભ આશય સમાયો છે ? આજના જૈનેતર જ્યોતિષીઓ પણ મશ્કરી કરે તેવા પહેલી તિથિના મુહૂર્તો જાહેર કરવાથી જિનશાસનની કઈ ઉન્નતિ થઈ જવાની છે ? સાચી તિથિ માનવી જ પડે છે તો લખવામાં આટલો સંકોચ શા માટે ?

શ્રી બુદ્ધિસાગર સૂ.મ.એ. પર્વતિથિની વૃદ્ધિ તો લેખિતમાં સ્વીકારી છે. પર્વતિથિના ક્ષયમાં શું કર્યું છે ? તે પણ એકવાર જોઈ લઈએ.

સંવત ૧૯૬૮ના જેઠ સુદિ ૧૦, રવિવાર, તા. ૨૬મી મે, ૧૯૧૨, ખેડા.

સંવત ૧૯૬૮ના જેઠ સુદિ ૧૨, સોમવાર, તા. ૨૭ મી મે, ૧૯૧૨, કણેરા.

(જુઓ, પૃ. ૩૧૦-૩૧૧)

અહીં જેઠ સુદ ૧૧નો ક્ષય સ્પષ્ટ માન્યો છે, લખ્યો છે. હજી આગળ વાંચો.

સંવત ૧૯૬૮ના ભાદરવા સુદિ ૧, ગુરુવાર, તા. ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૧૨, અમદાવાદ

સંવત ૧૯૬૮ના ભાદરવા સુદિ ૩, શુક્રવાર, તા. ૧૩ મી સપ્ટેમ્બર, ૧૯૧૨, અમદાવાદ.

(જુઓ, પૃ. ૪૨૧-૪૨૨)

અહીં ભાદરવા સુદ ૨ ના ક્ષયનો નિખાલસ લેખિત સ્વીકાર છે. (તમને શ્રી પૂજ્ય ધરણેન્દ્રસૂરિજીની યાદ આવી ગઈ ? તેમને ભાદરવા સુદ ૨ નો ક્ષય નડતો હતો તેના માટે ઉંટવૈદું કર્યું હતું. ભાદરવા સુદ ૨ના ક્ષયને પલટાવીને શ્રાવણ વદ ૧૩નો ક્ષય કરી નાંખેલો. શ્રી ઝવેરસાગરજી મહારાજે આવું કરનારા શ્રી પૂજ્યની કેવી ખબર લઈ નાંખેલી તે આપણે જોઈ ગયા છીએ.) શ્રી બુદ્ધિસાગર સૂ. મ. પણ એ જ સંવિજ્ઞોના માર્ગે ચાલીને ભાદરવા સુદ ૨ ના ક્ષયને લેખિત સ્વીકારી રહ્યા છે.

એક વાત પર વાંચકોનું ધ્યાન દોરવાનું મન થાય છે. પૂ. આ. ભ. શ્રી વિજયરામચન્દ્ર સૂ. મ.ની દીક્ષા વિ. સં. ૧૯૬૯માં થઈ હતી. ઉપરની દરેક પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ વિ. સં. ૧૯૬૮ની સાલની છે. પૂ. મુનિશ્રી રામવિજયજી મ.ની દીક્ષા પહેલા વિ. સં. ૧૯૬૮માં શ્રી બુદ્ધિસાગરસૂરિ મહારાજ પર્વતિથિની ક્ષય-વૃદ્ધિને લેખિતમાં સ્વીકારે છે. છતાં તેની સામે કોઈ અવાજ ન કરવો. અને પૂ. આ. શ્રી રામચંદ્ર સૂ. મહારાજા વિ. સં. ૧૯૯૨-૯૩માં આ જ ચાલી આવેલી સંવિજ્ઞ પરંપરાનો પોતાના વડીલ ગુરુવર્યોની સાથે ઉદ્ઘોષ કરે તે સમયે સાગમટે એ બધા પર તૂટી પડવું : આ યોગ્ય છે ? અત્યાર સુધીની વાત પરથી તમે પણ સમજી શકશો કે જૂનો મત કયો અને નવો મત કયો ? સંવિજ્ઞ આચરણા કઈ અને શ્રીપૂજ્યની તરંગી માન્યતા કઈ ?

હા, તમે મને હમણાં કહેશો : 'ભલે શ્રી બુદ્ધિસાગર સૂ.મ. પર્વતિથિની ક્ષયવૃદ્ધિ માન્ય રાખે પણ તે વખતે નીકળતાં ભીંતિયાં પંચાંગોમાં પર્વતિથિની ક્ષયવૃદ્ધિ ક્યાં છપાતી હતી ? આથી એ સિદ્ધ નથી થતું કે પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ થાય જ નહિ ?'

આભાર તમારો. તમે ઠીક યાદ કરાવ્યું. આજની વજ્રલેપ જેવી બની ગયેલી માન્યતા આવાં ભીંતિયાં પંચાંગોને કારણે જ બંધાઈ લાગે છે, આગળ જતા તે આટલી બધી વકરી પણ ખરી. ચાલો, ત્યારે આપણે એનો પણ ઈતિહાસ તપાસી લઈએ.

પૂ. મુનિરાજશ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજની સૂચનાથી "જૈન ધર્મ પ્રકાશ" તરફથી ભીંતાયાં પંચાંગો બહાર પડતાં હતાં. તે તે સમયે "જૈન ધર્મ પ્રકાશ"ના અંકોમાં પંચાંગ સંબંધી છપાતું રહ્યું હતું. તેમાં જ વિ.સં. ૧૯૮૪ની સાલમાં પં. કુંવરજી આણંદજીએ જે લખાણ છાપેલું ત્યારે તો આ કહેવાતો વિ.સં. ૧૯૯૨નો વિવાદ જન્મ્યો જ નો'તો. તે સમયે કરવામાં આવેલો ખુલાસો આજના સમયમાં દરેકે ધ્યાનથી વાંચવા જેવો છે. આજે જ્યારે ચૈત્ર સુદ ૧૫ની વૃદ્ધિ આવે ત્યારે બે પૂનમની બે તેરસ કરી નાખીને બીજી તેરસ કે જે દિવસે ખરેખર ચૌદશ છે તે દિવસે ભગવાન મહાવીર સ્વામીનું જન્મકલ્યાણક આરાધવામાં આવે છે. તે સમયે પણ આવું કરનારા હતા તેને અનુલક્ષીને ભીંતીયાં પંચાંગોમાં લખવામાં આવતી તિથિઓ સંબંધી સત્ય શું છે તેનો કરવામાં આવેલો ખુલાસો પં. કુંવરજી આણંદજીના શબ્દોમાં જ વાંચો :

## ચૈત્ર શુદિ ૧૩ બે હતી જ નહીં

અમારી સભા તરફથી સુમારે ૪૦ વર્ષથી મુનિરાજ શ્રી વૃદ્ધિચંદજી મહારાજજીની સૂચના અનુસાર શ્રીધર શીવલાલના જોધપુરી પંચાંગને આધારે જૈન પંચાંગ બનાવી છપાવીને જૈન ધર્મ પ્રકાશના ગ્રાહકોને ભેટ આપવામાં આવે છે. પ્રસ્તુત વર્ષમાં તે જોધપુરી પંચાંગમાં ચૈત્ર શુદિ ૧૩ એક જ છે. પણ શુદિ ૧૪ બે છે, એટલે બે ૧૪ પાળી ન શકાય માટે પહેલી ચૌદશને બીજી

તેરશનું કૃત્રિમ નામ આપવામાં આવ્યું છે. હવે વિચારો કે મહાવીર જયંતિ શુદિ ૧૩ જે વાસ્તવિક છે તે દિવસે કરવી યોગ્ય કે કૃત્રિમ બનાવેલી બીજી તેરશે કરવી યોગ્ય ? જેઓ છાપેલા ભીંતે ચોડવાના પંચાંગ જુએ તેને તો આ ખબર ન હોય, એટલે તે તો બીજી તેરશે જ મહાવીર જયંતિ કહે અને કરે, પણ જે સમજે તે તેમ કેવી રીતે કરે ?

વળી આ બાબત અમે જૈનધર્મ પ્રકાશના કાર્તિક માસના અંકમાં પૃષ્ઠ ૨૭૮ મે ચર્ચારૂપે પણ પ્રથમ લખેલ છે. તે વાંચીને કોઈએ સવાલ ઉઠાવ્યો નથી. તેમાં બીજી બે બાબત પણ લખેલી છે, તે ઉપર સુજ્ઞોનું ધ્યાન ખેંચવામાં આવે છે.

(જૈનધર્મ પ્રકાશ, પુસ્તક ૪૪ મું. અંક ૩જો પૃષ્ઠ ૮૬ મું જેઠ, ૧૯૮૪)

અહીં પં. કુંવરજીભાઈએ સ્પષ્ટ શબ્દોમાં સાચી તેરસ કયા દિવસે છે અને કલ્યાણક ક્યારે આરાધવું તેની નીડરતાથી રજુઆત કરી છે. ધ્યાન રાખો કે વિ.સં. ૧૯૮૪ની સાલમાં પૂ. આ.ભ.શ્રી રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાએ તિથિના વિષયમાં આવું કશું જાહેર કરેલું નથી. જે ખરેખર સત્ય છે, તેનો પં. કુંવરજીભાઈએ સાહજિક પક્ષ લીધો છે. આજે પણ જેઓ ચૈત્ર સુદ પૂનમ બે આવે ત્યારે તેની બે તરસ કરીને ભગવાન મહાવીર સ્વામીનું જન્મકલ્યાણક બીજી તેરસ એટલે કે ચૌદશના દિવસે આરાધવાનો આગ્રહ રાખે છે તેમણે આ લખાણ શાંતિથી વિચારીને અમલમાં મૂકવા જેવું છે. આ વાત પૂ.આ.શ્રી રામચન્દ્ર સૂ.મ.એ નથી કહી, એક આરાધક વિચારક પંડિતજી કહી રહ્યા છે તેથી લગભગ તેના ઉપર વિચાર કરવામાં કોઈને તકલીફ ન થવી જોઈએ. પંડિતજીને આ લખવું પડ્યું છે એ જ બતાવે છે કે મુગ્ધજીવોની ભ્રમણા દૂર કરવા માટે પંચાંગમાં પર્વતિથિની ક્ષય-વૃદ્ધિએ જે અપર્વતિથિની ક્ષયવૃદ્ધિ ભીંતાયા પંચાંગોમાં છાપવામાં આવતી હતી. તેનાથી મુગ્ધોની ભ્રમણા કદાચ અમુક અંશે દૂર થઈ હશે પણ આજના કાળમાં તો મહાબુદ્ધિમાન ગણાતા પણ નવી ભ્રમણાનો ભોગ બન્યા છે. બે પર્વતિથિ આવે તો કયા દિવસે પર્વતિથિ પાળવી તેની મૂંઝવણ ઘણાને ઊભી થાય.

અને પર્વતિથિનો ક્ષય આવે તો પર્વતિથિ જ નથી તો પાળવી શી રીતે તેવી ભ્રમણા પણ ઘણાને ઊભી થાય. આના સમાધાનરૂપે ભીતીયાં પંચાંગોમાં 'જૈન ધર્મ પ્રકાશ' તરફથી પર્વતિથિની ક્ષય-વૃદ્ધિએ અપર્વતિથિની ક્ષય-વૃદ્ધિ છાપવાની શરૂઆત થઈ હતી. એનો અર્થ એવો થઈ ગયો કે પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ આવે જ નહિ, થાય જ નહિ. જ્યારે એવો પ્રસંગ આવે ત્યારે અપર્વતિથિની જ ક્ષય-વૃદ્ધિ થાય અને એ મુજબ જ પછી કલ્યાણક પણ કલ્યાણક ન હોય તે દિવસે આરાધવું. આ પરિસ્થિતિથી બીજાને વ્યથા થાય કે ન થાય પણ જેમણે જે આશયથી છાપવાનું શરૂ કરેલું ,તેના કારણે જે રીતે કલ્યાણક ખોટા દિવસે આરાધવાનું થતું દેખાયું તેમને તો ચોક્કસ દુ:ખ થાય. એ જ કારણથી તે સમયે વિ.સં. ૧૯૮૪ની સાલમાં પં. કુંવરજીભાઈએ સ્પષ્ટ શબ્દોમાં ખુલાસો કર્યો કે "પ્રસ્તુત વર્ષમાં તે (સંઘમાન્ય) જોધપુરી પંચાંગમાં ચૈત્ર શુદિ ૧૩ એક જ છે. પણ શુદિ ૧૪ બે છે, એટલે બે ૧૪ પાળી ન શકાય માટે પહેલી ચૌદશને બીજી તેરસનું કૃત્રિમ નામ આપવામાં આવ્યું છે. હવે વિચારો કે મહાવીર જયંતિ (સાચો શબ્દ કલ્યાણક છે.) શુદિ ૧૩ જે વાસ્તવિક છે તે દિવસે કરવી યોગ્ય કે કૃત્રિમ બનાવેલી બીજી તેરસે કરવી યોગ્ય ?"

કૃત્રિમ તિથિ છાપવાનો પ્રારંભ કરનારા પં. કુંવરજીભાઈને કૃત્રિમ તિથિ અને વાસ્તવિક તિથિનો ભેદ જાહેર કરવામાં કોઈ સંકોચ, શરમ કે નાનમ નથી થતી. આજે એ કૃત્રિમ તિથિને પકડી રાખવી એ નાકનો સવાલ બની ગયો છે. વાસ્તવિક તિથિને આરાધનારાનો વિરોધ કરવો એ જાણે મોટું ધર્મકૃત્ય બની ગયું છે. આટલી ચોખ્ખી વાતમાં આટલી જટીલ પક્કડ રાખવી યોગ્ય છે ? વાસ્તવિક તિથિને પ્રગટ રૂપે કહેનાર, આરાધનારને સંઘભેદ કરનાર કહીને વગોવવા અને કૃત્રિમ તિથિને વળગી રહેનારને કશું જ ન કહેવાય – આ ન્યાય કઈ નગરીનો છે ? આજના નવા જીવોની જાણકારી માટે જણાવું છું કે પં. કુંવરજી આણંદજીભાઈએ લખ્યું તે સમયે વિ.સં. ૧૯૮૪ની સાલમાં એક તિથિ બે તિથિ એવા કોઈ પક્ષનું અસ્તિત્વ જ ન હતું. અને એ પં. કુંવરજીભાઈ પૂ. આ.ભ.શ્રી રામચન્દ્ર સૂ.મ.ના ભક્ત હતા એવું પણ ન

હતું એટલે આ "ચૈત્ર શુદિ ૧૩ બે હતી જ નહિ" એવા હેડિંગ સાથે તેમણે કરેલી રજુઆતને કદાગ્રહી નજરે જોવાનો મોકો પણ રહેતો નથી.

આ વિ.સં. ૧૯૮૪ની સાલમાં જે સ્પષ્ટ સમજ પંડિતજીમાં આવી તેની પહેલા પણ તિથિ સંબંધી લખાણ કરવાના અવસરો આવ્યા હતા. "જૈન સત્ય પ્રકાશ"માં તે તે સમયે પ્રગટ થયેલાં એ લખાણો પર પણ દષ્ટિપાત કરવો અવસરોચિત ગણાશે. વિ.સં. ૧૯૫૬ અને ૧૯૫૨ની સાલનાં તેમાં પ્રગટ થયેલાં લખાણો સમયની સમજ અને વિ.સં. ૧૯૮૪ના આપણે ઉપર જોયું તે લખાણની સમજમાં આવેલું ઊંડાણ પણ તમે નજરે જોઈ શકશો. આ બધાથી એ વાત પણ સમજી શકાશે કે પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ થાય જ નહિ તેવી માન્યતા હતી જ નહિ. ફક્ત ભીંતીયા પંચાંગમાં લખવામાં ફેરફાર કરવાના કારણે આગળ જતાં માન્યતામાં પણ ફેરફાર થવા માંડ્યો. અત્યાર સુધીના આધારો અને હવે પછીના આધારોને ધ્યાનમાં લેતા સંઘભેદ કોના દ્વારા થયો છે અને હજી થઈ રહ્યો છે તેનો તમે તમારી જાતે નિર્ણય કરી શકશો.

હવે આપણે 'જૈન ધર્મ પ્રકાશ'ના પુસ્તક ૧૨, અંક - ૧, ચૈત્ર સુદ ૧૫, વિ. સં. ૧૯૫૨, પૃષ્ઠ - ૧૦-૧૧-૧૨માં સૌ પ્રથમ સંવત્સરી અંગે જે ખુલાસો છપાયો તે પણ વાગોળવા જેવો છે. ફરી યાદ કરી લઈએ. તપાગચ્છમાં સંવત્સરી મહાપર્વમાં સૌ પ્રથમ જો કોઈ સંઘભેદ થયો હોય તો વિ. સં. ૧૯૫૨ની સાલમાં થયો હતો. એ પહેલા શ્રીપૂજ્યોએ બીજી-બીજી તિથિઓની ગરબડ કરી હતી પણ સંવત્સરીની કોઈ છેડછાડ કર્યાનો ઈતિહાસ મળતો નથી. આપણે અગાઉ વિ. સં. ૧૯૫૨માં સૌપ્રથમ થયેલો સંવત્સરી ભેદ જોઈ ગયા છીએ. તે સમયે પૂ. આત્મારામજી મહારાજના અભિપ્રાય અંગેનો ઈતિહાસ જોયો હતો. પંડિત કુંવરજી આણંદજીના શબ્દોમાં તિથિ વિષયક તે સમયની તેમની સમજ કેવી હતી તે આમાં જાણવા મળશે. તેમણે પોતાના પંચાંગ તૈયાર કરવા સંબંધી પદ્ધતિની પેટછૂટી વાત કરી છે. તપાગચ્છની સામાચારી રૂપે તે વખતે પંડિતજીના મગજમાં જે સમજ હતી તે તેમણે

લખાણમાં પ્રગટ કરી છે. આ કહેવાતી તપાગચ્છની સામાચારીના કારણે જ તેમને ભાદરવા સુદ પાંચમનો ક્ષય આવતા મુંઝવણ ઉભી થઈ હતી. 'ક્ષયે પૂર્વા'માં પૂર્વની તિથિનો ક્ષય તેઓ લખી નાંખતા હતા. અને તે મુજબ પંચાંગમાં છાપી પણ નાંખતા પરંતુ આ વખતે ભાદરવા સુદ પાંચમની આગળની તિથિ તો ભાદરવા સુદ ચોથ સંવત્સરી મહાપર્વની હતી. એનો ક્ષય કેમ કરાય ? એટલે પછી બધાના સલાહ-વિચાર પૂછવામાં આવ્યા. તેમાં જુદા જુદા વિચાર મળ્યા. તે વિચારો પર પંડિતજીએ ઉહાપોહ કર્યો છે - તેમાં આજના સમયમાં ભાદરવા સુદ પાંચમનાં ક્ષયે ભાદરવા સુદ ત્રીજનો ક્ષય કરી નાંખવાનો જે વિચાર બહુસંમત બનાવવામાં આવ્યો છે તે વિચારને પંડિતજી સ્વીકારતા નથી. સાથે કારણ પણ આપે છે. પોતાની સ્પષ્ટ માન્યતા પણ જણાવે છે. સંવત્સરી ક્યારે કરવી તેની સ્પષ્ટતા પણ દિવસ-વાર સાથે કરે છે. અંતે 'શ્રી સંઘ મળીને પરંપરા અને શાસ્ત્ર વગેરેના આધારથી જે વિચાર નક્કી કરે તે અમારે કબુલ છે. અમારે કોઈ પ્રકારનો આગ્રહ નથી અને એવો નિર્ણયકારક વિચાર જે કરશે તે અમે ઘણી ખુશીની સાથે અમારા ચોપાનીયામાં જ પ્રગટ કરીશું.' આ પ્રમાણે લખીને પોતાની શાસ્ત્ર અને પરંપરા તરફની ભક્તિ પ્રદર્શિત કરી છે. આડેધડ કોઈ નક્કી કરી નાંખે તો તે પંડિતજીને માન્ય ન હતું. શાસ્ત્ર અને વધુમાં પરંપરા તેમને વચમાં જોઈએ જ.

પંડિતજીની ઉદયતિથિની માન્યતા કેવી દૃઢ છે તે પણ તેમના શબ્દોમાં જ વાંચો : 'સુદ ૫ની ક્રિયા સુદ ૪થે કરવી અને સુદ ૪ તથા સુદ ૫ ભેગા ગણવા. સંવત્સરી ઉદયતિથિ ચતુર્થીએ શુક્રવારે જ કરવી.' આજે આ માન્યતાને પૂ.આ.શ્રી વિજય રામચન્દ્ર સૂ. મહારાજાની માન્યતા કહેવામાં આવે છે. હકીકત એ છે કે પં. કુંવરજીભાઈએ આ લખ્યું ત્યારે તેઓશ્રી પારણામાં ઝુલતા હતા. છતાં તેઓશ્રીને નવામતી કહીને વગોવવા : આ અસત્ય ભાષણ નથી ? હવે વાંચો, એ આખું લખાણ !

### "નવું જૈન પંચાગ (સંવચ્છરી વિષે ખુલાસો)

અમારા તરફથી ગ્રાહકોને દશ વર્ષ થયાં જૈન પંચાંગ ભેટ દાખલ આપવામાં આવે છે. તેનો પ્રારંભ શ્રીમત્ મુનિરાજ શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજની હયાતિમાં કરેલો છે તે વખતે તેઓ સાહેબે આપણા જૈન સમુદાયમાં તિથિના નિર્ણયને માટે પંડિત શ્રીધર શીવલાલ તરફથી પ્રગટ થતું જોધપુરી ચંડુ પંચાંગ બતાવેલું હતું. તેના આધારે અદ્યાપિ પર્યંત અમે પંચાંગ તૈયાર કરીએ છીએ. તેમાં જયારે બાર તિથિ માંહેની કોઈપણ તિથિનો ક્ષય હોય છે, ત્યારે અથવા વૃદ્ધિ હોય છે ત્યારે આપણી તપાગચ્છની સમાચારીને અનુસારે "क्षये पूर्वा वृद्धौ उत्तरा" એટલે જ્યારે બાર તિથિમાંની કોઈપણ તિથિનો ક્ષય હોય, ત્યારે તેની પૂર્વલી તિથિનો ક્ષય લખીએ છીએ અને વૃદ્ધિ હોય છે ત્યારે ઉત્તર તિથિનો એટલે બીજા દિવસને તિથિ તરીકે માન્ય રાખીને પ્રથમનો દિવસ ત્યાર અગાઉની તિથિમાં ભેળવીને તે આગલી તિથિનું દ્વિત્વ-બેપણું કરીએ છીએ.

ચાલતા વર્ષના (૧૯૫૨ના) ભાદરવા માસમાં જોધપુરી પંચાગમાં શુદ ૫નો ક્ષય છે હવે આપણી સમાચારી અનુસારે તિથિનો ક્ષય થતો ન હોવાથી क्षये पूर्वा એ વચનને અનુસારે પૂર્વલી ચોથનો ક્ષય કરવા જતાં તે તિથિએ આપણું પર્વ-સંવચ્છરી છે. તેથી તેનો ક્ષય ઠીક લાગતો નથી. આ બાબત પંચાંગ છપાવ્યા અગાઉ કેટલીક જગ્યાએ સલાહ-વિચાર પૂછવામાં આવતાં કેટલીક જગ્યાએથી તો બિલકુલ જવાબ મળ્યો નહિ અને કેટલીક જગ્યાએથી જવાબ મળ્યો તેમાં અમારા વિચારથી જુદા પ્રકારના બે વિચારો આવ્યા. એક એવો વિચાર મળ્યો કે છઠ્ઠનો ક્ષય કરવો અને બીજો એવો વિચાર (મળ્યો) કે ત્રીજનો ક્ષય કરવો.

છઠ્ઠનો ક્ષય કરવાનો વિચાર એવા કારણસર આવ્યો કે મુંબઈનાં વર્તારાના ગુજરાતી પંચાંગોમાં અને લાહોરના પંચાગમાં છઠ્ઠનો ક્ષય છે. માટે છઠ્ઠનો ક્ષય કરવો. પરંતુ આ વિચાર અમે માત્ર એટલા જ કારણસર અમલમાં મૂકવાનું દુરસ્ત ધાર્યું નહિ. કારણ કે અદ્યાપિ પર્યંત કાયમ જોધપુરી ચંડુ પંચાંગને પ્રામાણ્યું ગણતાં છતાં અત્યારે તેના વર્તારાને અમાન્ય ગણવો, તે ન્યાયયુક્ત ગણાય નહિ, તેથી એ વિચાર અમલમાં મૂક્યો નથી. પરંતુ આ વિચારમાં

મુખ્ય વાંધો સંવચ્છરીનો તો આવતો નથી, કેમકે છઠ્ઠનો ક્ષય કરવાથી પારણાના દિવસે શુદ ૫ નો કહેવો કે શુદ ૬ નો કહેવો એ જ વાંધામાં રહે છે.

**ત્રીજનો ક્ષય કરવાનો વિચાર એવા કારણસર આવ્યો કે, ક્ષયે પૂર્વા એ વાક્ય પ્રથમ પંચમીને લાગુ કરતાં ચતુર્થીનો ક્ષય કરવો પડે તે પણ સંવત્સરી પર્વનો દિવસ હોવાથી ફરીને ક્ષયે પૂર્વા એ વાક્ય તેને (શુદ ૪ ને) પણ લાગુ કરીને શુદ ૩ નો ક્ષય કરવો.** આ કારણ પણ અમને વાસ્તવિક લાગતું નથી. કારણ કે **ફરીને એ વાક્યનો ઉપયોગ કરવો એ મનકલ્પના વડે છે. શાસ્ત્રોક્ત પ્રમાણ એમ કરવા માટે નથી.** વળી ત્રીજ ને ચોથ બંને ઉદયતિથિ બધા પંચાગો પ્રમાણે હોવા છતાં **ભાદ્રપદ માસને ત્રીજે દિવસે સંવચ્છરી લઈ જવી. એમ કરવાને યુગપ્રધાન સિવાય આપણને સત્તા નથી.** આ વિચારને અમારા વિચાર સાથે મુખ્ય બાબતમાં પણ નોખાપણું છે. કારણ કે આમ કરવાથી શુદ ૩-૪ ગુરુવારે સંવચ્છરી થાય અને અઠ્ઠાઈધર પણ વદ ૧૧ ગુરુવારે કરવું પડે આ વિચાર અમારા વિચારમાં ઠીક ન લાગવાથી અમે અમલમાં મુક્યો નથી.

અમારો વિચાર બધી બાબતો લક્ષમાં લેતાં એવો થયો કે શુદી ૫ ને બદલે શુદ ૪ ને ક્ષય કરવો એ પરંપરાગત પ્રવર્તન છે. ફક્ત ૪ થે સંવચ્છરીનો દિવસ હોવાથી તેનો ક્ષય કરવો કે કહેવો અયોગ્ય છે. **માટે શુદ ૫ની ક્રિયા શુદ ૪ થે કરવી અને શુદી ૪ તથા શુદી ૫ ભેળા ગણવા. સંવચ્છરી ઉદયતિથિ ચતુર્થીએ શુક્રવારે જ કરવી. અરે બારે તિથિમાં હાનિ ન થવા માટે શુદ ૫ ની ક્રિયા તે જ દિવસે કરીને શુદ ૫ નો સમાવેશ તેમાં કરવો.** આ પ્રમાણે કરવામાં કોઈ પ્રકારનો વિરોધ ન લાગવાથી અને પંચાંગ બહાર તાકીદ હોવાથી તેમ જ એ બાબત શ્રી સંઘ મળીને પર્યુષણની અગાઉ આટલી બધી મુદતે એકત્ર વિચાર બહાર પાડે એવો સંભવ ન હોવાથી **"શુદ ૪-૫ ભેળા છે."** અને **"તે દિવસે શુક્રવારે સંવત્સરી છે."** એવો અમારો વિચાર અમે અમારા પંચાંગમાં પ્રદર્શિત કર્યો છે. તે છતાં પણ હવે પછી **શ્રી સંઘ મળીને પરંપરા તથા શાસ્ત્ર વગેરેના આધારથી જે વિચાર નક્કી કરે તે અમારે કબુલ છે.**

અમારે કોઈ પ્રકારનો આગ્રહ નથી. અને એવો નિર્ણયકારક વિચાર જે કરશે તે અમે ઘણી ખુશીની સાથે અમારા ચોપાનીયામાં જ પ્રગટ કરીશું. કિં બહુના?

[જૈન ધર્મ પ્રકાશ પુસ્તક ૧૨ અંક ૧ લો ચૈત્ર શુદિ ૧૫ સંવત ૧૯૫૨ (પૃષ્ઠ ૧૦-૧૧-૧૨)]

શ્રી જૈનધર્મ પ્રકાશના પુસ્તક ૧૨, અંક ૧, ના પૃ. ૧૦-૧૧-૧૨ પર પંડિત કુંવરજીભાઈ સંવત્સરી વિષે ખુલાસો છાપે છે. એ પછીના નજીકના અંકમાં વિ.સં. ૧૯૫૨ના પૃ. ૬૬-૬૭-૬૮ પર 'સંવચ્છરીનો નિર્ણય' એવા હેડીંગ સાથે બીજું પણ લખાણ છાપે છે. શ્રી જૈન ધર્મ પ્રકાશમાંથી તે લખાણ અક્ષરશઃ અહીં રજું કરું છું. કેવું અંધાધૂંધ વાતાવરણ ત્યારનું હશે તે કલ્પી શકાય તેમ છે. પંડિત કુંવરજીભાઈએ આ લખાણમાં લખ્યું છે કે "સુદ ૩નો ક્ષય કરવા ઈચ્છનારા સુદી ૧૫ને ક્ષયે સુદ ૧૩નો ક્ષય કરવાની રીતીનો દાખલો આપે છે. પરંતુ એને માટે ચોક્કસ શબ્દો શાસ્ત્રોક્ત છે કે 'સુદ ૧૫ને ક્ષયે સુદ ૧૩નો ક્ષય કરવો' પરંતુ ભાદ્રપદ સુદ ૫નો ક્ષય હોય તો શું કરવું એને માટે બીલકુલ શાસ્ત્રલેખ પૂર્વાચાર્યના ગ્રંથોમાં કે સેનપ્રશ્ન હીરપ્રશ્નાદિ પ્રશ્નોત્તરના ગ્રંથોમાં નથી."

અહીં પં. કુંવરજીભાઈએ 'સુદ ૧૫ના ક્ષયે સુદ ૧૩નો ક્ષય કરવો એ માટે ચોક્કસ શબ્દો શાસ્ત્રોક્ત છે.' એવું લખ્યું તો ખરું પણ એ શાસ્ત્રનું નામ ક્યાંય જણાવતા નથી. આજ સુધીમાં તેવા શાસ્ત્રનું નામ કોઈ રજું પણ કરી શક્યું નથી. પં. કુંવરજીભાઈએ ફક્ત શ્રી ઝવેરસાગરજી મહારાજના ઉદયપુરના હેંડબીલનો જ ફક્ત અભ્યાસ કર્યો હોત તો તેમને પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ યથાવત્ રાખવાનું જ્ઞાન ચોક્કસ થઈ ગયું હોત. પછી તેમને જે લાંબી વિચારણા રજુ કરવી પડી તે કરવાનો પ્રસંગ જ ન આવત. શ્રી હીરપ્રશ્ન કે શ્રી સેનપ્રશ્ન ગ્રંથો પણ તિથિની ક્ષયવૃદ્ધિ માટે માર્ગદર્શન આપે છે કે નહિ તે પણ એ જ ઉદયપુરના હેંડબીલમાંથી પંડિતજી જાણી શકત. આવું કશું થયું નહિ તેના પરિણામે તે સમયની દોડધામ, મથામણ, શોધ વગેરે કેવી થઈ હતી તેનો અંદાજ આવી શકે તે માટે તે આખું લખાણ અહીં મૂકવામાં આવે

છે. બે-ચાર મહિનાના ગાળામાં જ કેવો ફરક પડ્યો છે તે બેય લખાણને સાથે રાખીએ એટલે સમજી શકાશે. એ બન્નેમાં સંવત્સરી માટે ઉદયતિથિનો આગ્રહ સ્પષ્ટ જોઈ શકાય તેવો છે. પૂર્વના લેખમાં ૪ + ૫ ભંગી રાખવાની વાત હતી. આમાં ૬ નો ક્ષય માન્યો છે. વાંચો ત્યારે એ લખાણ :–

## "સંવચ્છરીનો નિર્ણય

ચાલતા વર્ષના ભાદ્રપદ માસમાં જોધપુરી પંચાંગમાં શુદ ૫નો ક્ષય હોવાથી તિથિનો ક્ષય ન કરવાની સમાચારીને આધારે સુદ ૩ નો કે સુદ ૪નો ક્ષય કરવો ? એ વિષે વિવાદ બહુ દિવસથી ચાલે છે અને કેટલાએક " ક્ષયેપૂર્વા એ વાક્યને આધારે સુદ ૪ નો ક્ષય ઉપલબ્ધ થાય છે પણ તે દિવસ સાંવત્સરીક પર્વનો હોવાથી તેનો ક્ષય ન કરતાં સુદ ૩નો ક્ષય કરવો એમ કહે છે." અને કેટલાએકનું કહેવું એમ થાય છે કે શ્રીમાન્ કાળીકાચાર્યજીએ ચતુર્થીની સંવત્સરી કરી તે પંચમીના રક્ષણાર્થે કરી છે તેમ છતાં **આ પ્રમાણે કરવાથી સુદ ૪ ને સુદ ૫ બંને મૂકીને સુદ ૩ જે અપર્વે પર્યુષણ કરવા જેવું થશે.** સુદ ૩ નો ક્ષય કરવા ઈચ્છનારા સુદી ૧૫ને ક્ષયે સુદ ૧૩નો ક્ષય કરવાની રીતીનો દાખલો આપે છે. પરંતુ એને માટે ચોક્કસ શબ્દો શાસ્ત્રોક્ત છે કે 'સુદ ૧૫ ને ક્ષયે સુદ ૧૩નો ક્ષય કરવો' પરંતુ ભાદ્રપદ સુદ ૫નો ક્ષય હોય તો શું કરવું એને માટે બીલકુલ શાસ્ત્રલેખ પૂર્વાચાર્યના ગ્રંથોમાં કે સેનપ્રશ્ન હીરપ્રશ્નાદિ પ્રશ્નોત્તરના ગ્રંથોમાં નથી. તેમ કોઈ વૃદ્ધ પુરુષ પૂર્વે એવો પ્રસંગ આવ્યો હતો અને અમુક તિથિનો ક્ષય કર્યો હતો એમ કહેતા નથી. આવી રીતના બંને તરફના પૂર્વ પક્ષો ચાલતા હતા પણ કોઈ પ્રકારે એક નિર્ણય થતો નહોતો. તેથી જરૂરને પ્રસંગે બીજો માર્ગ શોધવાના વિચાર પર લક્ષ દોડાવીને અત્રે ચતુર્માસ સ્થિતિ કરીને રહેલા પંન્યાસ શ્રી ગંભીરવિજયજીએ શ્રી ઉજેણ-જે કે હિંદુસ્થાનનું મધ્ય બિંદુ છે અને જયાંથી જ્યોતિષીઓ ગણિતની રેખાઓ લે છે ત્યાંના વર્ત્તારાનું, જેપુરના વર્ત્તારાનું અને કાશીના વર્ત્તારાનું એ ત્રણે પંચાંગો મંગાવ્યાં કે તેમાં ક્ષય કઈ તિથિનો છે તે જોઈને પંચાંગોના બહુ મતે નિર્ણય કરવો. એ ત્રણે પંચાંગો આવતાં તેમાં નીચે પ્રમાણે છે.

સુદ ૪ શુક્રવાર — સુદ ૫ શનિવાર-ઘડી-૨ - ૫૪ ઉજેણ.

સુદ ૪ શુક્રવાર — સુદ ૫ શનિવાર-ઘડી-૩ - ૫૪ જેપુર.

સુદ ૪ શુક્રવાર — સુદ ૫ શનિવાર-ઘડી-૩ - ૪૫ કાશી.

ઉપરાંત આ ત્રણે પંચાંગોમાં છઠનો ક્ષય કરેલો છે. મુંબઈ, વડોદરા ને લાહોરના પંચાંગમાં પણ છઠનો જ ક્ષય છે. આ બાબત ખાસ જોધપુરી ચંડુ પંચાંગના બનાવનાર પંડિત શ્રીધર શીવલાલને પૂછતાં તેઓ લખે છે કે "અમારું પંચાંગ બ્રહ્મ પક્ષનું છે તે મારવાડ દેશમાં માન્ય છે. આ દેશમાં સૌર પક્ષ માન્ય છે તો તે પ્રમાણે તમારે છઠનો ક્ષય કરવો." આટલા તેના લખાણ ઉપરથી જોકે ગુજરાતમાં તો છઠનો ક્ષય થઈ શકે પરંતુ સંવચ્છરી પર્વ કાંઈ ખાસ ગુજરાત માટે નથી એતો આખા હિંદુસ્થાન માટે છે તેથી માત્ર સૌર પક્ષના ગણિતનો આશ્રય ગ્રહણ ન કરતાં જે પુર, ઊજેણને કાશીના પંચાંગો મંગાવામાં આવ્યાં કે જેનું ગણિત બ્રહ્મ પક્ષનું જ છે. છતાં તે પંચાંગોમાં પણ છઠનો ક્ષય છે. આવી રીતે બંને પક્ષના ગણિતપ્રમાણે છઠનો ક્ષય હોવાથી અને પંચાંગોનો બહુ મત એવો થવાથી અત્રે નીચે પ્રમાણે નિર્ણય કરવામાં આવ્યો છે.

ભાદ્રપદ સુદિ ૪ શુક્રવાર—સંવચ્છરી

ભાદ્રપુત્ર સુદિ ૫ શનિવાર—પારણા.

ભાદ્રપદ સુદિ ૬ નો ક્ષય.

આ પ્રમાણેનો જ નિર્ણય દેશાવરોથી જુદા જુદા વિદ્વાન મુનિ વિગેરેના અભિપ્રાય મંગાવીને શ્રી મુંબઈના શ્રીસંઘે મુનિરાજશ્રી મોહન લાલજી સમક્ષ એકત્ર થઈને થોડા દિવસ પહેલાં કરેલો છે વળી સ્વર્ગવાસી મુનિરાજશ્રી આત્મારામજી મહારાજનો પણ પોતાની હયાતીમાં એ પ્રમાણેજ મત હતો. વળી સર્વજ્ઞ કથિત ક્રિયાઓ પણ પ્રબળ કારણે અન્યથા પ્રકારે કરવા જરૂર

પડે છે. કારણ કે જૈન સિદ્ધાંત સ્યાદ્વાદ છે. તો આ જોધપુરી પંચાંગ કાંઈ સર્વજ્ઞ કથિત નથી. જો કે ઘણા વર્ષોથી આપણે એ પ્રમાણે તિથિઓ માન્ય કરતા આવ્યા છીએ અને હવે પછી પણ એ પ્રમાણે માનવામાં અડચણ નથી, વળી જોધપુરી પંચાંગ પ્રમાણે જ તિથિ વગેરે માનવા સંબંધી અમારા મનમાં પણ આગ્રહ છે કેમ કે અમારા વડીલ ધર્મ ગુરુઓ એ પ્રમાણે માનતા આવ્યા છે પરંતુ એનો વર્તારો કાંઈ જૈનશાસ્ત્ર પ્રમાણે નથી અને બીજા બ્રહ્મપક્ષી પંચાંગોના વર્તારા કાંઈ ખોટા હોય એમ કહી શકાય નહીં. વળી અત્યારે એક તિથિ બીજા પંચાંગ પ્રમાણે માનવાથી હવે પછી એ પંચાંગ પ્રમાણે તિથિઓ માનવામાં વિરોધ નથી કેમકે એક વખત કોઈ ક્રિયા સકારણ અન્યથા પ્રકારે કરવી પડે તો પછી પાછી બરાબર ન કરાય એમ હોય નહીં. વગેરે આવા વાંધાનું કારણ કાંઈ વારંવાર હોતું નથી. બહુ વર્ષે આ વર્ષ ભાદ્રપદ સુદિ પનો ક્ષય આવ્યો છે. બીજી તિથિઓ માટે તો નિર્ણયકારક લેખ શાસ્ત્રોમાં હોવાથી વાંધો પડવાનો કિંચિત્ પણ સંભવ નથી. પરંતુ અત્યારે આવા સાંવત્સરીક પર્વમાં ફેરફાર થવાના પ્રબળ કારણથી તેમજ તેજ પક્ષના વર્ત્તારાના બીજી સર્વ પંચાંગો છઠના ક્ષયમાં સંમત હોવાથી છઠનો ક્ષય કરવો એમાં કાંઈ પણ વિરોધ હોય એમ અમને લાગતું નથી. તેથીવ પંન્યાસ શ્રીગંભીર વિજયજીની સંમતિથી અમે ઉપર જણાવેલો નિર્ણય પ્રદર્શીત કર્યો છે. આશા છે કે સર્વે જૈન બંધુઓ આ લેખ ઉપર મધ્યસ્થપણે વિચાર કરશે અને સર્વ સ્થાનકે કોઈ પણ પ્રકારના આગ્રહ કે મત ભેદ સિવાય શુક્રવારી જ સંવચ્છરી થશે. તથાસ્તુ

**(જૈન ધર્મ પ્રકાશ પુસ્તક ૧૨, પૃ. ૬૬-૬૭-૬૮ વિ.સં. ૧૯૫૨)"**

આ લખાણમાં પ્રારંભમાં જ પં.કુંવરજી ભાઈ લખે છે કે " (જોધપુરી ચંડું પંચાગમાં) જયારે જયારે બાર તિથિ માંહેની કોઈ પણ તિથિનો ક્ષય હોય છે, ત્યારે અથવા વૃદ્ધિ હોય છે ત્યારે આપણી તપાગચ્છની સામાચારીને અનુસરે "क्षये पूर्वा वृद्धौ उत्तरा" એટલે જયારે બાર તિથિમાંની કોઈ પણ તિથિનો ક્ષય હોય, ત્યારે પૂર્વલી તિથિનો ક્ષય લખીયે છીએ અને વૃદ્ધિ હોય

છે. ત્યારે ઉત્તર તિથિની અટલે બીજા દિવસને તિથિ તરીકે માન્ય રાખીને પ્રથમનો દિવસ ત્યાર અગાઉની તિથિમાં ભેળવીને તે આગલી તિથિનું દ્વિત્વ-બે પણું કરીયે છીએ'' આમાં તપાગચ્છની સામાચારી તરીકે જે વાત લખી છે તેમાં પણ 'પૂર્વલી તિથિનો ક્ષય લખીએ છીએ... આગલી તિથિનું દ્વિત્વ-બે પણું કરીએ છીએ' એમ લખ્યું છે. પણ એમાંથી ચૈત્રી સુદ ૧૩નું પ્રભુવીરનું જન્મ કલ્યાણક ખોટા દિવસે આરાધવાનો પ્રસંગ વિ.સં.૧૯૮૪ ની સાલમાં બનતાં કૃત્રિમ તિથિ અને વાસ્તવિક તિથિની સ્પષ્ટતા કરીને વાસ્તવિક તિથિને આરાધવાનો ખુલાસો પં.કુંવરજીભાઈએ કરવો પડ્યો હતો. ક્ષય લખવો કે પૂર્વતિથિને બેવડાવવી એ ફક્ત પંચાંગની વ્યવસ્થા માટે હોવાનું સ્પષ્ટ થાય છે. ઉદયતિથિનો આગ્રહ જ આ વાતને પુરવાર કરે છે.

હવે આપણે પૂ.પં.શ્રી ગંભીર વિજયજી મ.નું 'જૈન ધર્મ પ્રકાશ' માં વિ.સં. ૧૯૫૬ની સાલમાં એટલેકે પં.કુંવરજીભાઈનાં વિ.સં.૧૯૫૨ના લખાણ પછી પણ ત્રણ વર્ષમાં જ બહાર પડેલ એક લખાણ પણ જાણવા જેવું છે. શ્રી ગંભીર વિજયજી મ.નો અભિપ્રાય તે સમયે ગંભીરતાથી ધ્યાનમાં લેવાતો હતો. તેમના નામનો ઘણા વિષયમાં ઉપયોગ / ઉલ્લેખ જોવા મળે છે. તેમને ઇંદોરથી એક ગૃહસ્થે એક પ્રશ્ન લખી મોકલ્યો હતો તેનો જવાબ શ્રી ગંભીર વિજયજી મ.એ જે રીતે આપ્યો છે તેના આધારે સમજાશે કે તિથિના વિષયમાં કોની સમજ કેટલી હતી. આજે બધાને ખબર છે કે ' એક પણ સૂર્યોદયને ન સ્પર્શે તે તિથિ ક્ષયતિથિ કહેવાય છે અને બે સૂર્યોદયને સ્પર્શે તે તિથિ વૃદ્ધિ તિથિ કહેવાય.' અહીં સ્પર્શવું એટલે સૂર્યોદય સમયે તિથિની હાજરી હોવી. એવો અર્થ થાય છે. આ પ્રશ્નોત્તરને વાંચ્યા પછી હવે તમને પ્રશ્ન ઉઠશે તો તેનું સમાધાન પણ તમને આટલી ભૂમિકા પછી મળી જશે.

આ પ્રશ્નોત્તરમાં ખાસ તો શ્રી ગંભીર વિજયજી મ. એ લખ્યું છે કે "તિથિની વૃદ્ધિ હોય, તો પાછળની તિથિ ગ્રહણ કરવી, ને હાનિ હોય, તો તેની પહેલીની ગ્રહણ કરવી" આ પ્રમાણે શ્રી ઉમાસ્વાતિ મહારાજે કહેલ છે." તેમાં ક્ષય-વૃદ્ધિની માન્યતા સ્પષ્ટ થાય છે. શ્રી ઉમાસ્વાતિજી મહારાજના પ્રઘોષ અંગે જે ઉહાપોહ અત્યારે સર્જાયો છે તે પૂર્વના કોઈએ કર્યો નથી.

તે સમયે રજપુતાનામાં શ્રાવકો વૃદ્ધિ તિથિયે બે દિવસ તિથિ પાળતા હતા તેથી આ પ્રશ્ન ઉઠયો છે. આવી અજ્ઞાનતાને દૂર કરવાં માટે જ મને લાગે છે કે પં.કુવરજી ભાઈને (પર્વની) વૃદ્ધિ તિથિએ આગળની તિથિની વૃદ્ધિ કરવાની-લખવાની પંચાગમાં જરૂર પડી હશે. પણ એનાથી આજે જે અનર્થ મચી રહયો છે. તે બે તિથિ પાળનારા કરતા અધિક હાનિ કરનારો છે. પેલા લોકો મુગ્ધતાથી બે દિવસ તિથિ પાળતા પણ તેમાં એક દિવસ ઉદયતિથિ મળતી હતી જયારે આજે અપાતા સંસ્કારથી તો પર્વતિથિ જે દિવસે પાળવામાં આવે છે. તે દિવસે પર્વતિથિ હોતી જ નથી. આવો અનર્થ આવકારવા લાયક તો ન જ કહેવાય. ચાલો, ત્યારે વાંચો એ પ્રશ્નોત્તરને અક્ષરશઃ !

"**પ્રશ્નોતર :** શ્રી ઈદોરથી એક ગૃહસ્થે લખી મોકલેલા પ્રશ્નનો પંન્યાસજી શ્રી ગંભીરવિજયજીએ આપેલો ઉત્તર વાચકવર્ગને ઉપયોગી હોવાથી અત્રે પ્રસિદ્ધ કર્યો છે.

**પ્રશ્ન :** રજપુતાનામાં શ્રાવક લોકો જયારે જોધપુરી પંચાંગમાં બીજ, પાંચમ, વિગેરે તિથિ બે હોય છે ત્યારે બે પાળે છે, અને ગુજરાત-કાઠીયાવાડમાં તો પહેલી તિથિને મુકીને બીજી તિથિને માને છે. આ તરફના શ્રાવકો તેમ કરતાં નથી. તેથી અત્રેના વિદ્વાનો સવાલ પૂછે છે કે કયા શાસ્ત્રનાં આધારે પહેલી બીજને એકમ ગણી, બીજી બીજને બીજ ગણો છો ? પરંપરાનો સવાલ બાજુ મૂકી શાસ્ત્રધારથી જ એ બાબત પ્રસિદ્ધ કરશો.

**ઉત્તર :** જયારે કોઈ પણ તિથિની વૃદ્ધિ હોય છે, એટલે કે બે હોય છે. ત્યારે પહેલી તિથિમાં સૂર્ય ઉગતો નથી. વાસ્તે અપ્રમાણ કરાય છે. અને બીજી તિથિમાં સૂર્ય ઉગે છે, તેથી તે પ્રમાણે કરાય છે. પહેલી તિથિનો સૂર્યના ઉગ્યા પછી પ્રવેશ હોય છે. તેથી તે ન લેવાય એમ શાસ્ત્રમાં કહ્યું છે.

तद्यथा अनुदयवती बहूव्यपि अप्रमाणा, उदयवती स्तोकापि समाचरणीया इति उमास्वातिवचनं.

" અનુદયવાળી તિથિ ઘણી (ઘડી) હોય, તો પણ તે અપ્રમાણ છે. અને ઉદયવાળી તિથિ થોડી (ઘડી) હોય, તો પણ તે આચરવા યોગ્ય છે." આ પ્રમાણે શ્રી ઉમાસ્વાતિ વાચકે કહેલું છે. વળી કહ્યું છે.

यां तिथिं समनुप्राप्य, समुद्गते च भानवः ।

सा तिथिः सफला ज्ञेया दानाध्ययनकर्मसु ॥

"જે તિથિને પામીને સૂર્ય ઉગ્યો હોય, તે તિથિ દાનમાં, ભણવામાં તથા તપસ્યાદિક ક્રિયામાં સંપૂર્ણ જાણવી." વળી કહ્યું છે. કે-

वृद्धिस्तूत्तरा ग्राह्या हानौ ग्राह्या पूर्वा

" તિથિની વૃદ્ધિ હોય, તો પાછળની તિથિ ગ્રહણ કરવી, ને હાનિ હોય, તો તેની પહેલીની ગ્રહણ કરવી."

આ પ્રમાણે શ્રી ઉમાસ્વાતિ મહારાજે કહેલ છે, તેથી વૃદ્ધિમાં બીજી તિથિ જ પ્રમાણ છે.

શ્રી જ્યોતિષ કરંડક પયન્નામાં કહ્યું છે કે, " જે તિથિ હાનિ પામે તે પહેલી તિથિમાં સમાપ્ત થાય છે. જે વૃદ્ધિ પામે તે ઉપરની તિથિને સ્પર્શે છે."

આ પયન્નાની ટીકા પ્રથમ શ્રી પાદલિપ્તસૂરિએ સંક્ષેપથી કરેલી છે. અને ત્યારપછી શ્રી મલયગિરિસૂરિએ વિસ્તારથી કરેલ છે. જે કે હાલ પ્રવર્તમાન છે. અને બંને આચાર્યો સર્વમાન્ય ગણાયેલા છે.

શ્રી ભગવતિ સૂત્રના શતક પાંચમના ઉદ્દેશા પહેલામાં શ્રી ગૌતમસ્વામીએ ભગવંતને પૂછયું કે " હે ભગવન ! સૂર્યને આદિત્ય શા માટે કહો છો ?" તેનો ઉત્તર પ્રભુએ આ પ્રમાણે આપ્યો છે કે, " હે ગૌતમ ! સૂર્યોદયના સમયને આદિ લઈને જ સમય, આવલી, મુહૂર્ત, પક્ષ, માસ, વર્ષ, યાવત્ ઉત્સર્પિણી અવસર્પિણી સર્વ ગણવામાં આવે છે, તેથી સૂર્યને આદિત્ય કહેલો છે." આ

ઉત્તરથી પણ એમ સિદ્ધ થાય છે કે, સૂર્યોદયથી જ તિથિની આદિ ગણાય છે. તે જ સ્થળમાં કહ્યું છે કે, જે ક્ષેત્રમાં જે વખતે સૂર્યનું દશ્યપણું અને અદશયપણું થાય, તે ક્ષેત્રમાં તે જ વખતે પહેલો રૂદ્ર નામે મુહૂર્ત ગણવો. તેનો પાઠ આ પ્રમાણે-

जह जह समए समए पुरउ संचरइ भस्सरो गयणे तह तह इउवि नियमा जाई रयणीइ भावत्थ एवं च सइ नराणं उदयत्थमणाए हुंति तिथियाई सई देसकालभेए कस्सइ किंचिवि दिस्सए नियमा सइ चेवय निदिट्ठो रुदो मुहुत्तो कमेण सव्वेसिं केसिंचीदार्णीपीय विसयपमाणो रवि जेसिं.

ભાવાર્થ :- જેમ જેમ સમયે સમયે આગળ સૂર્ય ગગનમાં ચાલ્યો જાય છે. તેમ તેમ સમય સમય પાછળ નિશ્ચે રાત્રિ ભાવ થતો જાય છે. એમ હોતે સતે મનુષ્યોને ઉદય અસ્તનો નિયત (સમય) ભિન્ન ભિન્ન થાય છે. દેશકાળનો ભેદ હોવાથી કોઈકને કોઈ વખત ઉદય અસ્તનો નિયત હોય, અને કોઈકને કોઈ વખત હોય . જેને જે ઉદય અસ્તનો નિયત છે. તેને તે રૂદ્ર નામે પહેલો મુહૂર્ત ગણાય. એમ અનુક્રમે સર્વને જાણવો. તેથી હમણાં પણ કેટલાકને સૂર્યોદય વેળા છે. જેમને હમણાં જ સૂર્ય નજર વિષે આવ્યો છે. તેમને." આ પ્રમાણેના શ્રી ભગવતી સૂત્રના વચનથી પણ સૂર્યના ઉદયકાળવાળી તિથિ જ પ્રમાણ છે.

વળી અહોરાત્ર સૂર્યની ગતિ ઉપરથી થાય છે, તે તિથિ તો ચંદ્ર ને રાહુની ગતિ ઉપરથી ગણાય છે એટલે ચંદ્રના વિભાગના સોળ ભાગ કલ્પીએ, તે માંહેલો એક ભાગ રાહુ ઢાંકી રહે અથવા મૂકી રહે તેટલા વખતની એક તિથિ ગણાય. તેથી જો રાહુની ગતિ શીઘ્રતાવાળી થાય, તો થોડા કાળમાં તિથિ પૂર્ણ થાય છે ને મંદગતિ કરે તો લાંબા વખત સુધી તિથિ પહોંચે છે. વળી જે દિવસે તિથિનો સાઠો પડે છે. એટલે ૬૦ ઘડી તિથિ છે એમ લખાય છે. તે દિવસે તિથિનો પ્રારંભ ઉદય વખતે હોતો નથી. કેમકે ક્યાં તો ચંદ્રનો પ્રથમનો ભાગ ગ્રસાઈ રહ્યો ન હોય અથવા મુકાઈ રહ્યો ન હોય એમ હોય છે. માટે વૃદ્ધિ તિથિમાં બીજી તિથિ જ પ્રમાણ છે એમ સમજવું.

(શ્રી જૈન ધર્મ પ્રકાશ, પુસ્તક ૧૫ મું, અંક ૧૧ મો. મહા શુદ ૧૫. ૧૯૫૬ પૃષ્ઠ ૧૭૨)"

પૂ.પં. શ્રી ગંભીર વિ.મ.નો 'જૈન ધર્મ પ્રકાશ'માં પ્રગટ થયેલ આ પ્રશ્નોત્તર વાંચતા આપણને તત્કાલીન રજપુતાનાના શ્રાવકોની મુગ્ધતાનો ખ્યાલ આવે છે. તેઓ પર્વતિથિની વૃદ્ધિ આવે ત્યારે બન્ને દિવસ પર્વતિથિ પાળતા હતા. પૂ. ગંભીર વિ.મ.એ લાંબો ઉત્તર આપીને અંતે જણાવ્યું કે 'વૃદ્ધિતિથિમાં બીજી તિથિ જ પ્રમાણ છે એમ સમજવું.'

તમે મજાની વાત જુઓ. તે સમયે પર્વતિથિની વૃદ્ધિ આવે ત્યારે રજપુતાનાના શ્રાવકો ખરેખર બેય દિવસ પર્વતિથિ પાળતા હતા. આજના કાળમાં ઘણા શ્રાવકો એ ભ્રમમાં જીવે છે કે બે તિથિવાળા બે બે દિવસ તિથિ પાળે છે. આમ તો આનો ખ્યાલ જલદી ન આવે પરંતુ થોડા ઘણા પરિચયમાં આવ્યા પછી કોઈ ભાઈ જ્યારે જાણે કે મહારાજ સાહેબ બેતિથિના છે તો પૂછી લે છે કે આપ બે દિવસ કેમ તિથિ પાળો છો ? અમે એને જવાબમાં કહીએ કે ભાઈ, પંચાંગમાં પર્વતિથિની વૃદ્ધિ આવે ત્યારે બે બીજ, પાંચમ, આઠમ, અગિયારસ, ચૌદશ કે અમાસ છે એમ પહેલા પણ બોલાતું અને લખાતું પણ ખરું. અમે પણ એ જ રીતે બોલીએ અને લખીએ છીએ પણ બે દિવસ પર્વતિથિ પહેલા પણ પાળતા ન હતા. આજે અમે પણ પાળતા નથી. અમે તો શાસ્ત્રીય નિયમ મુજબ વૃદ્ધિતિથિ હોય ત્યારે બે તિથિમાંની પહેલી તિથિનો ફલ્ગુતિથિ તરીકે ત્યાગ કરીએ છીએ અને બીજા દિવસની તિથિએ જ પર્વતિથિની આરાધના કરીએ છીએ. જે પહેલાના મહાપુરુષો પણ કરતા હતા.

એ ભાઈ ફરીથી આશ્ચર્ય પામીને અમને પૂછે કે તો પછી આપને બધા બે તિથિવાળા કેમ કહે છે ? આપ તો એક જ પર્વતિથિ આરાધો છો.' અમારે કહેવું પડતું કે તમારા જેટલી સમજ જો બધામાં આવી જાય તો બે તિથિના નામે ભરમાવવાનો અને ભડકાવવાનો ધંધો સમેટાઈ જાય. ધંધે લાગેલા બધા નવરા થઈ જાય. આ ધંધાવાળા સમજે છે કે અમે એક જ પર્વતિથિ પાળીએ

છીએ છતાં બીજાને તેઓ આવું સમજાવતા નથી. આખરે ધંધાનો સવાલ છે. એટલું ધ્યાનમાં લો કે શ્રી ગંભીર વિ.મ.ના આપેલા સમાધાન મુજબ આજે કોઈ પણ તિથિ પક્ષના કહેવાતા હોય, બધા જ, વૃદ્ધિતિથિમાં પહેલી તિથિ છોડીને બીજી તિથિએ એક જ દિવસ તિથિ પાળે છે.

હવે આપણે સાહિત્ય મંદિરના શ્રી વિજય મોહનસૂરીશ્વર શાસ્ત્રસંગ્રહના હસ્તલિખિત જ્ઞાનભંડારની ૧૨૭૧ નંબરની હસ્તપ્રતમાં આવતી તિથિ સંબંધી વાતને જોઈએ. આ પ્રતની નકલ વિ.સં. ૧૯૮૩ની સાલમાં થયેલી છે. આમાં રતલામના શ્રી સંઘના પ્રશ્ન સંબંધમાં ઉત્તર અપાયેલો છે. ઉત્તરદાતા પૂ.પં.શ્રી પદ્મવિજયજી મ. ગણાય છે. તેમનો આપેલ ઉત્તર ધ્યાનમાં લઈએ તોય બે પુનમ કે બે અમાસ હોય ત્યારે બીજી તિથિ જ પ્રમાણ કરવાની વાત જણાવી છે. તે જ સ્વીકારવી પડે.

ચૌદશની તિથિનો ક્ષય આવતા તે ચૌદશની પાક્ષિક આરાધના તેરસે કરવી કે પૂનમે કરવી તેની ચર્ચા આમાં થઈ છે. ચૌદશના ક્ષયે ચૌદશની આરાધના તેરશે જ થાય પણ પૂનમે ન થાય તે વાત ભારપૂર્વક વર્ણવવામાં આવી છે. ક્ષય તિથિ ઉદયમાં નથી હોતી એવી દલીલનો પણ જવાબ આપ્યો છે. પછી તો આના અનુસંધાનમાં બીજી પણ ઘણી વાત લખી છે. આ 'પ્રશ્નોત્તરાણિ' હસ્તપ્રતનો આટલો વિભાગ પૂર્વમાં પ્રકાશિત થયેલો જ છે. અહીં આપણી વિચારણામાં ઉપયોગી હોવાથી એ પ્રકાશિત અવતરણ અહીં અક્ષરશઃ મૂકવામાં આવે છે. વાંચો ત્યારે ?

## પ્રશ્નોત્તરાણિ હસ્તપ્રતનું લખાણ

અપરં શ્રી રતલામશે સંઘ વિવેકી વિચક્ષણ અમારેં ઘણી વાત છો. અપરં તુમોઈં કાગદમાં લખ્યું છે જે કાત્તી. સુદ ૧૪ મંગલવારી, અઠેં ગુજરાતી લોકેં કરી, સો આપકી આમનાસ્યૂં કરી છે. તિકા કીસ્યા આગમને અનુસારે કરી છે, તિકારેં સંદેહ, અઠેં કિતરાક જણ અઠેં મારવાડી સાથના છેં. સો પાછો વિવરો, વિગતવાર સૂત્રને અનુસારેં લિખાવસી, અઠેં સાધુજી ગુરાંજીઈં

અમનેં ઉદયાત તિથિ સો કરણી "ઈણતરેં ગુરાંઈ બનાઈ છેં ઈણરો ઉત્તર એ છે" તત્વતરંગિણી મહાસૂત્ર મધ્યે ઈમ કહ્યું છે.

*તિહિવાએ પુવ્વતિહિ અહિઆએ ઉત્તરાય ગહિઅવ્વા,*

*હીણંપિ પક્ખિયં પુણ(ન)ન પમાણં પુન્નિમા દિવસે. ૧*

વ્યાખ્યા : તિહિવાએ કહેતાં તિથિનો ક્ષય થયે થકે પુવ્વતિહિ કહેતાં પુર્વલી જ તિથિ ગ્રહણ કરવી, અહિઆએ કહેતાં, અધિક તિથઈ થકે ઉત્તરા ગહિઅવ્વા કહેતાં તિથિની વૃદ્ધિ થઈ થકેં, દોય ચઉદશ થયેં થકેં, દૂસરી જ ચઉદશ તિથિપણેં માનવા જોગ્યં જાણવી.

*ક્ષયે પૂર્વા તિથિઃ કાર્યા, વૃદ્ધૌ કાર્યા તથોત્તરા,*

*શ્રી મહાવીરસ્ય નિર્વાણં કાર્યં લોકાનુસારતઃ. ૧*

'હીણંપિ પક્ખિઅં પુણં કહેતાં, ક્ષીણ થઈ એટલે ઘટી ગઈ. એહવી જે ચઉદશી તે પૂનિમને દિવસે ન જ કરણી તે પુનિમ મધ્યે ચઉદશનો એક અંશ નથી. તેહ જ કારણ માટંઈ, તેરસનેં દિને ચઉદશિ કરણી જે કારણ માટે તેરસ ઉપરાંત ચઉદશ ટીપણામાં ચાર ચાલે છે. પણ પુનમ મધ્યે ચાલે નહિ. સો ટીપણામાં દેખણી.

કોઈ કહસ્યે જે ઉદયાત તિથિ લેણી, સો તેરસરે દિન ચઉદશી ઉદય કઠે છે, તિણરો ઉત્તર એ છે. જે અષ્ટમી ઘટે તિવારેં સાતિમને દિનેં આઠમનો ઉપવાસ કરેં જયું ભાદ્રવાદિ પંચમી ચોથ દિન કીધી, છઠરેં દિને કાલિકાચાર્યજીઈ ના કહી, તિણેં રીતે ચઉદશ તેરસમાં લેંણી, પણ પુનિમ દિન ન જ કરણી. યદુક્ત સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્રવૃત્તૌ.

*'સંવચ્છર ચઉમાસે પક્ખે અઠાઈઆસુ અ તિહિસુ,*

*તાઓ પમાણ ભણિયા જીએ સૂરો ઉદયમેઈ. ૧*

*અહ જઈ કહવિ ન લભઈ તત્તાઓ સૂરુગ્ગમેણ જીુત્તાઓ.*

*તા અવર વિદ્ધ અવરા વિ હુજ્જ ન હુ પુવ્વ તવ્વિદ્ધા. ૨*

વ્યાખ્યા : સંવત્સરી, ચોમાસાની ચૌદશ, પુનિમ, પક્ષની ચઉદશ, અઢાઈની તિથિઓ એ સઘલી ઈં તેહ જ તિથિઓ પ્રમાણ કરવી. એહનેં વિષેં સૂર્ય ઊગેં તેહ જ. હવે કદાપિ તે સૂર્યના ઉદય સહિત ન પામીએ, તિવારેં અવરવિદ્ધ અવરાવિ હુજ્જ ન હુ પુવ્વ તવ્વિદ્ધા કહેતાં તિવારેં અવરવિદ્ધા કહેતાં ક્ષીણતિથિ ઈં વધાણી એહવી જે ત્રયોદશી પ્રમુખ (ષ) તિથિ હોઈ તિમ તેહજ તિથિઈં ચઉદશ કરવી યુક્ત કહી છે.

પણ પૂર્વલી જે તેરસ તે ન કહેવાય. દૃષ્ટાંત કહે છે. જિમ કોઈક રાજા નાસીને ભીલની પાલિ મધ્યે રહેતો હોય પણ તે રાજા લોકમાં કહેવાય. તે રીતે તેરસમાં સંક્રમી ચઉદશ તે ચઉદશ જ કહી છે. પણ તે તેરસ ન કહીએ. તથા પાખી તે ચઉદશનો જ અર્થ છે. એ સૂરપન્નત્તીસૂત્રની ટીકાનો પાઠ છે. તે જાણજો.

તથા ત્રણ ચોમાસાની પુનમ તે આરાધવી જ કહી છે. તથા પોષ શુદ ૧૪ ચઉદશ ઘટે છે. તે બારસ તેરસ ભેલાં થાસ્યે ને શુક્રવારી ચઉદશ થશે શાસ્ત્રને અનુસારે યતઃ

**એવં હીણ ચઉદશી તેરસેં જુત્તા ન દોષમાવહઈ.**

**સરણં ગઓ વિરાયા લોઆણં હોઈ જહ પુજ્જો. ૧**

એ રીતે ચઉદશની તિથિ ક્ષય થઈ તેં, ચઉદશ તેરસને દિવસે ચઉદશ કરવી. સૂત્રને મતે કબૂલ કરવી. ઓર તીન ચોમાસાની પૂનમ જૈનને ટીપણે કદી ઘટે નહીં. તિણશ્યું દોય તિથિ ખડી રાખણી કરી.

તિણસ્યું તેરસ જ જૈનને ટીપણે ઘટે છે તે જાણજો. તથા અધિક માસ તે પ્રમાણ નહીં તે રીતે દોય પુનિમ હોય અથવા દોય અમાવાસ્યા હોય તો દૂસરી

તિથિ પ્રમાણ કરણી. પહેલી પ્રમાણ કરણી નહી. એક ઘટિકા પ્રમાણે હોય તો પણ દૂસરી જ કબૂલ કરવી. યતઃ,

*સંપુણ્ણમિયં કાઉં વૃદ્ધિએ ઘિપ્પઈ ન પુવ્વતિહિ,*

*જં જા જંમિ ઉ દિવસે સમપ્પઈ સો પમાણં તિ. ૧*

સૂર્યના ઉદયમાં જે તિથિ હોય તે ઉગતી તિથિ કહીએ તે પ્રમાણે કરવી જ. ઈતિ તત્ત્વતરંગિણી સૂત્ર મધ્યે.

પહેલી ચઉદશ ૬૦ ઘડી હોય અને બીજી ચઉદશ એક ઘડી હોય તો પણ બીજી જ ચઉદશ પ્રમાણ કરવી પણ પહેલી પ્રમાણ નહીં. એવી રીતે સિદ્ધાંત મધ્યે ઘણી જ ચર્ચા છે. સો કાગદ મધ્યે કિતરી લિખાયા. તિણશ્યું કરી થોડો પાઠ લખ્યો છે. સો બાંચીને ઉપયોગમાં લાવણી જ તિથિ બુદ્ધિશ્યું વિચારી લેજો. ફરી સંશય પડે તો હરકોઈ વાતનો સો લખજ્યો જ.

**(શ્રી જૈન સાહિત્ય મંદિર, હસ્તલિખિત પ્રતઃ નં. ૧૨૭૧, પ્રશ્નોત્તરી, પાનાં ૧૭)**

આ હસ્તલિખિત પ્રતનાં પાનાંમાં મળતી વિગતમાં પર્વતિથિની વૃદ્ધિ માટે તો એકદમ સ્પષ્ટ સ્વીકાર કરવામાં આવ્યો છે. ફરીથી આપણે એ પંક્તિઓ જોઈ જઈએ :

“દોય ચઉદશ થયે થકેં, દૂસરી જ ચઉદશ તિથિપણે માનવા જોગ્ય જાણવી.”

એટલે કે બે ચૌદશ આવે ત્યારે બીજી ચૌદશ જ તિથિ પણે સ્વીકારવી.

આ પોતાની વાતના સમર્થનમાં પૂ. ઉમાસ્વાતિજી ભગવંતના ક્ષયે પૂર્વાનો પ્રઘોષ આખો જ ટાંકે છે. वृद्धौ कार्या तथोत्तरा। નો આજે જે ઉટપટાંગ અર્થ

કરવામાં આવે છે તેનો પડછાયો માત્ર પણ આ અર્થમાં નથી. પર્વતિથિની (ચૌદશની) વૃદ્ધિને બે ચૌદશ રૂપે જ સ્વીકારી છે. આગળ જતાં પર્વતિથિની વૃદ્ધિને સ્વીકારતી જે વાત લખી છે તે પણ ફરી જોઈ લઈએ :

"અધિક માસ તે પ્રમાણ નહિ, તે રીતે દોય પુનમ હોય અથવા દોય અમાવસ્યા હોય તો દૂસરી તિથિ પ્રમાણ કરવી. પહેલી પ્રમાણ કરવી નહિ. એક ઘટિકા પ્રમાણે હોય તો પણ દૂસરી જ કબૂલ કરવી."

એટલે કે જેમ અધિક માસમાં પહેલો માસ પ્રમાણભૂત ગણાય નહિ તેમ બે પૂનમ હોય કે બે અમાસ હોય તો બીજી પૂનમ કે બીજી અમાસ જ પ્રમાણભૂત ગણાય, પહેલી પૂનમ કે પહેલી અમાસ પ્રમાણ કરવી નહિ. પહેલી પૂનમ કે પહેલી અમાસ આખો દિવસ હોય અને બીજે દિવસે સૂર્યોદય પછી બીજી પૂનમ કે બીજી અમાસ એક ઘટિકા (૨૪ મિનિટ) જ હોય તો પણ આ બીજી જ પૂનમ-અમાસ કબૂલ રાખવી. પછી તો શ્રી તત્ત્વતરંગિણીનો 'જં જા જંમિ ઉ દિવસે, સમપ્પઈ સો પ્રમાણંતિ' એવો પાઠ પણ આપે છે.

જો પર્વતિથિની વૃદ્ધિ હોય જ નહિ, કરાય જ નહિ આવી માન્યતા હોય તો આ વાત આવે જ નહિ, બે પૂનમ-અમાસની બે તેરસ જ કરી નાખવાની હોય તો પહેલી-બીજી પૂનમ, અમાસની વાત કે તેનો જવાબ આપવાનો રહે જ નહિ. હમણાં જ વિ. સં. ૨૦૬૬ના અષાઢ સુદ પૂનમની વૃદ્ધિ ગઈ, રવિ અને સોમવારે. ચોમાસી ચૌદશ શનિવારે હતી. ઉપરના નિયમ મુજબ પૂનમની આરાધના સોમવારે કરવાની થાય તેના બદલે હઠપૂર્વક બે પૂનમની બે તેરસ કરી એટલે શુક્ર-શનિની બે તેરસ થઈ, રવિવારે કે જ્યારે ખરેખર પહેલી પૂનમ છે તે દિવસે ચોમાસી ચૌદશ કરી. ખરેખર ચોમાસી ચૌદશ શનિવારે હતી તે દિવસને બીજી તેરસનું નામ આપી તેરસ કરી. હસ્તપ્રતના લખાણ મુજબ ખોટા દિવસે ચોમાસી ચૌદશ કરી છતાં 'એ જ રીત સાચી કહેવાય, પૂનમની વૃદ્ધિને સ્વીકારીને ચૌદશના દિવસે ચોમાસીની આરાધના કરનારા નવો મત ચલાવે છે' એવું માનવું, મનાવવું કેટલી હદે યોગ્ય ગણાય

? જૂનો મત કયો અને નવો મત કયો તે ઉપરના હસ્તલિખિત પ્રતના આધારે પણ પ્રબુદ્ધ વાચકો બરાબર સમજી શકશે.

આ જ પાનાંઓમાં પર્વતિથિનો ક્ષય આવે ત્યારે શું કરવું તેની વાત લખતા પણ લખ્યું કે "ક્ષીણ થઈ એટલે કે ઘટેલી ચૌદશ (ક્ષય પામેલી ચૌદશ) પૂનમના દિવસે ન જ કરાય. કારણ કે તે પૂનમના દિવસે ચૌદશનો એક અંશ પણ નથી. તેથી જ તેરસને દિવસે ચૌદશ કરવી. કારણ કે તે દિવસે તેરસ ઉપરાંત ચૌદશ ટીપણામાં છે. પૂનમના દિવસે ટીપણામાં ચૌદશ નથી.

કોઈ કહે કે ઉદયાત તિથિ લેવાની છે તો તેરસને દિવસે ચૌદશનો ઉદય ક્યાં છે ? તો તેનો ઉત્તર એ છે કે જેમ અષ્ટમી તિથિ ઘટે ત્યારે સાતમના દિવસે આઠમનો ઉપવાસ કરે તેમ તેરસના દિવસે ચૌદશની આરાધના કરે."

આમાં ક્યાંય આઠમનો ક્ષય આવે તો સાતમનો ક્ષય કરી નાંખવો એવું લખ્યું નથી. ફક્ત આઠમનો ક્ષય આવે ત્યારે આઠમનો ઉપવાસ સાતમે કરવો. આનો મતલબ એ જ થયો કે 'સાતમનો ક્ષય કરી નાખવો, છઠ્ઠ + સાતમ ભેગા કરવા' એવું ન થાય. આમ કરવાથી તો જેમને જિનાલયની ધજા સાતમે ચઢાવવાની હોય તે સાતમના બદલે છઠ્ઠના દિવસે ધજા ચઢાવવાના દોષમાં પડે છે. ક્ષય આઠમનો છે તેમાં સાતમનો શું ગૂનો કે એને એક દિવસ વહેલી કરી ?

તમે કહેશો કે આ પાનામાં જ આવી રીત લખી છે : "પોષ સુદ ૧૪ ઘટે છે તે બારસ તેરસ ભેગા થશે અને શુક્રવારે ચૌદશ થશે." આ લખાણ મુજબ 'આઠમના ક્ષયે આઠમ અખંડ રાખી છઠ્ઠ + સાતમ ભેગા કરીએ' તો વાંધો શું આવ્યો ?

વાંધો એટલો જ છે કે 'પોષ સુદ ચૌદશના ક્ષયે બારસ + તેરસ ભેગા થશે' એમ લખનારા પાછા સ્પષ્ટ શબ્દોમાં લખે છે કે 'તેરસના દિવસે ચૌદશ કરવી, સૂત્રને મતે કબૂલ કરવી' એટલે તેઓ તો તેરસને ચૌદશ સાથે જ રાખે છે

ફક્ત લખવામાં જ બારસ-તેરસ ભેગા કરવાની સલાહ આપે છે તેથી તેરસ સંબંધી આરાધના તો 'તેરસના દિવસે ચૌદશ કરવી' એ નિયમ મુજબ તેરસે જ કરે. જ્યારે આજે તો 'પર્વતિથિનો ક્ષય હોય જ નહિ, થાય જ નહિ' એમ કહીને પર્વતિથિના ક્ષયે તેની પહેલાની તિથિનો ક્ષય કરે છે તેઓ ચૌદશના ક્ષયે તેરસનો ક્ષય કરીને બારસ-તેરસ ભેગા તો કરે છે પણ તેરસ સંબંધી આરાધના પણ બારસ-તેરસના દિવસે જ કરે છે તેથી તેરસ જે દિવસે છે જ નહિ તે દિવસે તેરસની આરાધના કરવાના દોષમાં પડે છે. માટે જ આજના સંદર્ભમાં તો ૧૩ + ૧૪ ભેગા લખવામાં આવે તો જ લોકો તેરસની આરાધના પણ એ દિવસે જ કરે.

આ પાનાંઓમાં સૌથી વધુ નોંધપાત્ર લીટી હોય તો આ છે : ''ઓર તીન ચોમાસાની પૂનમ જૈનને ટીપણે કદી ઘટે નહિ. તિણશ્યું દોય તિથિ ખડી રાખણી કરી.''

આ લખાણ મુજબ ''જૈનના ટીપણે ત્રણ ચોમાસી પૂનમ કદી ક્ષય પામે નહિ માટે ચૌદશ - પૂનમ બંને ઉભી રાખવી' એવું તારણ નીકળે છે. એટલે થાય એવું કે ચોમાસી પૂનમનો ક્ષય આવે ત્યારે ચૌદશ અને પૂનમ બે ઉભી રાખે તો તેરસનો ક્ષય કરવાનું આવે. પરંતુ તેમણે જ આપેલા તત્ત્વતરંગિણીના પાઠની સામે તેનો મેળ નહિ જામે. તેમણે જ એનો અર્થ લખતા લખ્યું છે કે 'સૂર્યના ઉદયમાં જે તિથિ હોય તે ઉગતી તિથિ કહીએ તે પ્રમાણ કરવી જ. ઇતિ તત્ત્વતરંગિણી સૂત્ર મધ્યે.' આમાં તો ચોમાસી પૂનમના ક્ષયે તેરસનો ક્ષય કરે તો 'ઉગતી તિથિ'નો નિયમ જ સચવાતો નથી.

મને લાગે છે કે પર્વતિથિના ક્ષય પ્રસંગે સૌથી પહેલી ગરબડ ત્રણ ચોમાસીની પૂનમથી શરું થઈ હશે. આગળ જતા એ બધી પૂનમ અમાસને લાગુ પાડી અનવસ્થા ચાલી પડી હશે ? આ પાના સુધી તો ફક્ત ત્રણ ચોમાસી પૂનમના ક્ષય સંબંધી જ આગ્રહ દેખાય છે. વૃદ્ધિની બાબતમાં તો જરાય બીજો આગ્રહ રાખ્યો નથી. એટલે ગરબડની શરૂઆત ક્યાંથી થઈ અને આજે ક્યાં સુધી પહોંચી ગઈ તેનું અનુમાન કોઈ પણ વિચારક માણસ કરી શકે તેમ છે.

ચોમાસી પૂનમ પછી બધી જ પૂનમ - અમાસમાં ક્યારે ફેરફાર કરાયો અને વૃદ્ધિના સમયે ચાલી આવેલી શુદ્ધ પરંપરામાં પણ ફેરફાર ક્યારથી આવ્યો તેની કોઈ ચોક્કસ માહિતી મળી રહી નથી પણ આ પાનાંઓથી ઘણી બધી વાતો સ્પષ્ટ થઈ જાય છે.

હવે આપણે વિ.સં.૧૯૮૯ની સાલમાં બહાર પડેલ પુસ્તકના લખાણ પર વિચાર કરીએ. યાદ રહે કે તે સમયે પૂ. આ શ્રી. વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ તિથિ અંગે કોઈ વિશેષ સમજ લખાણમાં મૂકી ન હતી, ન જાહેર કરી હતી, પૂ.ઉમાસ્વાતીજી ભગવંતના પ્રઘોષના અર્થની તે સમયે કોઈ ચર્ચા પણ ન હતી. આવા સમયે જ પૂ.આ.શ્રી નીતિ સૂરીશ્વરજી મહારાજની આજ્ઞાથી ઉપાધ્યાયજી શ્રી દયા વિજયજી મહારાજે પુસ્તિકા લખી હતી. એનું નામ હતું : **'પર્યુષણ પર્વની તિથિનો વિચાર અને સંવત્સરી નિર્ણય'** વિ.સં.૧૯૮૯ ની સાલમાં સકળ શ્રી સંઘ જે સંવત્સરીની આરાધના કરતો હતો તે જ આરાધના પૂ.આ.શ્રી રામચન્દ્ર સૂ.મ. પણ કરતા હતા. વિ.સં.૧૯૯૨ની સાલમાં સકલ શ્રી સંઘની ચાલી આવેલી સંવત્સરીની આરાધના પૂ.આ.શ્રી વિજય રામચન્દ્ર સૂ.મ. અને તેઓશ્રીના વડીલ ગુરુવર્યો વગેરે એ ચાલુ રાખી હતી છતાં આજે 'તેમણે નવો મત કાઢ્યો હતો' એવું આળ તેમના ઉપર મૂકવામાં આવે છે - આ વાત જૂના ઈતિહાસથી જેઓ અજાણ છે તેમની જાણકારી માટે અહીં યાદ કરાવું છું.

વિ.સં.૧૯૮૯ની સાલમાં જ્યારે શ્રી સાગરજી મહારાજ તરફથી સકળ સંઘથી અલગ પડી જુદા દિવસે સંવત્સરી કરવાની જાહેરાત થઈત્યારે, પૂ.આ.શ્રી. નીતિ સૂ.મ.ની આજ્ઞાથી ઉપા.શ્રી દયાવિજયજી મહારાજે 'પર્યુષણા પર્વની તિથિનો વિચાર અને સંવત્સરી નિર્ણય' એવા લાંબા નામવાળી પુસ્તિકા લખીને બહાર પાડી હતી. આ પુસ્તિકામાં તેમણે શ્રી ઉમાસ્વાતીજી ભગવંતના પ્રઘોષનો જે અર્થ કર્યો છે તેને જો માન્ય રાખવામાં આવે તો તિથિનો સમગ્ર વિવાદ સમેટાઈ જાય તેવો છે. આમાં પૂ.આ.શ્રી વિજય રામચન્દ્ર સૂ.મ.ની વાત સ્વીકારવાની વાત નથી, જે વાસ્તવિક અર્થ થાય છે તેનો જે સ્વીકાર કર્યો છે તેને જ પાછો સ્વીકારવાનો છે.

શ્રી હીરપ્રશ્નનું પણ વિધાન જે રીતે સ્વીકારાયું છે તે પણ નોંધપાત્ર છે. તેના આધારે જ શ્રી હીર પ્રશ્ન - શ્રી સેન પ્રશ્નના પ્રશ્નોત્તરો સ્વીકારવામાં આવે તો પર્વતિથિના ક્ષયની જેમ વૃદ્ધિમાં પણ અર્થ કરવામાં કોઈ સમસ્યા નડે તેવી નથી.

ઉપા.શ્રી દયા વિજયજી મહારાજે આ સંબંધમાં જૂનાં પત્રો છાપ્યા છે તે પણ વસ્તુ સ્થિતિને ઘણી સ્પષ્ટ કરે છે. ઉપાધ્યાયજી મહારાજે આ બધું જે પણ કર્યું છે તેની પાછળ પૂ.આ.શ્રી. વિજય રામચન્દ્ર સૂ.મ.ની કોઈ પ્રેરણા ન હતી. પૂ.આ.શ્રી નીતિ સૂ.મ.ની આજ્ઞાથી આ કાર્ય થયું હતું તે વાતની સૌ ખાસ નોંધ લે.

ચાલો ત્યારે, હવે આપણે ઉપા.શ્રી દયાવિજયજી મહારાજની એ પુસ્તિકાના કેટલાક મહત્ત્વના અવતરણો અહીં જોઈએ, અક્ષરશઃ તેમના શબ્દોમાં જ !

"આ પર્વતિથિઓનો નિર્ણય જૈન પંચાગને અનુસરી કરવામાં આવતો હતો. પરંતુ તેનો આમ્નાય વિચ્છિન્ન ગયો છે, તેથી અત્યારે આપણે પર્વતિથિઓ વગેરેનો નિર્ણય બ્રાહ્મણોના પંચાંગને અનુસારે કરવો પડે છે. અને એ બાબત હમણાં કેટલાક સમયથી પંડિત શ્રીધર શીવલાલના જોધપુરી પંચાગનો નિર્ણય આપણે માન્ય રાખીએ છીએ." (પૃ-૨)

"આ વખતે જોધપુરી પંચાંગમાં ભાદરવા સુધી ૪ પછીની સુદી ૫ નો ક્ષય છે, અને પાંચમ એ પર્વ તિથિ છે. તે સંબંધમાં ઉમાસ્વાતિ વાચકના વચનો શાસ્ત્રમાં સંભળાય છે કે,

क्षये पूर्वा तिथिः कार्या वृद्धौ कार्या तथोत्तरा ।

પર્વ તિથિનો ક્ષય હોય તો પૂર્વની તિથિ કરવી અને વૃદ્ધિ હોય તો પછીની તિથિ કરવી એટલે **જ્યારે તિથિની હાનિ કે વૃદ્ધિ હોય ત્યારે ઉપરના નિર્ણયને અનુસરી તિથિ સંબંધી ધર્મકૃત્યો કરવા એટલે, પર્વતિથિનો ક્ષય હોય તો**

**પૂર્વની તિથિએ તે પર્વ સંબંધી બધાં કૃત્યો કરવા અને વૃદ્ધિ હોય તો પછીની તિથિએ કરવાં.''**

''બીજો તિથિ સંબંધે નિર્ણય એ છે કે સૂર્યોદય સાથે જે તિથિ હોય તે તિથિ પ્રમાણભૂત ગણાય છે.''

''હવે આ વખતે વિ.સં.૧૯૮૯માં ભાદરવા સુદિ ૫ નો ક્ષય છે. પણ પાંચમ પર્વ તિથિ હોવાથી તેનો ક્ષય ન થાય માટે તેનું કાર્ય ભાદરવા સુદિ ૪ થે કરવું જોઈએ અને ભાદરવા સુદી ૪ સૂર્યોદય સમયથી માંડી ચાર ઘડી અને એક પલ સુધી હોવાથી અને તે પ્રધાન વાર્ષિકરૂપ હોવાથી તેનું કૃત્ય પણ ચતુર્થીએ કરવું જોઈએ. **એટલે વાર્ષિક પર્વના કૃત્યમાં પંચમીના કૃત્યનો સમાવેશ થાય.** આ સંબંધે શ્રી હીરપ્રશ્નના ચોથા પ્રકાશમાં પણ 'જો પંચમી તિથિનો ક્ષય હોય તો તે તપ કયારે કરવું' એ પ્રશ્નનો ઉત્તર 'પૂર્વની તિથિએ કરવું' એવો આપ્યો છે. ''यदा पंचमी तिथिस्त्रुटिता तदा तत्तपः पूर्वस्यां तिथौ क्रियते '' તે ઉપરથી ચોથને દિવસે પાંચમનાં તપ કરવાનું પ્રાપ્ત થાય છે.'' (પૃ-૩)

''આવો પ્રસંગ ૧૯૫૨ ની સાલમાં બન્યો હતો. તે વખતે ભાદરવા સુદિ ૫ નો ક્ષય હોવાથી પર્યુષણ પર્વ સંબંધમાં વિચાર થયેલ છે. આ સંબંધે લુહારની પોળના શ્રાવક શાહ છગનલાલ જેચંદ ઉપર ભાવનગરથી બહુશ્રુત પંન્યાસજી શ્રી ગંભીરવિજયજી મહારાજના બે પત્રો તથા પંન્યાસજી શ્રી પ્રતાપવિજયજી મહારાજ ઉપર શ્રી પૂજ્ય વિજયરાજેન્દ્રસૂરિનો પત્ર એમ ત્રણ પત્રો લુહારની પોળના પંન્યાસજી શ્રી પ્રતાપવિજયજી મહારાજના ભંડારમાંથી મળ્યા છે. તેમાં ભાદરવા સુદિ ૫ નો ક્ષય હોય ત્યારે સંવત્સરી કયારે કરવી તે સંબંધે ઉહાપોહ કરી ભાદરવા સુદિ ૪ ને શુક્રવારે સંવત્સરી કરવાનો અભિપ્રાય આપ્યો છે તે સિવાય પંન્યાસજી શ્રી પ્રતાપવિજયજી મહારાજના ભંડારમાંથી હસ્ત-લિખિત પાનું મળ્યું છે. તેમાં સં.૧૯૫૨ ની સાલમાં ભાદરવા સુદિ પાંચમનો ક્ષય હતો ત્યારે બધા સાધુઓની સંમતિ મેળવી ભાદરવા સુદિ ૪ અને શુક્રવારે સંવત્સરી કરવાનો વિચાર નિર્ણિત કર્યો છે. માત્ર જણાવ્યું છે કે પેટલાદ ગામમાં ચાતુર્માસ રહેલા સાધુઓએ

ત્રીજની સંવચ્છરી કરી છે. બીજા કોઈએ કરી હોય એમ જણાયું નથી, એમ લખે છે." (પૃ-૭)

"આચાર્ય શ્રી સાગરાનંદ સૂરિજીએ તેમના શિષ્ય શ્રી ચંદ્રસાગરજી દ્વારા ત્રીજનો ક્ષય કલ્પી તે દિવસે સંવચ્છરી કરવા સંબંધે પોતાનો નિર્ણય બહાર પાડ્યો તેથી અમને પણ શ્રીમાન આચાર્ય શ્રી વિજય નીતિસૂરિજીની આજ્ઞાથી ઉપરના વિચારો તથા ઉપરના પત્રો બહાર પાડવા વિચાર થયો છે." (પૃ.૮)

વિ.સં. ૧૯૮૭ની સાલમાં પૂ.આ.શ્રી નીતિ સૂ.મ. ની આજ્ઞાથી ઉપાધ્યાયજી શ્રી દયાવિજયજી મહારાજે લખેલ પુસ્તક : 'પર્યુષણા પર્વની તિથિનો વિચાર અને સંવત્સરી નિર્ણય'માં લખેલી વાત તમે વાંચી. હવે એના પર જરા વિચારીએ.

સૌ પ્રથમ પૃ. ૨ પર ઉપાધ્યાયજી મ. લખે છે કે "આ પર્વતિથિઓનો નિર્ણય જૈન પંચાંગને અનુસરી કરવામાં આવતો હતો. પરંતુ તેનો આમ્નાય વિચ્છિન્ન ગયો છે, તેથી અત્યારે આપણે પર્વતિથિઓ વગેરેનો નિર્ણય બ્રાહ્મણોના પંચાંગને અનુસારે કરવો પડે છે. અને એ બાબત હમણાં કેટલાક સમયથી પંડિત શ્રીધર શીવલાલના જોધપુરી પંચાંગનો નિર્ણય આપણે માન્ય રાખીએ છીએ."

આ લખાણથી સ્પષ્ટ સમજાય છે કે પર્વતિથિઓ વગેરેનો નિર્ણય લૌકિક પંચાંગને અનુસારે થતો હતો અને જોધપુરી પંચાંગનો નિર્ણય આપણે માન્ય રાખતા હતા. આજે જે ગાઈ-વગાડીને પ્રચારવામાં આવે છે કે પર્વતિથિઓના નિર્ણય માટે "જૈન સંસ્કાર" આપવા પડે — તેની તો આમાં ગંધ પણ નથી. વિ.સં. ૧૯૮૯ સમયે ચાલતી આ પરંપરા 'સુવિહિત' હતી અને ત્રણ વર્ષમાં જ ૧૯૯૨ પછી સકળ સંઘે સ્વીકારેલી આ જ પરંપરા 'નવોમત' બની જાય છે, જુઓ કમાલ ! પોતાના પૂ. વડીલવર્યો સાથે પૂ.આ. શ્રી વિજય રામચંદ્ર સૂ.મ.એ સકળ શ્રી સંઘે સ્વીકારેલી આ પરંપરાને પકડી રાખી છતાં તેઓ બધા 'નવામતી' કહેવાય તો સકળ શ્રી સંઘની સ્વીકારેલી પરંપરા છોડી

દેનારા કયા 'મતી' કહેવાય? આટલી સ્પષ્ટ વાત હોવા છતાં લોકોના મગજમાં જે ગેરસમજ ઘર કરી ગઈ છે તેમાં હીટલરના રહસ્યમંત્રી ગોબલ્સની પ્રચારનીતિ કામ કરી ગઈ છે. તેણે કહ્યું હતું કે એકનું એક જૂઠાણું સો વાર પ્રચારવામાં આવે તો લોકો તેને સત્ય માની લે છે. આનો અમલ છેલ્લા ઘણા દાયકાઓથી થઈ રહ્યો છે અને અત્યારે એનું પરિણામ દેખાય છે. આપણે એની ચિંતા કર્યા વિના વસ્તુસ્થિતિ ખરેખર કેવી હતી તેના પર જ ધ્યાન આપીએ તો ગોબલ્સ પ્રચારની અસર આપણા મગજ પર ન થાય.

क्षये पूर्वा तिथिः कार्या, वृद्धौ कार्या तथोत्तरा ।

પૂ. ઉમાસ્વાતીજી ભગવંતના આ પ્રઘોષનો આજે મારી-મચડીને બીજો અર્થ કરવામાં આવે છે ખરેખર એનો શો અર્થ થાય તે વિ.સં. ૧૯૮૯ની સાલમાં ઉપા. શ્રી દયાવિજયજી મ. એ લખ્યો છે. તે સમયની આ પ્રઘોષની સમજને શાબ્દિકરૂપ આપતા તેઓ લખે છે કે 'પર્વતિથિનો ક્ષય હોય તો પૂર્વની તિથિએ તે પર્વ સંબંધી બધાં કૃત્યો કરવાં અને વૃદ્ધિ હોય તો પછીની તિથિએ કરવાં.' વિ.સં. ૧૯૯૨ પહેલાના શ્રી દયા વિ.મ.ના આ અર્થ અને સમજને આજે પૂ.આ. શ્રી વિજય રામચંદ્ર સૂ.મ.ની માન્યતા કહી વગોવવામાં આવે છે. સકળ શ્રી સંઘની તે સમયની સમજને સ્વીકારી લેવામાં આવે તો બધો કજિયો શાંત થઈ જાય.

ઉપા. દયાવિજયજી મ. બીજી પણ એક નોંધપાત્ર વાત લખે છે કે "તે સિવાય પંન્યાસજી શ્રી પ્રતાપવિજયજી મહારાજના ભંડારમાંથી હસ્તલિખિત પાનું મળ્યું છે. તેમાં સં. ૧૯૫૨ની સાલમાં ભાદરવા સુદી પાંચમનો ક્ષય હતો ત્યારે બધા સાધુઓની સંમતિ મેળવી ભાદરવા સુદી ૪ અને શુક્રવારે સંવત્સરી કરવાનો વિચાર નિર્ણિત કર્યો છે. માત્ર જણાવ્યું છે કે પેટલાદ ગામમાં ચાતુર્માસ રહેલા સાધુઓએ ત્રીજની સંવત્સરી કરી છે. બીજા કોઈએ કરી હોય એમ જણાયું નથી, એમ લખે છે."

આનો ચોખ્ખો અર્થ એ થયો કે આજે ભાદરવા સુદ ૫ ના ક્ષયે ત્રીજનો ક્ષય કર્યા વિના ભાદરવા સુદ ૪ની સંવત્સરી બે તિથિ પક્ષ જે રીતે કરે છે તે જ

પ્રમાણે વિ.સં. ૧૯૫૨ની સાલમાં સકળ શ્રી સંઘે સંવત્સરી કરી હતી. આજે જેઓ બે તિથિ પક્ષ સામે ડોળા કકડાવે છે તેમાંના મોટાભાગના પક્ષના ગુરુદેવોએ બે તિથિની જ સંવત્સરી વિ.સં. ૧૯૫૨ની સાલમાં આરાધી હતી. હવે આજે એને 'નવોમત' કહે તો તેમના પોતાના ગુરુદેવોને 'નવામતી'નું આળ આપવાનું પાપ ન લાગે ? જરા શાંત ચિત્તે વિચારે તો ખોટું ઝનૂન ઓસરી જાય.

બીજી મજાની વાત હજી હવે જુઓ. ઉપા.શ્રી દયાવિજયજી મ. આ જ પુસ્તકમાં આગળ જતાં આઠમા પાને લખે છે કે 'આચાર્ય શ્રી સાગરાનંદસૂરિજીએ તેમના શિષ્ય શ્રી ચંદ્રસાગરજી દ્વારા ત્રીજનો ક્ષય કલ્પી તે દિવસે સંવચ્છરી કરવા સંબંધે પોતાનો નિર્ણય બહાર પાડ્યો.'

આનો અર્થ એ થયો કે ભાદરવા સુદ ૫ના ક્ષયે ભાદરવા સુદ ૩નો ક્ષય કરવો એ કલ્પિત છે, મતિકલ્પના છે. અને આવું કરવાથી સંવત્સરી ત્રીજના દિવસે થાય છે. આજે જ્યારે ભાદરવા સુદ ૫નો ક્ષય આવે છે ત્યારે ત્રીજનો ક્ષય કરનારા આ ભૂતકાળને યાદ કરે તો સમજાશે કે તે સમયે આવું કરનારને મતિકલ્પનાથી કરનારા અને ત્રીજની સંવત્સરી કરનારા કહેવાતા હતા અને ભા.સુ. પાંચમના ક્ષયે ત્રીજનો ક્ષય ન કરનારા ચોથના સંવત્સરી કરનારા કહેવાતા હતા. સંઘભેદની ખોટી બૂમાબૂમ કરતા પહેલા આ બધા ઈતિહાસને ખુલ્લી આંખે જોવો જોઈએ.

હવે આપણે ઉપા. દયાવિજયજી મહારાજે પોતાની પુસ્તિકામાં છાપેલ પંન્યાસજીશ્રી ગંભીરવિજયજી મ.નો અને શ્રી પૂજ્ય વિજય રાજેન્દ્રસૂરિનો પત્ર પણ જોઈએ. વાંચો ત્યારે...

## પં. શ્રી ગંભીરવિજયજીનો પત્ર

"સ્વસ્તી ભાવનગર બંદરથી પંન્યાસજી મહારાજશ્રી ગંભીરવિજયજી મહારાજનું અમદાવાદ મધે સુશ્રાવક શા. છગન જયેચંદ સપરિવાર જોગ

ધર્મલાભ વાંચવો. વિશેષ લખવાનું તમારું કીયાટ ૧) અતરે આજદિન આવ્યો. વાંચી સમાચાર જાણા. તે મધે તમો તત્ત્વતરંગિની ટીકાવાલી મંગાવી પણ તે પરત હાલમાં અમારી પાસે નથી. પરથમ સં. ૧૯૨૯ની સાલમાં અમારી પાસે હતી. સારી સુધ. પણ તે શ્રી રાધનપુરમાં સોભાગ્યવિજેના શીશ ગોરજી હીરવિજેને અમે આપી દીધી છે. જો ખપ હોય તો તેની પાસેથી મંગાવજો. તથા તે પરતને વિષે પજુસણની તિથિની હાનિવૃદ્ધિનો ખુલાસો હોય તેમ જણાતો નથી. તે અમારી સારી પેઠે વાંચેલી છે. તેમાં બાર તિથિની સાધારણ રીતે હાનિ વૃદ્ધિનો ચર્ચાવાદ ઘણું છે. તેમ કોઈ બીજા ગ્રંથોની સાક્ષી વિશેષે નથી. એક બે શલોક તે પ્રવર્તનમેં તિથિની હાનિ વૃદ્ધિના વિશે કહેવાય છે. ઉમાસ્વાતિ મહારાજના કહેલા તેટલા જ માત્ર આધારથી ઘણી ચર્ચા કરેલી છે. તેમાં પજુસણ આશરીનું હોય તેમ જણાતું નથી. પણ અમારે વાંચા ૨૩-૨૪) વરસનો આશરો થઓ. તેથી કાંઈ હોય તો મંગાવીને જોજો. તથા તમે લીખો જે સભાવાલાએ ચોથ પાંચમ ભેગા છાપ્યા. ને ચોથ શુક્રવારી શમછરી, તે શા સમજણથી છાપી, તેનું જાણવું જે અમોએ શા. કુંવરજી આણંદજીને તે રીતે છાપવાની રજા ના આપ્યા તે પહેલાં પંન્યાસજી દયાવિમલજીનું અભિપ્રાય મંગાવ્યો. તેના કાગળ બે કુંવરજીએ લખ્યા. પણ તેનું શ્રી અમદાવાદથી કોઈ અભિપ્રાય આવ્યો નહિ. ને ટીપણા છપાવાની મુદત પુરણ થવા આવી. તે વારે છાપા મુજબ ટીપણા છપાવવાની મુંઝવણ મટાડવા સારું રજા આપી છે, તેથી છપાવ્યા છે. તેમાં સંઘનો વિચાર કાંઈ બંધ પાડેલો નથી. માટે જેમને જે વિચાર કરવો હોય તે સુખેથી કરવો. જે સિદ્ધ થાય તે અમોને પણ અતરે જણાવવું. અમે જેમ સંઘ ઠેરાવશે તે રીતે કરવાને ખુશી છીએ. કોઈ રીતનો આગ્રહ સમજવો નહિ. પરંતુ અમારે મનમાં જે વિચાર થાય છે તે તમોને નીચે મુજબ જણાવીએ છીએ.

સં. ૧૯૨૯ની સાલમાં તથા ૧૯૩૦ની સાલમાં પજુસણ મધે એકમની તથા ચોથની હાનિ આવી હતી. તે ઉપરથી **સં. ૧૯૩૦ની સાલમાં ચોથની હાનિના લીધે જે ત્રીજનું શમછરી પર્વ કરો હતો, તે તો ખુલી રીતે વાજબીજ હતો. પણ આવતા પજુસણમાં ચોથની હાનિ નથી. પાંચમની હાનિ છે. તેથી**

**ત્રીજની હાનિ ગણવી તે ઘણા વિચારભરેલી છે.** પ્રથમ તો તીથ્યાન્તર છે. બીજો ચોથ તિથિ સાબૂત છે, ત્રીજો ત્રીજ તે બીજ પર્વને ઓલંઘી રહી છે. પંચમી પર્વને દૂર છે. ચોથની શમછરી તે પંચમી પર્વને નજીક કાલકસૂરિ મહારાજે આચરેલી છે. કલ્પસૂત્રમાં પહેલી સમાચારીમાં પર્વનું ઓલંઘન નિવાર્યો છે. અને નિસિથસુત્રમાં દશમા ઉદ્દેશે પર્વે પજુસણ કરવા કહી છે. તે બે મારગના મધ્યમાં પર્વને નિકટ કાલકસૂરિ મહારાજે શમછરી પર્વ ચોથનો આચરો છે. તે અમદાવાદના સંઘમાંથી સારાસારા માણસો એકઠા થઈ સાફ દિલથી વિચારીને ઠેરાવ કરવો.

કાગલ માહેલાથી સમાચાર સરવે જાણજો, ને જે ઠેરાવ સિદ્ધ થાય તે અતરે પણ જણાવજો. માટે અમે તે પ્રમાણે કરવાને કંઈ નાખુશી નથી તે જાણજો. વિશેષ શા. કુંવરજી આણંદજી ચોપાનિયામાં છાપશે. તેથી જાણજો. આ કાગળ જ્યાં તમારે વંચાવવો ઘટે ત્યાં વંચાવજો. દેવદર્શન પૂજા આદે કરતાં સંભારજો. સં. ૧૯૫૨ના ચૈત્રસુદ આઠમ વાર રવેઉ. દા.શા. ગુલાબચંદ લાધાના જુવાર વાંચજો. તથા હીરપ્રસનમાં શ્રી હીરવીજે સૂરિજીએ પાંચમના તપ કરનાર આશરીને એવો ખુલાસો આપો છે જે પાંચમનું તપ કરતો હોય તેને તેલાધરથી અઠમ કરવો નહિ, ત્રીજ ચોથ અને પાંચમ એ રીતે અઠમ કરવો. ને કદી તેલાધરથી અઠમ કરો હોય તો છતિ શક્તિએ પાંચમને દિવસે એકાસણું કરવું. ને જો એકસાણાની શક્તિ ન હોય તો પાંચમનું કૃત્ય શરવ ચોથના(માં) શમાવું છે. માટે ચોથના ઉપવાસથી પાંચમનો ઉપવાસ ચાલે. આ તપનો હીરવિજેસૂરિએ દીધેલો ઉત્તર તે પણ વિચારમાં લેવા જેવો છે. જે તેમણે શું આશએ ગ્રહણ કરેલો છે તે વિચારવો. જેમ બહુશ્રુત કરે તે પ્રમાણ.''

## શ્રી વિજયરાજેન્દ્રસૂરિનો પત્ર

''સ્વસ્તી શ્રી પાર્શ્વજિન પ્રણમ્ય શ્રી પાલણપુર નયરથી લી. ભટ્ટારક શ્રી વિજયરાજિન્દ્રસૂરીશ્વરજી શ્રી અમદાવાદ નયરે પં. પ્રતાપવિજયજી યોગ્ય સુખપ્રશ્ન જાણવો. અપ્રંચ તમારો પત્ર ૧) કાલદિને આવો. તે વાંચી સમાચાર વાકબ થયા છૈઈ. જવાબમાં લખવાનું પજુષણમાં પર્વ વિશેમાં કોઈ તિથિ

વધઘટ છે નહિ. બાદ પાંચમનો ક્ષય છે, પરંતુ તેનો કૃત્ય તો વારશીક પર્વમાં સમાઈ ગયું છે. માટે તે પંચમી વર્તવારૂપ નથી. તેથી શાસ્ત્રના આધાર પ્રમાણે તથા ગછપરંપરા પ્રમાણે ભાદરવા સુદ ૪ શુક્રવારી સંવત્સરી કરવી યુક્ત છે. માટે ચારે ઉપાસરાના સાધુ તથા શ્રાવક વગેરે ચતુરવિધ સંઘને ઉપર લખેલ સુદ ૪ શુક્રવારને દિવસ સંવત્સરી ધર્મકૃત્ય કરવું. ને માર્ગાનુસારી જીવોને તો આવા દિવસોમાં સમવ્ર... ધર્મકરણી કરે તેમાં જ લાભ છે. એ જ, તમો સર્વે મરજાદાના જાણ છો, માટે વધારે લખવા જરૂર નથી પાછો પત્ર લખજો. સં. ૧૯૫૨ના આષાઢ સુદ ૧૧ સોમે.''

ઉપા.શ્રી દયાવિજયજી મહારાજે પોતાની પુસ્તિકામાં છાપેલા આ બે પત્રો પર વિચાર કરીએ. પહેલો પંન્યાસશ્રી ગંભીરવિજયજી મહારાજનો પત્ર તમે પણ વાંચ્યો. તેમાં લખ્યું છે કે

''તે પરતને વિષે (એટલે કે શ્રી તત્ત્વતરંગિણી પ્રતમાં) પજુસણની તિથિની હાનિવૃદ્ધિનો ખુલાસો હોય તેમ જણાતો નથી. તે અમારી સારી પેઠે વાંચેલી છે. તેમાં બાર તિથિની સાધારણ રીતે હાનિ વૃદ્ધિનો ચર્ચાવાદ ઘણું છે. તેમ કોઈ બીજા ગ્રંથોની સાક્ષી વિશેષ નથી. એક બે શ્લોક તે પ્રવર્તન મેં તિથિની હાનિ વૃદ્ધિના વિશે કહેવાય છે. ઉમાસ્વાતિ મહારાજના કહેલા તેટલા જ માત્ર આધારથી ઘણી ચર્ચા કરેલી છે. તેમાં પજુસણ આશરીનું હોય તેમ જણાતું નથી.''

આજે આપણી પાસે 'તત્ત્વરંગિણી' ગ્રંથ છે. તેમાં લખેલ તિથિવિષયક ચર્ચાને તપાગચ્છના મૂર્ધન્ય આચાર્યોએ લવાદી ચર્ચામાં પણ આધાર તરીકે સ્વીકારી છે. ઇતિહાસમાં જો કે એવો ઉલ્લેખ મળે છે કે 'ઉત્સૂત્રકન્દકુદ્દાલ' નામના ગ્રંથની સાથે 'તત્ત્વતરંગિણી' ગ્રંથને પણ જલશરણ કરવામાં આવ્યો હતો. આમ છતાં આજ સુધી અવસરે અવસરે તત્ત્વતરંગિણીનો આધાર પૂર્વના મહાપુરુષોથી માંડીને આજના મહાપુરુષો સુધીના સૌએ આપ્યો છે.

જૈન પરંપરાનો ઈતિહાસ ભાગ-૩ની વિ.સં. ૨૦૫૯ની નવી આવૃત્તિમાં એક ટિપ્પણી દાખલ કરી નવા સંપાદક આ.શ્રી ભદ્રસેન સૂ.મ.એ તત્ત્વતરંગિણીને અપ્રામાણિક ઠરાવવાની ચેષ્ટા કરી છે. જલશરણ કરવાનો ઈતિહાસ જાહેર હોવા છતાં તિથિ વિષયક લવાદી ચર્ચામાં તત્ત્વતરંગિણીનો છૂટથી ઉપયોગ થયો છે. બન્ને પક્ષ તરફથી આ ગ્રંથ પર વિવરણો લખાયા છે. તેના પુસ્તકો પણ છપાયા છે. ક્યાંય 'આ ગ્રંથ અપ્રામાણિક છે' એવી નોંધ કોઈ પુસ્તકમાં લેવામાં આવી નથી. આ ઈતિહાસ જાહેર હોવા છતાં નવા સંપાદકશ્રીએ પોતાની ટિપ્પણીમાં લખ્યું છે કે 'જે ભ. વિજયદાનસૂરિને પૂજ્ય માનતા હોય તે સૌ વિવેકીએ સમજવું જોઈએ કે ક્લેશજનની 'તત્ત્વતરંગિણી'ના આધારે નવી તિથિ વ્યવસ્થા કરવા પ્રયત્ન કરવો તે સંઘને માટે હાનિકારક પ્રવૃત્તિ છે.' આવું લખીને તેઓ એમ ઠસાવવા માંગે છે કે તત્ત્વતરંગિણીના આધારે નવી તિથિ વ્યવસ્થા થઈ રહી છે. જોકે આ સંપાદકશ્રીએ પોતાની આ વાત શ્રીસાગરજી મહારાજને સમજાવવાની જરૂર હતી જેથી તેઓ તત્ત્વતરંગિણીને અપ્રમાણ માની તેનો આધાર ન લે. પણ બધા જાણે છે કે સંપાદકશ્રીની આ નવી પંડિતાઈનો સ્વીકાર ખુદ શ્રી સાગરજી મહારાજે પણ નથી કર્યો. જો એક આડ વાત લઈએ તો 'જૈન પરંપરાનો ઈતિહાસ ભાગ-૩ની પહેલી આવૃત્તિમાં ઘંટાકર્ણ અંગે આ ગ્રંથના સર્જક ત્રિપુટી મહારાજે પોતાનો બહું સ્પષ્ટ અભિપ્રાય છાપ્યો હતો. માણિભદ્રજી અને ઘંટાકર્ણ યક્ષ વચ્ચેનો ભેદ તેમણે કોઈની પણ શરમ રાખ્યા વિના નિર્ભયતાથી જાહેર કર્યો હતો. આ નવા સંપાદક શ્રી આ. શ્રી ભદ્રસેન સૂ.મ.એ વિ.સં. ૨૦૫૯ની સાલમાં છાપેલી જૈન પરંપરાનો ઈતિહાસ ભાગ-૩ની બીજી આવૃત્તિમાં ઘંટાકર્ણનું આખું લખાણ જ ઉડાવી દીધું છે. ત્રિપુટી મહારાજના અવાજને દબાવી દેવાની તેમની આ અનધિકૃત ચેષ્ટા અક્ષમ્ય છે. આની વિગતવાર વાત તો વળી કોઈક અવસરે. પરંતુ હમણાં તો આ સંપાદકશ્રીને માફક આવે તે ઉમેરી દેવાનું અને ન માફક આવે તેને ઉડાવી દેવાની જે કુટેવ પડી છે તેનો આ એક નમૂનો જ બતાવ્યો છે. તિથિ ચર્ચાને પૂરી સમજ્યા વિના જ ટિપ્પણી કરવા કૂદી પડો તો કેવા બેહાલ થાય તેનો આ એક યાદ રાખવા જેવો નમૂનો છે.

પં. શ્રી ગંભીર વિજયજી મ.એ પણ પોતાના લખાણમાં 'તેમાં (તત્ત્વતરંગિણીમાં) બાર તિથિની સાધારણ રીતે હાનિ વૃદ્ધિનો ચર્ચાવાદ ઘણું છે' એમ લખીને તત્ત્વતરંગિણીમાં જણાવેલ ક્ષય-વૃદ્ધિ બાર તિથિ માટે પણ લાગું પડે છે તેનો સ્પષ્ટ સ્વીકાર કર્યો જ છે.

બીજી વાત એ પણ જાણવા મળે છે કે કુંવરજી આણંદજીએ છપાવેલા પંચાંગમાં તે વખતે ચોથ-પાંચમ ભેગા છાપ્યા હતા. ભાદરવા સુદ પાંચમનો તે વખતે (વિ.સં. ૧૯૫૨માં) ક્ષય હતો એટલે સ્વાભાવિક જ છે કે ભાદરવા સુદ ૪ + ૫ ભેગા છપાય. પૂ.આ.શ્રી રામચંદ્ર સૂ.મ. ઘોડિયામાં સૂતા હતા તે સમયે આ રીતે છપાતું આવ્યું છે. છતાં આજે પં. શ્રી ગંભીર વિ.મ. અને પં. કુંવરજી ભાઈએ છપાવેલી પદ્ધતિને પૂ.આ.શ્રી રામચંદ્ર સૂ.મ.ની માન્યતા કહેવામાં આવે છે તે કેવી નાદાની કહેવાય !

પં. શ્રી ગંભીર વિજયજી મ. એ ભાદરવા સુદ-૫ના ક્ષયે ભાદરવા સુદ-૩નો ક્ષય કરવો કેટલો અનુચિત છે તેનું પણ યુક્તિયુક્ત લખાણ કર્યું છે. તેનો આજે બરાબર અભ્યાસ કરવામાં આવે તો 'ભાદરવા સુદ-૫ના ક્ષયે ત્રીજનો ક્ષય કરવો એ નવો મત છે. ભાદરવા સુદ-૫ના ક્ષયે ભાદરવા સુદ ૪ + ૫ ભેગા કરવા એ પ્રાચીન મત છે' આ વાત સિદ્ધ થશે. પછી આટલા બધા આચાર્યો ભાદરવા સુદ-૫ના ક્ષયે ભાદરવા સુદ-૩નો ક્ષય કરે છે તે જ જૂનો મત છે અને ભાદરવા સુદ-૫ના ક્ષયે ભાદરવા સુદ ૪ + ૫ ભેગા કરનારા બે તિથિવાળાએ નવો મત ચલાવ્યો છે વગેરે અસત્ય પ્રચારોમાં જોડાવાનું મન નહિ થાય.

અને હીરપ્રશ્નનો પં. શ્રી ગંભીરવિજયજી મ.એ જે શબ્દોમાં ઉલ્લેખ કર્યો છે તે પણ ધ્યાનમાં લઈએ તો હીરપ્રશ્નનો અર્થ પણ કદાગ્રહ વિના કેવો થાય છે તેનું પણ જ્ઞાન થાય તેમ છે.

આપણે અગાઉ ઉદયપુરમાં શ્રી ઝવેરસાગરજી મહારાજે શ્રી પૂજ્યની ઉટપટાંગ માન્યતાને કડક શબ્દોમાં દાબી દીધેલી તે જોયું હતું. અહીં છપાયેલો

બીજો પત્ર શ્રી પૂજ્ય વિજય રાજેન્દ્ર સૂરિજીનો છે. તેમણે પં. શ્રી પ્રતાપવિજયજી મ.ને જવાબ આપતા ભાદરવા સુદ-પનો જ ક્ષય માન્ય રાખ્યો છે. અને સંવત્સરી ભાદરવા સુદ-૪ને શુક્રવારે કરી છે. તેમણે ભાદરવા સુદ-૫ ના ક્ષયે ભાદરવા સુદ-૩ નો ક્ષય કલ્પવાની નવી પ્રવૃત્તિને જરાય સમર્થન આપ્યું નથી. ઉપરથી પોતાના વર્ચસ્વવાળા ચાર ઉપાશ્રયોમાં શુક્રવારની સંવત્સરી કરવાનું જ ફરમાન કર્યું છે.

વાચકોને ખાસ યાદ અપાવું છું કે આપણે અત્યારે વિ.સં. ૧૯૫૨ની સાલની ચર્ચા નથી કરતા. વિ.સં. ૧૯૮૯ની સાલમાં જે રીતે વિ.સં. ૧૯૫૨ની સાલની ઘટનાને યાદ કરવામાં આવી હતી તેની વાત કરીએ છીએ. એટલે ૧૯૮૯ સુધી તો બધાની વિચારણા આજે જેને બે તિથિ કહેવામાં આવે છે તેને અનુરૂપ જ હતી.

હવે તમને આશ્ચર્યનો આંચકો લાગે તેવી વાત છે. વિ.સં. ૧૯૯૧-૯૨માં પણ સંવત્સરી પહેલા કેવાં વિધાનો થયાં હતાં તે જુઓ. ફક્ત આઠ-બાર મહિના પહેલા માન્યતા કઈ અને આઠ-બાર મહિના પછી એ જ માન્યતા નવો મત બની જાય ! આવા જાદુગરના ખેલ ખરેખર થયા છે. અહીં તમને પુસ્તક, અંક, તેના લેખક વગેરે સાથે વિગતવાર જણાવું છું. એ બધું જોતા તમને લાગશે કે તિથિનો પ્રશ્ન ખરેખર કોણે ભડકાવ્યો છે અને કોણે ગૂંચવ્યો છે ? આજે જેટલો તેનો હાઉ ઊભો કરવામાં આવે છે તે ચોક્કસ સાધુઓથી બધાને દૂર રાખવાની એક ચાલબાજી હતી તેવું તમે જ બોલી ઊઠશો.

હવે વાત આપણી અંતની નજીક આવી ગઈ છે. વિ. સં. ૧૯૯૨-૯૩ થી સંઘભેદની બૂમાબૂમ શરૂ કરવામાં આવે છે એટલે આપણે તે પહેલાની વાત જ સંઘભેદના અનુસંધાનમાં જોઈ રહ્યા છીએ. જોકે તે પછી પણ તિથિચર્ચા તો ચાલતી જ રહી. વચમાં લવાદીચર્ચાઓ પણ ગોઠવાઈ. બધા સમુદાયના વડવાઓએ એમાં બહું રસ લીધો હતો. (આજે તેમના જ વારસદારો 'તિથિચર્ચા નકામી છે' એવો દેકારો મચાવીને પોતાના પૂર્વજોને નકામી ચર્ચા

કરનાર તરીકે ચીતરે છે. ગુરુભક્તિની આવી પંડિતાઈ તેઓ કઈ પોથીમાંથી શીખ્યા તે તેઓને પૂછવું જોઈએ.) આજે પણ તિથિચર્ચા ચાલુ જ છે. આટલા વર્ષમાં કંઈક વહેણો બદલાઈ ગયાં. જેમના વડવાઓ સાચી તિથિ આરાધવાનું ગૌરવ લઈને ટટ્ટાર વિચરતા હતા તેમના જ વારસદારો એ સાચી તિથિનું નામ પડતા શરમના માર્યા લાજી મરે છે. તિથિને વગોવીને તરભાણું ભરવામાં હમણાં ઘણા વ્યસ્ત બની ગયા છે, છોડો એ વાતને !

પર્વતિથિની ક્ષય વૃદ્ધિ થઈ શકે તેવી માન્યતા એકતિથિ - બે તિથિ પક્ષ પડ્યાના થોડાક જ મહિના પહેલા એકતિથિ પક્ષના આગેવાન આચાર્યશ્રી કેવી જોરદાર ધરાવતા હતા તેની ઝલક જોઈ લઈએ. શ્રી સાગરજી મહારાજ તરીકે પ્રસિદ્ધ આચાર્યદેવ શ્રી સાગરાનંદ સૂ. મ. ના સાહિત્યને પ્રગટ કરતું એક પાક્ષિક તે સમયે ચાલતું હતું, એનું નામ હતું : સિદ્ધચક્ર, એમાં જુદા જુદા વિભાગોની સાથે શ્રી સાગરજી મહારાજ એક પ્રશ્નોત્તરનો વિભાગ પણ લખતા હતા. તેમાં પર્વતિથિની ક્ષયવૃદ્ધિ અંગેના પ્રશ્નો પણ છે. તેમાંથી આપણે મહત્ત્વના બે ચાર પ્રશ્નોત્તરો જોઈએ.

"**પ્રશ્ન :** બીજ પાંચમ આદિનો ક્ષય અને વૃદ્ધિ શ્રી જૈનશાસ્ત્ર પ્રમાણે હોય કે નહિ ?

**સમાધાન :** શ્રી સ્થાનાંગસૂત્ર તથા સૂર્યપ્રજ્ઞપ્તિ આદિ સૂત્રો અને જ્યોતિષ કરંડક આદિ પ્રકરણોને અનુસારે સાફ સાફ જણાય છે કે બીજ પાંચમ આદિ પર્વતિથિઓનો ક્ષય હોઈ શકે છે, પણ તિથિઓની વૃદ્ધિ થવાનો પ્રસંગ ઓછો છે છતાં ક્ષય અને વૃદ્ધિ પ્રસંગો નિયત છે."

(સિદ્ધચક્ર પાક્ષિક વર્ષ : ૪, અંક : ૧, પૃ. ૭, વિ. સં. ૧૯૯૧, આસો પૂનમ)

"**પ્રશ્ન :** સામાન્ય રીતે જૈન જનતામાં કહેવાય છે કે બીજ, પાંચમ, અગીયારસ, ચૌદશ, અમાવસ્યા અને પૂર્ણિમા જે પર્વતિથિઓ તરીકે ગણાય છે તેનો ક્ષય હોય નહિ એ હકીકત શું સત્ય છે ?

**સમાધાન :** જ્યોષ્કિરંડક, સૂર્યપ્રજ્ઞપ્તિ અને લોકપ્રકાશ આદિ શાસ્ત્રોને જાણનારો મનુષ્ય એમ કહી શકે નહિ કે જૈનશાસ્ત્ર પ્રમાણે બીજ આદિ પર્વતિથિનો ક્ષય હોય નહિ, કેમકે તેમાં અવમરાત્રિ એટલે ઘટવાવાળી તિથિઓ, બીજ, પાંચમ વગેરે ગણાવી છે. વળી જો પર્વતિથિઓનો ક્ષય ન થતો હોય તો क्षये पूर्वातिथिः कार्या એવો શ્રી ઉમાસ્વાતિજીનો પ્રઘોષ પણ હોત નહિ.''

(સિદ્ધચક્ર પાક્ષિક વર્ષ : ૪, અંક ૪, પૃ. ૯૪, વિ. સં. ૧૯૯૨ કાર્તિક અમાસ)

''**પ્રશ્ન :** પર્યુષણની થોયમાં વડા કલ્પનો છઠ્ઠ કરીને એ વગેરે વાક્યો આવે છે. તો કલ્પસૂત્રને દહાડે છઠ્ઠનો બીજો ઉપવાસ જ આવવો જોઈએ, એવી રીતે છઠ્ઠ કરવો એમ ખરું કે ? અને આ (વિ. સં. ૧૯૯૧માં) વરસમાં છઠ્ઠ ક્યારે કરવો ?

**સમાધાન :** શ્રીહીરસૂરિજી મહારાજે દીધેલા અને શ્રીકીર્તિવિજયજી મહારાજે સંગૃહીત કરેલા હીરપ્રશ્નોત્તરમાં ચતુર્દશી અમાવસ્યા કે પ્રતિપદા આદિની વૃદ્ધિમાં છઠ્ઠ ક્યારે કરવો. એવા પ્રશ્નના ઉત્તરમાં ચોક્ખા શબ્દથી જણાવે છે કે આ પર્યુષણના કલ્પ સંબંધી છઠ્ઠ કરવામાં કોઈ પણ તિથિઓના નિયમને માટે આગ્રહ કરવો નહિ. અર્થાત્ બે ચૌદશો હોય તો પહેલી બીજી ચૌદશનો પણ છઠ્ઠ થાય, બે અમાવસ્યા હોય તો તેરશ ચૌદશનો છઠ્ઠ થઈ (પહેલી અમાવસ્યાએ પારણું કરી) બીજી અમાવસ્યાએ એકલો ઉપવાસ થાય. અને બે પડવા હોય તો તેરશ ચૌદશનો છઠ્ઠ થઈ, અમાવાસ્યાએ પારણું આવી પહેલે પડવે એકલો ઉપવાસ થાય.''

(સિદ્ધચક્ર પાક્ષિક, વર્ષ : ૩, અંક : ૨૧, પૃ. ૫૦૭, વિ. સં. ૧૯૯૧, શ્રાવણ પૂનમ)

**પ્રશ્ન :** જૈન ટીપણાને અભાવે લૌકિક ટીપણાને આધારે તિથિઓ મનાય છે કે પહેલા પણ મનાતી હતી ?

**સમાધાન :** પ્રાચીન ગ્રંથોમાં જે એમ લખે છે કે હમણાં જૈન ટીપણું નથી એ ઉપરથી કેટલાકો એમ કહે છે કે પહેલાં જૈન ટીપણું પ્રવર્તતું હતું. પણ મૂળ સૂત્રોમાં અષાઢ આદિ મહિનાનો અને પડવા આદિ તિથિઓનો વ્યવહાર હોવાથી પ્રથમ પણ વ્યવહાર લૌકિક ટીપણાને અંગે હોવો જોઈએ એમ કહી શકાય.''

(સિદ્ધચક્ર પાક્ષિક, વર્ષ : ૫, અંક : ૭, પૃ. ૧૫૨)

આ બધાં અવતરણો સિદ્ધચક્ર પાક્ષિકના જૂનાં અંકોનાં છે તેથી પૃષ્ઠ સંખ્યા પણ તેમાંની સમજવી. હમણાં તેની નવી આવૃત્તિ પણ છપાઈ છે. તેમાં પૃષ્ઠ સંખ્યા અલગ પણ હોઈ શકે. જો લખાણમાં પણ ફેરફાર હોય તો, અથવા નવી ટિપ્પણીઓ હોય તો તેની તપાસ કરી લેવી. મુદ્દે વાત શ્રી સાગરજી મહારાજની પોતાની તે સમયની માન્યતાની છે. તેઓશ્રી તે સમયે જે જે ગ્રંથોનું પ્રકાશન - વાચન આદિ કરી રહ્યા હોય તેના પદાર્થો તેમના મનમાં રમતા હોય. પ્રશ્નોત્તરીમાં પણ એ પદાર્થોની છાયા આવી શકે છે. શ્રી સાગરજી મહારાજના ઉપરના ત્રણ વિધાનો તો પૂ. આ. શ્રી વિજય રામચન્દ્ર સૂ. મ. આદિ બે તિથિ પક્ષના ગણાતા ધુરંધર આચાર્ય ભગવંતોએ પોતાનો કોઈ અભિપ્રાય જાહેર ન હોતો કરેલો તે સમયનો છે. એટલે સ્વાભાવિક રીતે જ તે સમયે પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ અંગે જે માન્યતા ચાલતી હોય તે જ લખાણમાં અવતરે. અથવા તો પોતાના સંશોધનમાં કંઈ નવી વાત આવી હોય તો તે વાત લખાય.

આપણે આગળનો ઈતિહાસ જોયો તે મુજબ પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ થાય જ નહિ તેવી માન્યતા શ્રી પૂજ્યો ધરાવતા હતા અને પર્વતિથિની પણ ક્ષય-વૃદ્ધિનો સ્વીકાર સંવેગી મહાત્માઓએ કર્યો છે તેથી નવા સંશોધનરૂપે કોઈ વાત આવવાની સંભાવના જણાતી નથી. ખરેખર તો વિ. સં. ૧૯૫૨માં ભાદરવા સુદ ૫ના ક્ષયે ત્રીજનો ક્ષય કરનારા શ્રી સાગરજી મહારાજ હતા. છતાં વિ. સં. ૧૯૯૧-૧૯૯૨ની સાલમાં તેઓ ગ્રંથોના નામોલ્લેખ સાથે કેવા વિશ્વાસથી પર્વતિથિનો ક્ષય સ્વીકારી રહ્યા છે ? કદાચ શાસ્ત્રના

ઉલ્લેખોએ તેઓશ્રીમાં આ શ્રદ્ધા પ્રગટાવી હશે? પાછળથી એ જ શ્રી સાગરજી મહારાજ પર્વતિથિનો ક્ષય થાય જ નહિ તે માટે જોરદાર પક્કડ રાખીને બેઠા હતા તે ઈતિહાસ છાનો નથી. અત્યારે આપણે એ બધી વાતને અડતા નથી. હમણાં તો ઉપરના વિધાનમાં સાગરજી મહારાજે શ્રી ઉમાસ્વાતિજી મહારાજના પ્રઘોષ બાબતમાં, શ્રી હીરપ્રશ્નના અર્થઘટન બાબતમાં, લૌકિક ટીપણાની ચર્ચામાં અને પર્વતિથિની ક્ષયવૃદ્ધિની બાબતમાં જે કુદરતી (સામે ચર્ચા કરનાર કોઈ હોય તો વાત પક્કડ ઉપર પણ ચાલી જાય તેથી ક્યારેક કદાગ્રહી મત વ્યક્ત થઈ જાય. શાસ્ત્ર વાચનથી જે કુદરતી શ્રદ્ધા પ્રગટે છે તેમાં આ જોખમ રહેતું નથી) મંતવ્ય દર્શાવ્યું છે તેના પર આપણે એક નજર કરી લઈએ.

'સિદ્ધચક્ર' નામના પાક્ષિકમાં શ્રી સાગરજી મહારાજે જે વિધાનો સાહજિકરૂપે કર્યા છે તે સમયે આજની કહેવાતી એકતિથિ - બેતિથિની ચર્ચાનો ઉદ્ભવ જ નહોતો થયો. જૈનતિથિ અને જૈનેતર તિથિના નામનું નવું ગતકડું આજે જે રીતે જોરમાં વહેતું મૂક્યું છે તેનો છેદ ખુદ શ્રી સાગરજી મહારાજ પોતાના પ્રશ્નોત્તર વિભાગમાં ઉડાડે છે. વિ. સં. ૧૯૯૨ થી સંઘમાં તિથિનો વિવાદ શરું થયો તેવો અસત્ય પ્રચાર મોટાભાગના અબુધ માણસો સાચો માનીને બેસી ગયા છે. પર્વતિથિ બે કદી હોય જ નહિ, તેનો કદી ક્ષય પણ હોય જ નહિ, આવી વાતોને વિ. સં. ૧૯૯૨ પહેલા ખુદ શ્રી સાગરજી મહારાજ જ પ્રશ્નોત્તરના માધ્યમે ખોટી કહે છે.

વિ. સં. ૧૯૯૧ના આસો પૂનમના 'સિદ્ધચક્ર'ના અંકમાં છપાયેલ પ્રશ્નોત્તરને વિચારીએ. ત્યાં પ્રશ્ન કર્યો છે : 'બીજ, પાંચમ આદિનો ક્ષય અને વૃદ્ધિ શ્રી જૈનશાસ્ત્ર પ્રમાણે હોય કે નહિ?' આ પ્રશ્ન દ્વારા એવું સ્પષ્ટ થાય છે કે બીજ-પાંચમ વગેરે પર્વતિથિઓની ક્ષય-વૃદ્ધિ લૌકિક પંચાંગમાં તો આવે જ છે પરંતુ જૈનશાસ્ત્ર પ્રમાણે પર્વતિથિની ક્ષયવૃદ્ધિ હોય કે નહિ? એટલે આજે બાંધે ભારે એવી વાત કરવામાં આવે છે કે લૌકિક પંચાંગમાં પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ આવે પણ આપણે તો તેમાં સંસ્કાર આપવા જ પડે કારણ કે

જૈનશાસ્ત્ર મુજબ પર્વતિથિની ક્ષયવૃદ્ધિ હોય નહિ. આમાં તથ્યાંશ કેટલો છે તે શ્રી સાગરજી મહારાજના જવાબમાં તેમના જ શબ્દોમાં વાંચો.

શ્રી સાગરજી મહારાજ આ પ્રશ્નના ઉત્તરમાં જણાવે છે કે "શ્રી સ્થાનાંગસૂત્ર તથા સૂર્યપ્રજ્ઞપ્તિ આદિ સૂત્રો અને જ્યોતિષ કરંડક આદિ પ્રકરણોને અનુસારે સાફ સાફ જણાય છે કે બીજ, પાંચમ આદિ પર્વતિથિઓનો ક્ષય હોઈ શકે છે. પણ તિથિઓની વૃદ્ધિ થવાનો પ્રસંગ ઓછો છે છતાં ક્ષય અને વૃદ્ધિ પ્રસંગો નિયત છે."

અહીં શ્રી સાગરજી મહારાજ શાસ્ત્રોના નામોલ્લેખ સાથે સાફ સાફ જણાવે છે કે પર્વતિથિઓનો ક્ષય હોઈ શકે છે. ક્ષય અને વૃદ્ધિ પ્રસંગો નિયત છે. વિ. સં. ૧૯૯૧ના આસો મહિને એકતિથિ-બેતિથિનો જન્મ જ નો'તો થયો તે વખતે શાસ્ત્ર અને પરંપરા જે હતી તેનું જ નિરુપણ થયું છે. ચર્ચા જ ન હતી તેથી કદાગ્રહનો કોઈ સ્પર્શ આ નિરુપણને થયો નથી. વિ. સં. ૧૯૯૨ પછી એક પ્રકારનો કદાગ્રહ બંધાઈ જતા પોતે જ લખેલી આ વાતનો સ્વીકાર શ્રી સાગરજી મહારાજ કરી શકતા ન હતા.

એકવાર તો પૂ. આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મ. એ તિથિચર્ચાના સંબંધમાં લવાદીચર્ચા પહેલા જ કહેલું કે સાહેબ, સિદ્ધચક્ર પાક્ષિકમાં આપે જ લખેલ પર્વતિથિની ક્ષયવૃદ્ધિનો સ્વીકાર કરતા આ પેરેગ્રાફની નીચે આપણા બન્નેની સહી કરીને જાહેર કરીએ કે 'અમારા બંનેની આ માન્યતા છે' તો આજે ચાલી રહેલો બધો વિવાદ શમી જાય. શ્રી સાગર મહારાજે તે વખતે હસીને કહેલું : તું મારા કાંડાં કપાવવાની વાત કરે છે ? ત્યારે જવાબમાં પૂ. રામચંદ્ર સૂ.મ.એ પણ એ જ હળવાશથી કહ્યું હતું કે સાહેબ, એ તો જ્યારે લખ્યું ત્યારથી કાંડાં કપાયેલાં જ કહેવાય.

નોંધપાત્ર ઘટના એ છે કે શ્રી સાગરજી મહારાજે વિ. સં. ૧૯૫૨ની સાલમાં ભાદરવા સુદ ૫ નો ક્ષય સ્વીકાર્યો ન હતો. એ પાંચમના ક્ષયને બદલે તેમણે ભાદરવા સુદ ૩નો ક્ષય કલ્પીને સંવત્સરી આખા સંઘથી અલગ પડીને ખોટા

દિવસે કરેલી. આ જ શ્રી સાગરજી મ. વિ. સં. ૧૯૯૧ની સાલમાં આસો પૂનમે પર્વતિથિના ક્ષયનો જૈનશાસ્ત્ર પ્રમાણે સ્વીકાર કરે છે અને પછી વિ. સં. ૧૯૯૨માં એટલે કે ગણતરીના મહિનામાં પાછો પર્વતિથિની ક્ષયવૃદ્ધિનો ઠોકીને નિષેધ કરે છે. જેને છેવટ સુધી બરાબર પકડી રાખે છે. થોડા મહિનાના અંતરે થયેલો આ માન્યતા ફેર તો જોયો પણ દોઢ મહિનામાં જ ફરી આ અંગેનો પ્રશ્ન જુદી રીતે ઉપડ્યો અને તેનું જે સમાધાન અપાયું તે પણ જરા જોવા જેવું તો ખરું !

'સિદ્ધચક્ર' પાક્ષિકના વિ. સં. ૧૯૯૧, આસો પૂનમનો પ્રશ્નોત્તર જોયા પછી ફક્ત દોઢ મહિના બાદ જ ફરી પાછો 'પર્વતિથિનો ક્ષય હોય કે નહિ' તેવો પ્રશ્ન વિ. સં. ૧૯૯૨ના કાર્તિક અમાસના અંકમાં છપાયો અને તેનો ઉત્તર પણ અપાયો. આપણે તેને ફરીથી જોઈએ.

પ્રશ્ન એવો પૂછાયો કે 'સામાન્ય રીતે જૈન જનતામાં કહેવાય છે કે બીજ, પાંચમ, અગિયારસ, ચૌદશ, અમાવસ્યા અને પૂર્ણિમા જે પર્વતિથિઓ તરીકે ગણાય છે તેનો ક્ષય હોય નહિ એ હકીકત શું સત્ય છે ?' તમે જો પહેલાનો પ્રશ્નોત્તર ધ્યાનથી વાંચ્યો હશે તો તમને તરત જ ધ્યાનમાં આવશે કે એ પ્રશ્નોત્તરમાં શ્રી સાગરજી મહારાજે પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ થઈ શકે તેવો સ્પષ્ટ સ્વીકાર કર્યો છે. સાક્ષી તરીકે જણાવેલ શ્રી સ્થાનાંગસૂત્ર, શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિસૂત્ર અને જ્યોતિષ કરંડકના આધારે તેમને પર્વતિથિની વૃદ્ધિ પુરવાર કરવી કઠીન જણાઈ હશે તેથી આ પ્રશ્નમાં વૃદ્ધિને સાચવીને પડતી મુકાઈ છે. ફક્ત ક્ષયની જ ચર્ચા પાછી ઉપાડી છે.

ઉત્તરમાં શ્રી સાગરજી મહારાજ જણાવે છે કે 'જ્યોતિષ્કરંડક, સૂર્યપ્રજ્ઞપ્તિ અને લોકપ્રકાશ આદિ શાસ્ત્રોને જાણનારો મનુષ્ય એમ કહી શકે નહિ કે જૈનશાસ્ત્ર પ્રમાણે બીજ આદિ પર્વતિથિનો ક્ષય હોય નહિ, કેમકે તેમાં અવમરાત્રિ એટલે ઘટવાવાળી તિથિઓ બીજ, પાંચમ વગેરે ગણાવી છે.' આજે ઉદિતતિથિ અને જૈનતિથિનું ગતકડું હાંકનારાઓને શ્રી સાગરજી મહારાજે વિ. સં. ૧૯૯૨ના કાર્તિક અમાસે કેવો જડબાતોડ જવાબ આપ્યો

છે ! જૈનશાસ્ત્ર પ્રમાણે પર્વતિથિનો ક્ષય હોવાનું તેઓશ્રીએ જોરદાર પ્રતિપાદન કર્યું છે. હજી આગળ વાંચો ‘વળી જો પર્વતિથિઓનો ક્ષય ન થતો હોય તો ‘ક્ષયે પૂર્વાતિથિઃ કાર્યા’ એવો શ્રી ઉમાસ્વાતિજીનો પ્રઘોષ પણ હોત નહિ.’ અહીં શ્રી સાગરજી મહારાજ કબૂલ રાખે છે કે ક્ષયે પૂર્વાનો પ્રઘોષ પર્વતિથિના ક્ષય માટે છે. આના પરથી એ પણ સિદ્ધ થાય છે કે વૃદ્ધૌ કાર્યા તથોત્તરા। એવુ પ્રઘોષનું બીજું ચરણ પણ પર્વતિથિની વૃદ્ધિ માટે છે. આમ શ્રી સાગરજી મહારાજ શ્રી ઉમાસ્વાતિજી મહારાજના પ્રઘોષને પર્વતિથિની ક્ષયવૃદ્ધિ માટે હોવાનો નિખાલસ એકરાર કરે છે, સાથે દૃઢ પ્રતિપાદન કરે છે. એકતિથિ - બે તિથિ એવા પક્ષોનું કોઈ જ અસ્તિત્વ ન હતું ત્યારે શ્રી સાગરજી મહારાજે આજની ‘બે તિથિની માન્યતા’ કહીને વગોવવામાં આવતી શાસ્ત્રીય માન્યતાનું આવું જોરદાર નિરૂપણ કર્યું હતું. શ્રી સાગરજી મહારાજના આ નિરૂપણને બધા જ તપાગચ્છના સમુદાયો માન્ય રાખી લે તો તિથિનો કોઈ ઝઘડો અસ્તિત્વમાં જ ન રહે. આટલું વાંચ્યા પછી તો દરેક માણસને ખ્યાલ આવી શકે છે કે ખરેખર તિથિનો વિવાદ શેના કારણે ચાલુ રહે છે ? બે તિથિ પક્ષે કદાગ્રહ છોડવાનો છે કે કદાગ્રહ એક તિથિ પક્ષે છોડવાનો છે ? પર્વતિથિની ક્ષય-વૃદ્ધિનો સ્વીકાર ચાલી આવતો હતો તેનો ઈન્કાર કોણ કરે છે ? અમાન્ય કોણ રાખે છે ? આ વાત કોઈના પર ઠોકી બેસાડવા માટે નથી, સત્ય ક્યાં છૂપાયું છે તેનો નિર્દેશ કરવા માટે આ વાત છે. દિલ, દૃષ્ટિ અને દિમાગ ખુલ્લા રાખીને જોવા-વિચારવા ને શ્રદ્ધા રાખવાનું કાર્ય થાય તો વ્યામોહ ક્યાંય થાય તેમ નથી. શ્રી ઉમાસ્વાતિજી ભગવંતનો ક્ષયેપૂર્વા ને વૃદ્ધૌ ઉત્તરાનો પ્રઘોષ પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ માટે છે — એવું પૂ. આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વર મહારાજાએ નવું પ્રતિપાદન નથી કર્યું. શ્રી સાગરજી મહારાજ વગેરે પણ આવું જ પ્રતિપાદન કરતા હતા. ખરેખર તો ‘પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ ન થાય’ તેવું નવું પ્રતિપાદન થવાના કારણે તિથિનો આખો ઝઘડો કહો તો ઝઘડો ને વિવાદ કહો તો વિવાદ ઉભો થયો છે. હાલમાં જોરમાં ચાલતા પ્રચારના ઘોંઘાટથી જરાક ઉપર આવો અને આ બધો ઈતિહાસ તપાસો તો તમને કોઈ દ્વિધા રહે તેવી નથી.

'સિદ્ધચક્ર' પાક્ષિકમાં વિ. સં. ૧૯૯૧ના શ્રાવણ પૂનમના અંકમાં 'પર્યુષણામાં તિથિની વૃદ્ધિ આવે તો છઠ્ઠ ક્યારે કરવો' તેવા પ્રશ્નના સમાધાનમાં શ્રી સાગરજી મહારાજે શ્રી હીરપ્રશ્નના પ્રશ્નોત્તરનું અર્થઘટન કર્યું છે તેમાં પર્વતિથિની વૃદ્ધિનો એકદમ સહજતાથી સ્વીકાર કર્યો છે. તેઓશ્રી સમાધાનમાં લખે છે કે 'શ્રી હીરસૂરિજી મહારાજે દીધેલા અને શ્રી કીર્તિવિજયજી મહારાજે સંગ્રહીત કરેલા હીરપ્રશ્નોત્તરમાં ચતુર્દશી, અમાવસ્યા કે પ્રતિપદા આદિની વૃદ્ધિમાં છઠ્ઠ ક્યારે કરવો, એવા પ્રશ્નના ઉત્તરમાં ચોખ્ખા શબ્દથી જણાવે છે કે આ પર્યુષણના કલ્પ સંબંધી છઠ્ઠ કરવામાં કોઈ પણ તિથિઓના નિયમને માટે આગ્રહ કરવો નહિ' હવે આનો ખરેખર પરમાર્થ શું થાય, તેના અર્થઘટનને સ્પષ્ટ કરતા આગળ લખે છે કે 'અર્થાત્ બે ચૌદશો હોય તો પહેલી બીજી ચૌદશનો પણ છઠ્ઠ થાય. બે અમાવસ્યા હોય તો તેરસ ચૌદશનો છઠ્ઠ થઈ (પહેલી અમાવસ્યાએ પારણું કરી) બીજી અમાવાસ્યાએ એકલો ઉપવાસ થાય અને બે પડવા હોય તો તેરશ ચૌદશનો છઠ્ઠ થઈ, અમાવાસ્યાએ પારણું આવી પહેલે પડવે એકલો ઉપવાસ થાય.'

આમાં પહેલી-બીજી ચૌદશ, પહેલી-બીજી અમાવસ્યાનો સ્પષ્ટ સ્વીકાર કર્યો છે. શ્રી હીરપ્રશ્નમાં લખેલ પર્વતિથિની વૃદ્ધિનો અર્થ પહેલી પર્વતિથિ અને બીજી પર્વતિથિ જ થાય. આ અર્થનો સ્વીકાર વિ. સં. ૧૯૯૧ની શ્રાવણ પૂનમે શ્રી સાગરજી મહારાજે કર્યો છે. 'પર્વતિથિ કદી બે હોય જ નહિ, પર્વતિથિ બે હોવાનું લખનારા શ્રી હીરસૂરિ મહારાજા અને શ્રી સાગરજી મહારાજ બે તિથિવાળા કહેવાય' આવું કોઈ ઝનૂન ત્યારે કોઈનામાં ન હતું. કારણ કે તે સમય ૧૯૯૧નો હતો. વિ. સં. ૧૯૯૨થી આ જ પ્રતિપાદન પોતાના વડીલવર્યો સાથે પૂ. આ. શ્રી. વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ કર્યું એટલે તેમને 'બે તિથિવાળા' કહીને વગોવવા માંડ્યા અને શ્રી હીરસૂરિ મહારાજાને બે તિથિવાળા કહે તો પૂ. આ. શ્રી રામચંદ્ર સૂ.મ.ના પ્રતિપાદનનું વજન વધી જાય એટલે શ્રી હીરપ્રશ્નના એ પ્રશ્નોત્તરોનાં અર્થઘટનો બદલી નાંખવામાં આવ્યાં. આ બધું કેટલી હદે યોગ્ય છે ? શાંતિથી વિચારવું જોઈએ. શ્રીહીરપ્રશ્ન કે શ્રી સેન પ્રશ્નના તિથિ સંબંધી પ્રશ્નોત્તરોનો સાહજિક અર્થ જે

રીતે શ્રી સાગરજી મહારાજે ઉપર મુજબ કર્યો તે રીતે જ એ કરવામાં આવે તો તપાગચ્છમાં તિથિપ્રશ્ન જેવી વસ્તુ જ ન ઉદ્‌ભવે.

શ્રી સાગરાનંદસૂરિ મહારાજે જૈન ટીપણા અને લૌકિક ટીપણા અંગે પોતાનું મંતવ્ય 'સિદ્ધચક્ર'માં રજું કરેલું આપણે જોયું તેના પર પણ જરા વિચાર કરવો જોઈએ.

સિદ્ધચક્ર પાક્ષિક, વર્ષ : ૫, અંક : ૭, પૃ. ૧૫૨ પર શ્રી સાગરજી મહારાજે લૌકિક પંચાંગથી ચાલતા વ્યવહાર અંગે પોતાનું મંતવ્ય રજું કરતો પ્રશ્નોત્તર લખ્યો છે. જોકે આ પ્રશ્ન વિ. સં. ૧૯૯૨ પછીનો છે છતાં પણ વિચારણીય છે. પ્રશ્ન એવો લખાયો છે કે "જૈન ટીપણાને અભાવે લૌકિક ટીપણાને આધારે તિથિઓ મનાય છે કે પહેલા પણ મનાતી હતી ?" આ પ્રશ્નનો ભાવ એવો થયો કે વર્તમાનમાં લૌકિક ટીપણાને આધારે તિથિઓ મનાય છે તે જૈન ટીપણાનો અભાવ છે માટે કે જૈન ટીપણું હતું ત્યારે પણ લૌકિક ટીપણાને આધારે જ તિથિઓ મનાતી હતી.

આ પ્રશ્નનો શ્રી સાગરજી મહારાજ ઉત્તર આપતા કહે છે : "પ્રાચીન ગ્રંથોમાં જે એમ લખે છે કે 'હમણાં જૈન ટીપણું નથી' એ ઉપરથી કેટલાકો એમ કહે છે કે પહેલાં જૈન ટીપણું પ્રવર્તતું હતું. પણ મૂળ સૂત્રોમાં અષાઢ આદિ મહિનાનો અને પડવા આદિ તિથિઓનો વ્યવહાર હોવાથી પ્રથમ પણ વ્યવહાર લૌકિક ટીપણાને અંગે હોવો જોઈએ એમ કહી શકાય."

આપણે પહેલા જોઈ ગયા હતા કે વિ. સં. ૧૪૮૬માં પૂ. પં. શ્રી હર્ષભૂષણ ગણિવરે 'શ્રી પર્યુષણા સ્થિતિવિચાર' નામના ગ્રંથમાં જૈન ટીપણાનો વિચ્છેદ થયાની વિગત લખી, તેના અભાવે ભાંગ્યા-તુટ્યા તે ટીપણાના આધારે આઠમ-ચૌદશ આદિ તિથિ કરવાથી સૂત્રોક્ત થતી નથી માટે સર્વ પૂર્વના ગીતાર્થ સૂરિવરોએ આરાધના અને મુહૂર્તના કાર્યોમાં લૌકિક ટીપણું પ્રમાણભૂત માન્યું છે. એવા ભાવનું વિધાન સ્પષ્ટ કર્યું હતું. એટલે તેનો અર્થ એવો થયો કે જૈન ટીપણું વિચ્છેદ ન ગયું હોય તેવા સમયમાં તે જૈન ટીપણાના આધારે પૂર્વાચાર્યો

તિથિઓનો વ્યવહાર કરતા હોવા જોઈએ. પણ અહીં શ્રી સાગરજી મહારાજ જૈન ટીપણાની હાજરીમાં પણ લૌકિક ટીપણાના આધારે વ્યવહાર હોવો જોઈએ એવું મતવ્ય રજુ કરી રહ્યા છે. તેમનું આ મંતવ્ય પંદરમી શતાબ્દિમાં રચાયેલાં 'શ્રી પર્યુષણા સ્થિતિવિચાર' ગ્રંથના સ્પષ્ટ મંતવ્ય પછી કેટલું ઉચિત છે તે સૌ ગીતાર્થો માટે વિચારણીય છે.

હવે આપણે વિષયનો ઉપસંહાર કરીએ. અત્યાર સુધીના શાસ્ત્રપાઠો અને ઐતિહાસિક આધારો જોયા એના આધારે એટલું તો સમજાય છે કે 'પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ થાય' આ માન્યતા પ્રાચીન છે. આને નવો મત કહીને વગોવવો એ પ્રગટ મૃષાવાદ છે. અને "પૂ. આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ 'પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ કરવાનો' નવો મત બે તિથિના નામે શરૂં કર્યો છે, બે તિથિનો મત કાઢી સંઘમાં ભેદ ઉભો કર્યો છે. સંઘભેદ નામનું પાપ તેઓશ્રીએ આચર્યું છે." — આવું માનનારા, પ્રચારનારા અઢાર પાપસ્થાનમાંના તેરમા 'અભ્યાખ્યાન' નામના પાપને આચરનારા બને છે. એવું સૌ કોઈ સમજી શકશે. આમાં મતાગ્રહના ઝનૂન સિવાય કોઈ વિશેષ પરિબળ કામ કરતું જણાતું નથી. સાચા ઈતિહાસ અને શાસ્ત્રાધારોથી અજાણ માણસ વર્તમાનમાં ચાલી રહેલ અસત્ય પ્રચારના ઢોલ - નગારાના અવાજમાં તણાઈને ફોગટના મૃષાવાદ અને અભ્યાખ્યાન નામના પાપનો ભોગ ન બને એટલા માટે જ આ બધો અલગ - અલગ પુસ્તકોમાં પથરાયેલો ઈતિહાસ અહીં એક સાથે મળી રહે તે માટે ભેગો કર્યો છે.

શ્રી હંસસાગરજી મહારાજ કે શ્રી નરેન્દ્રસાગરજી મ. તરફથી છપાયેલી પત્રિકાઓ વગેરેમાં 'પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ ન થાય' તેવા પાઠો જે શાસ્ત્રોના નામે મૂક્યા છે તેની સત્યતા પૂરવાર થતી ન હોવાથી તિથિવિવાદની લવાદી - ચર્ચામાં નિર્ણય આપનારા પુનાના પરશુરામ વૈદ્યે તે આધારોને શાસ્ત્રાભાસ જણાવ્યા હતા. મધ્યસ્થ બનેલા વૈદ્ય ફૂટી ગયા છે — તેવા શોર-બકોરમાં ઘણા માણસો કદાચ એ વાતનો સ્વીકાર કરવા તૈયાર ન થાય. એ બધા પુણ્યાત્માઓ માટે બીજો એક આધાર આજે પણ વિદ્યમાન છે. એક તિથિ પક્ષના ધુરંધર

ગણાતા આચાર્ય ભગવંત શ્રી નંદનસૂરીશ્વરજી મ. પણ એ 'આધારો' માટે કેવો અભિપ્રાય ધરાવતા હતા તે જાણવા માટે તેમના સ્મારક ગ્રંથમાં આ વિષય માટે જે શબ્દો વપરાયા છે તે અક્ષરશઃ અહીં ઉતારું છું.

પુસ્તકનું નામ છે : **આચાર્ય શ્રી વિજય નંદનસૂરિ સ્મારક ગ્રંથ.** સંપાદક છે : રતિલાલ દીપચંદ દેસાઈ. એના પ્રકાશક છે; શ્રી વીશાનીમા જૈન સંઘ - ગોધરા, પ્રકાશન વર્ષ છે : વિ. સં. ૨૦૩૪, કારતક, નવેમ્બર ૧૯૭૭. આ પુસ્તકના ૯૧મા પાને 'વાત્સલ્યનિધિ સંઘનાયક' વિભાગમાં લખ્યું છે કે

**"પાંચમના ક્ષયે ત્રીજનો ક્ષય કરવાના જે પાઠો રજુ કરાય છે, તે પાનાંઓ ૧૯૫૨માં આત્મારામજી મહારાજને, સાગરજી મહારાજને, મોહનલાલજી મહારાજને, પં. પ્રતાપવિજય ગણી મહારાજને, પં. ગંભીરવિજયજી મહારાજને વગેરેને કોઈને કોઈ પણ પુસ્તક - ભંડારમાંથી મળ્યા નહિ. તેમ જ ૧૯૬૧માં તથા ૧૯૮૯માં પણ તે પાનાં સાગરજી મહારાજને પણ મળ્યાં નહિ; પણ જ્યારે ૧૯૯૨માં ભાદરવા સુદિ બે પાંચમ આવી અને એક બીજો પક્ષ બે પાંચમ માનનાર તરીકે જાહેર થયો, (પ્રિય વાચક, અત્યાર સુધીનો ઈતિહાસ અને શાસ્ત્રપાઠો જોયા છે તેથી આ બીજા પક્ષ વાળી વાતનો જવાબ તમે જાતે આપી શકશો. એટલે અહીં વિશેષ વિવરણ નથી કરતો.) ત્યારે જ આ પાનાં — જે ૧૯૫૨ થી ૧૯૯૨ સુધીનાં વચલાં ચાલીશ વર્ષના ગાળામાં કોઈને ન મળ્યાં, ખુદ સાગરજી મહારાજને પણ ન લાધ્યાં, તે પાનાં — એકાએક ચાલીશ વર્ષે બહાર જાહેરમાં આવ્યાં, એ પણ એક વસ્તુ જરૂર વિચાર માગે છે."**

આ લખાણ એટલું સ્પષ્ટ છે કે એમાં વધુ લખવાની જરૂર નથી લાગતી. જો કે આ પુસ્તકની સામે સાગરપક્ષ તરફથી પણ કલમ ઉઠાવવામાં આવી હતી. પણ એક વાત નક્કી કે કહેવાતાં પાનાંઓ શંકાસ્પદ છે એવું એક તિથિ પક્ષ પણ માને છે.

આ સમગ્ર વિચારણા સત્ય સુધી પહોંચવા માટે છે. કોઈને પરાણે ઠોકી બેસાડવા માટેની આ વાત નથી. ખુલ્લી આંખે, ખુલ્લા હૃદયે, મધ્યસ્થ બુદ્ધિથી આ

ઈતિહાસ અને શાસ્ત્રોને જોશો, વિચારશો તો 'બે તિથિનો મત નવો નીકળ્યો, તેણે જ સંઘમાં ભેદ પાડ્યો છે, આજના બધા ક્લેશના મૂળમાં બે તિથિ છે, બે તિથિવાળાને તમારા સંઘમાં ચોમાસુ કરાવશો તો તમારા સંઘના બે ભાગલા થઈ જશે, તમારા ઘરમાં પણ વિખવાદ ઉભો થશે' આવી બધી ફેલાવાતી ભ્રમણાઓનો કદી ભોગ નહિ બનો. ચોક્કસ વર્ગના આ કુપ્રચારમાં તણાશો તો નહિ જ, પણ કોઈ તણાઈ રહેલો દેખશે તો એને આ બધી માહિતી આપી ઉગારી શકશો. મૂળભૂત શાસ્ત્ર અને પરંપરાથી ચાલી આવેલ તિથિ આરાધનાના માર્ગને અનેક પ્રચંડ પડકારોનો સામનો કરીને સુરક્ષિત રાખનારા પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા અને તેઓશ્રીના વડીલવર્યો, ગુરુવર્યો આદિની માર્ગરક્ષાની જો તમે અનુમોદના કરી શકો તો બહું સારી વાત છે. જો અનુમોદના ન કરી શકો તો પણ તેઓશ્રી વિશે અસત્યપ્રચાર કરીને કે તેવા પ્રચારને ટેકો આપીને તમે આશાતનાના પાપમાં ન પડો તેવી આશા તો જરૂર રાખું.

અહીં પર્વતિથિના ઈતિહાસ વિશે જે પણ માહિતી આપી છે તે બધાં પુસ્તકોનો પરિચય પૂરી વિગત સાથે આપ્યો છે. વાચકો એ પુસ્તકો મેળવીને જોઈ શકે છે. તિથિના વિષયમાં મહાપુરુષો વચ્ચે એકબીજા સાથે થયેલ પત્રવ્યવહાર જે હજી પ્રગટ થયો નથી પણ મેં વાંચ્યો છે તેને તો હજી આમાં સ્થાન આપ્યું જ નથી. પૂ. બાપજી મ., પૂ. લબ્ધિ સૂ.મ., પૂ. પ્રેમ સૂ.મ. આદિના અપ્રગટ પત્રો જો તમે વાંચો તો બે તિથિ વિશેનો તમારો અણગમો બાષ્પીભવન થઈને ઉડી જાય તેમ છે.

અને હા, આ બધો ઈતિહાસ અને આધારો તો મારી નજરે ચઢ્યા એટલા જ આમાં સમાયા છે. એ સિવાયના હજી જુદા જુદા સાહિત્યમાં પથરાઈને પડેલા આધારો તો બાકી જ રહે છે. આટલી યાદ આપવા સાથે આ વિષયને અહીં સમેટી લઉં છું...